સદ્ગુણી હેમંતકુમારી.

સૌ૦ કૃષ્ણાગૌરી.

VIRTUOUS HEMANT KUMARI
BEING A STORY ON HINDU
SOCIAL REFORM

BY

MRS. K. H. RAWAL,

Campbell Scholar (1892), Female
Training College, Ahmedabad;
Head Mistress, Lady Reay Girls'
School Lunawada, Rewakantha.

REVISED BY

HIRALAL VIDYARAM RAWAL,

(Member of the Social Conference).

Ahmedabad.

Printed at the Ahmedabad United Printing
and General Agency Company "Limited"
Press, By RANCHORELAL GANGARAM.

A. D. 1899.

Price 12 Annas.

"To lift the woman's fall'n divinity
Upon an even pedestal with man."

Tennyson.

" સ્ત્રી જાતની અધોગતિ પામેલી ઈશ્વરી મહત્તાને પુરુષના જેટલીજ ઉંચી પંક્તિએ પહોંચાડવા પ્રયત્ન કરવો એ જીવિતનું કર્ત્તવ્ય છે."

(ટેનીસન.)

(હરિગીત.)

સહુ સુંદરી નિજ નિર્મળા શીલે સુકુળ અજુવાળવા,
સત્સંગતે રહૉ સર્વથા અજ્ઞાન ઉરનું ટાળવા;
શિક્ષા તણો ગ્રહૉ રંગ અંગ ઉમંગથી સુખ પામવા;
પ્રીતે સુનીતિ ગ્રંથ વાંચો વ્હેમ મનના વામવા. ૧

૭૪૫૨

સદ્‌ગુણી હેમંતકુમારી.

સંસાર સુધારાની વારતા.

કર્ત્તા

સૌ૦ કૃષ્ણાગૌરી રાવળ.

ફેલ્લોશિપ સ્કૉલર (૧૮૯૨) ફિમેલ ટ્રેનિંગ કૉલેજ
અમદાવાદ.

હેડમિસ્ટ્રેસ, લેડી રે ગર્લ સ્કૂલ. લુણાવાડા-રેવાકાંઠા.

સંશોધક

હિરાલાલ વિદ્યારામ રાવળ.

(સોશ્યલ કૉન્ફરન્સના સભાસદ)

સંવત ૧૯૫૫ ઈ. સન ૧૮૯૯

કિમ્મત બાર આના.

(હરીગિત.)

સૌ સજ્જને નિજ પુત્રીને શિક્ષા સમર્પો સુધારવી;
સુવિચાર શુભ આચાર સદ્દ્વ્યવહારમાંહિ વધારવી;
જેથી સુપંથે સંચરી આનંદમાં દિન ગાળશે;
હેમંતકુંવરી સમ સુલક્ષણું લઈ કુળ અજુવાળશે. ૧

——:•:——

अर्पणपात्रिका.

(શાર્દૂલવિક્રીડિત વૃત.)

જે જે સુગ્ન સુશીલ સુંદરી સદા સદ્ધર્મ પાળે સહી,
રાખે માન વડીલનું પતિતણી વાણી ઉથાપે નહિ;
હેતે રેહ હળીમળી વળી સગાં સૌશું ભલાઇ ગ્રહી,
તે તે શાણી સુબ્હેનાને સમરપે આ ગ્રંથ કૃષ્ણા સહી. ૧
જે જે ભામિની ભાવથી ભલી વિધે સેવે સદા શારદા,
ખંતે ઉત્તમ ગ્રંથ વાંચી વિચરે પંથે રૂડે સર્વદા;
ને કોડે કરી કેળવે સ્વશિશુને શિક્ષા સુપેરે દઈ,
તે તે શાણી સુબ્હેનીને સમરપે આ ગ્રંથ કૃષ્ણા સહી. ૨

(દોહરા.)

આ હેમંતકુમારિની, વાંચી સર્વે વાત;
સાર માત્ર ઉર ધારશો, થઈ હૃદયે રળિયાત. ૧
અબળા કેળવણી લઈ, લખ્યો લેખ સુખકાર;
નિજ અનુભવ ઉદ્દગારનો, કર્યો કંઈક વિસ્તાર. ૨
તેને આશ્રય આપશે, સજ્જન ને શ્રીમાન;
સદ્દવિદ્યા સન્માનનું, થાશે કાર્ય મહાન. ૩

क. घ.

सद्गुणी हेमन्तकुमारी.

અનુક્રમણિકા.

પ્રસ્તાવના.

(મ્હારી વિદ્યાર્થી સ્થિતિ અને આ પુસ્તક પ્રકટ કરવાનો હેતુ.)

(વસન્તતિલકાવૃત્ત.)

જ્યાં ભોજરાજ કુળના નૃપતિ બિરાજે;
જ્યાં પારુષી અહુરમજદની‡ કીર્તિ ગાજે;
તે રમ્યપૂર* નગરે બહુ વાસ કીધો,
રાજ્યાશ્રયે અધિક શારદ લાભ લીધો. ૧

વિક્રમ જેવા પરદુઃખ ભંજન અને ભોજ જેવા વિદ્યોત્તેજક રાજાના પરમાર વંશમાં ઉત્પન્ન થએલા સંસ્થાન સુંથ–રામપુર (રેવાકાંઠા) ના પરલોકવાસી મહારાજાશ્રી પ્રતાપસિંહે પરમકૃપાળુ રાજતેજોમયી શ્રીકૈસર–એ–હિન્દ વિક્ટોરિયાની જુબિલિની યાદગીરી પોતાના રાજ્યમાં હંમેશને માટે કાયમ રાખવા, સન ૧૮૮૭ના એપ્રિલ માસમાં ‘ વિક્ટોરિયા જુબિલિ કન્યાશાળા ’ ની સ્થાપના કરી. તે વખતે મ્હારા પતિના હાથ નીચે હું મદદનીશ શિક્ષક નીમાઈ હતી. દુર્ભાગ્યે મ્હારાં માતુશ્રી મ્હારી બાલ્યાવસ્થામાં સ્વર્ગવાસી થએલાં હોવાથી, તેમજ સ્ત્રીકેળવણીનો પ્રસાર આ તરફ ઘણો ઓછો હોવાથી; માતપિતાને ત્યાં હું કશું શીખેલી નહોતી. મારા પતિ સ્ત્રીકેળવણી તરફ ઘણો પ્રેમ રાખતા હોવાથી, જ્યારથી હું ત્હેમના સહવાસમાં આવી, ત્યારથી તેમણે મને ખાનગી શિક્ષણ આપવા માંડ્યું અને નોકરીમાં દાખલ

‡ ખા. બા. હોરમસજી આ. પટેલ. * સુંથ-રામપુર.

થયા પછી એટલે જુબિલિ વર્ષેથી વિદ્યાવૃદ્ધિ કરવાની મને તક મળી. તે વખતે અહિંના દિવાનજીની પદવીપર પરોપકારી ખાનબહાદુર હોરમસજી આદરજી પટેલ હતા. તેમણે મારા પતિનો સ્ત્રીકેળવણી પ્રત્યે પ્રેમ અને ઉત્સાહ જોઈ અમને તે સંબંધમાં બનતી મદદ આપવા જણાવ્યું; અને શીવવા ભરવાનું તથા ગુંથવાનું કામ શીખવવા માટે તેમનાં પત્નિને ભલામણ કરી. તે ઉપરથી નિત્ય થોડીવાર મેં કૃપાળુ બાઇ સાહેબ ડોશીબાઈ પાસે જવાનો નિયમ રાખ્યો. એવી રીતે કેટલાએક માસ સુધી એ માનવન્તાં બાઇએ મને પોતાની પુત્રી સમાન ગણીને બનતી મહેનતે શીવવા ભરવાનું કામ શીખવ્યું હતું. હમણાં મને તે સંબધી જે કાંઇ જ્ઞાન છે તે બધો પ્રતાપ મિસિસ ખાન બહાદુર હોરમસજી પટેલનો છે.

સન ૧૮૮૯ની શરૂઆતમાં રેવાકાંઠાના તે વખતના પોલીટીકલ એજન્ટ મહેરબાન જે. એમ. કેમ્બેલ સાહેબના હાથે અંહીની કન્યાશાળાનું મકાન ખુલ્લું મૂકાવવાની ક્રિયા થઈ. તે વખતે સર્વે પ્રજાને ઘણો આનંદ થયો હતો. એ પ્રસંગે કન્યાશાળાના મકાનમાં જે મેળાવડો અને ભાષણો થયાં, તેમાં મહારાજા સાહેબે જણાવ્યું કે—સ્ત્રી કેળવણીના ઉત્તેજનાર્થે રૂપિઆ દશની 'કેમ્બેલ સ્કૅાલરશિપ' સ્થાપવામાં આવેછે. એ સ્કૅાલરશિપથી પ્રથમ જે સ્ત્રી અમદાવાદ ફિમેલ ટ્રેનિંગકૅાલેજમાં જઈ અભ્યાસ કરી આવશે, તે આ સ્કૂલમાં મુખ્ય શિક્ષકનું કામ કરશે.

આ વખતે મેં મન સાથે વિચાર કર્યો કે ઉપરની સ્કૅાલરશિપ મેળવી અમદાવાદ જવા જો તૈયાર નહિં થાઉં તો વધારે અભ્યાસ કરવાનો આવો સરસ અવસર ફરી હાથ

આવવો મુશ્કેલ છે. આ ટાંકણુપર જિલ્લાના ડેપ્યુટી એજ્યુ-કેશનલ ઇન્સ્પેક્ટર મરહુમ રાવસાહેબ રેવાશંકર ત્રિપુરાશંકર દવે વાર્ષીક પરીક્ષા કરવા આવેલા હતા. તેમણે મને "સ્કૉલરશિપ" અપાવવા ભલામણ કરી, તે સરકારમાં મંજુર થઈ એટલે મ્હારે ત્યાં જવાનો ઠરાવ થયો.

તે વખતે મેં લુણાવાડા અને સુંથ--રામપુર શિવાય અન્ય સ્થળ નહિં જોએલું હોવાથી, અમદાવાદ જેટલે છેટે જવું એ મ્હારે મન તો ઇંગ્લાન્ડ જવા બરાબર હતું અને તેથી હું વિચારમાં પડી ગએલી હતી. પણ મરહુમ સૌ. ડૉક્ટર આનંદીબાઈ જોષીના પતિ જેમ તેમને શીખવવાને ઘણા આતુર હતા, તેજ પ્રમાણે મને વધારે અભ્યાસ કરાવવા મ્હારા પતિનો અત્યાગ્રહ હોવાથી, સન ૧૮૮૯ ની વર્ષા-ઋતુમાં, પુનમ નદીના જોસબંધ વહેતા પાણીમાં* ગોધરા (પંચમહાલ) ના રેલવેસ્ટેશન તરફ મેં ચાલવા માંડયું. મ્હારા પતિ મને કૉલેજમાં દાખલ કરાવવા જોડે આવેલા હતા. અમદાવાદમાં મહાલક્ષ્મી ફીમેલ ટ્રેનિંગકૉલેજના મહેરબાન મિસિસ આર. મેકેરી લેડી સુપ્રિન્ટેન્ડેન્ટ સાહેબને મળી મારા પતિએ કૉલેજની અંદર મારે રહેવાની ગોઠવણ કરી. તે વખતે કૉલેજની બૉરડીંગમાં કુલીન હિંદુઓની જૂજ કન્યા જોવામાં આવી, પણ દેશી ખ્રિસ્તીઓની બાળાઓ વિશેષ હતી. મારા પતિ પ્રાર્થનાસમાજી હોવાથી સર્વે ધર્મ પ્રત્યે તેમની સમાન દૃષ્ટિ હોવા છતાં, જ્યારે તેમણે

---

* વડોદરા ફીમેલ ટ્રેનિંગસ્કૂલમાં શીખનારી અહિંઆની એક સ્કૉલર, દિવાળીના તહેવારોની રજા ઉપર ઘેર આવતાં પુનમ નદીમાં તણાઈ જઈ મૃત્યુ શરણ થઈ હતી.

જોયું કે મારે ઘણો વખત અપરિચિત ખ્રિસ્તી કન્યાઓના સહવાસમાં રહેવું પડશે, ત્યારે તેમના અંતઃકરણને જરા ઉદ્વેગ જેવું થયું. પણ એ લોકો સદ્‌વિદ્યા અને સત્સંગત વડે હાલ જે સ્થિતિયે છે, તેનો વિચાર કરી આવા અજાણ્યા સ્થળમાં અને અજાણ્યાં માણસમાં મને એકલી મૂકી ત્યાંથી વિદાય થયા. પ્રથમ તેઓનું મન જરા પાછું ફર્યું પણ ઇશ્વરી સહાયતાથી અંતઃકરણ દૃઢ કરી ઘટતે ઠેકાણે મારી ભલામણ કરી.

દયાળુ ઇશ્વર નિરંતર પોતાના ભક્તોને સહાય કરે છે. મ્હારા પતિ જ્યારે સન ૧૮૮૪-૮૫માં અમદાવાદ ટ્રેનિંગ-કૉલેજમાં વિદ્યાભ્યાસ કરતા હતા, ત્યારે પ્રત્યેક રવિવારે પરમેશ્વરની પ્રાર્થના કરવા સમાજમાં તેઓ જતા હતા. મરહુમ રાવસાહેબ મહીપતરામભાઈ જેવા પવિત્ર પુરુષો પોતાના શિષ્યોને સુનીતિ તથા સદ્ધર્મનું જ્ઞાન આપવા ઘણા ઉત્સાહી હતા, તેથી તેમના તરફનો તે લાભ મેળવવા મ્હોટા વિદ્યાર્થીઓનો પહેલો વર્ગ તે વખતેજ સ્થાપન થયો હતો. તેમાં મ્હારા પતિ, પોતાના થોડાએક સહાધ્યાયી મિત્રો સાથે દાખલ થયા હતા. દર રવિવારે રાવસાહેબ મહીપતરામભાઈ તથા રાવબહાદુર ભોળાનાથભાઈ સદ્ધર્મ અને સુનીતિનું શિક્ષણ આપતા હતા. તેમાં મારા પતિનું સારૂં લક્ષ હોવાથી, સન ૧૮૮૪ ના પ્રાર્થનાસમાજના વાર્ષિક વૃતાન્તમાં રાવસાહેબે તે બાબતની નોંધ લઈ સંતોષ દેખાડયો હતો. એટલુંજ નહિં પણ તેમને સમાજ તરફનાં દશ સારાં પુસ્તકો બક્ષીસ મોકલાવ્યાં હતાં. દૃઢ શ્રદ્ધા અને વિશ્વાસ રાખ્યાથી પરમેશ્વરે મ્હારા પતિને તે વખતે એવી સન્મતિ

આપી કે તે વિકટ સમયમાં ગૃહસંસાર સુધારવા તથા ઉછરતી આર્ય બ્હેનોમાં શિક્ષણની વૃદ્ધિ કરવાના શુભ હેતુથી તેઓ મને એકલી મૂકી જવાને સામર્થ્યવાન થયા.

સને ૧૮૯૦ની આખરીએ સ્ત્રી-શિક્ષણ પાઠશાળામાં રહેનારી દેશી ખ્રિસ્તી અને હિંદુ સ્ત્રી-સ્કૉલરો વચ્ચે રસોડાને લગતી એક નજીવી બાબત ઉપરથી મ્હોટો ઝઘડો ઊભો થયો. તે વાતે એટલું બધું ભયંકર રૂપ પકડ્યું કે- આખા હિન્દનાં તે વખતનાં ઘણાંક વર્તમાનપત્રોમાં એ વિષે જોસબંધ લખાણો આવવા માંડયાં. જ્ઞાતિજનો તરફથી અમારે ઘણું સાંભળવું પડયું. લેડી સુપ્રિન્ટેન્ડેન્ટ તરફથી હિંદુ સ્કૉલરો તરફ સખ્તાઈ થઈ અને પરિણામે મ્હોટું નુકશાન એ થયું કે તે વર્ષની વાર્ષિક પરીક્ષા, બૉરડીંગમાં રહેનાર હિંદુ સ્ત્રી-સ્કૉલરોની લેવાઈ નહિં અને એક વર્ષ નકામું ગયું. હું જ્યારે કૉલેજમાં શીખતી હતી ત્યારે મહેરબાન લેડી સુપ્રિન્ટેન્ડેન્ટ સાહેબ મ્હારા ઉપર પ્રીતિભાવ રાખતાં હતાં, પણ એક હિંદુ સ્કૉલર તરીકે ખ્રિસ્તી બ્હેનો સામેની તકરારમાં બધાંની સાથે મ્હારે પણ સામેલ રહેવું પડયું હતું એટલે મ્હારૂં એક વર્ષ નકામું ગયું. એ વિષેનો વિચાર આવતાં મ્હને દિલગીરી ઊપજેછે. પણ હવે એ ગઇ ગુજરી સ્થિતિ વિષે અત્રે વધારે લખવું મને ઠીક લાગતું નથી; પણ એથી કહેવાનું એ કે વિદ્યા મેળવતાં આમ એક સ્ત્રીજાતિને પણ વિપત્તિ વેઠવી પડેછે. એ ધર્મયુદ્ધમાં કોનો વાંક હતો તે નિર્ણય કરવાનું આ સ્થળ નથી.

હું ટ્રેનિંગ કૉલેજમાં દાખલ થઈ ત્યાર પછી કેટલોક

વખત નિર્ગમન થયા પછી પાછળના ભાગમાં મારાં જેઠાણી (મુરબ્બી છગનલાલ વિ. રાવળનાં પત્નિ) સૌ૦ **પ્રસન્નબાઇ** કે જેઓ મ્હારા કરતાં વયે જરા ન્હાનાં છે તેમને વધારે અભ્યાસ કરવાની ઇચ્છા થવાથી તેઓ પણ ઘરના ખર્ચે કૉલેજમાં દાખલ થયાં. પણ તેમની પ્રકૃતિ સારી રહી નહિં. એ અરસામાં મ્હારે પણ સંસારિક અડચણથી થોડા માસ અમો બંનેને શહેરમાં રહેવા જવાની જરૂર પડી અને તે વખતે એવો પ્રસંગ * આવ્યો કે અમારા કુટુમ્બ મંડળમાંથી મારાં કૈલાસવાસી પૂજ્ય પવિત્ર ગંગાસ્વરૂપ સાસુજી **ઝવેર-બાઈ** તથા મારા મુરબ્બી સસરાજી વગેરે અમારી ખબર લેવા **અમદાવાદ** આવ્યાં. આ વખતે હમો તાજપુરમાં રહેતાં હતાં. અમારે ત્યાં, ઘરનાં બધાં ભરાએલાં હોવાથી ઘણા સર સામાનની જરૂર પડી. જગતકર્ત્તા દયાળુ પરમેશ્વરે કૈલાશવાસી સૌ. ડૉક્ટર **આનંદીબાઇને** હજારો માઇલ દૂર, દરિયાપારના (અમેરિકાના) દેશોમાં જ્યારે મિસેસ **કાર્પેન્ટરબાઇ** જેવાં મેળવી આપ્યાં હતાં, તો પછી મ્હારે તો આ સ્વદેશ હતો. **અમદાવાદમાં** અમારા માનવન્તા સંબંધવર્ય વડીલ તૂલ્ય રાવસાહેબ **રણછોડલાલ ગંગારામ** દવેએ તથા ગંગાસ્વરૂપ પૂજ્ય માતુશ્રી તૂલ્ય સૌ૦ **કાશીબાઇએ** અમારા આખા કુટુમ્બની સંભાળ લીધી. તે બધાંનો જેટલો ઉપકાર માનીએ તેટલો થોડો છે. એ ભાવિક કુટુમ્બમંડળે અમારા પ્રત્યે જે મમતા અને વિવેક દર્શાવ્યો, તે એટલો બધો ભારે હતો કે તેમનો બદલો અમારાથી વાળી શકાશે નહિં.

---

*ચી. મુકુંદનો જન્મ, તારીખ ૨૩-૯-૯૨ શુક્રવાર, પ્રાત:કાળ.

કૉલેજમાં મ્હારી સહાધ્યાયી બ્હેનપણીઓએ અને સર્વે શિક્ષકોએ મ્હારી સાથે જે સભ્યતા અને પ્રેમ દર્શાવ્યાં હતાં તે હજુ સુધી મને યાદ આવે છે. મુરબ્બી હેડમાસ્ટર રા. રા. હરિવલ્લભદાસ મોરલીધરે શીખવવામાં તથા કામકાજના સંબંધમાં વખતો વખત મને તથા મ્હારા પતિને ઘટતી સલાહ અને મદદ આપેલી છે તેથી આ તકે હું તેમનો પણ ઉપકાર માનું છું. મ્હારી જોડે શીખનારી મ્હારી પ્રિય બ્હેનો સાથેની નિર્દોષ રમત ગમત, તથા કૉલેજનું સુંદર શાંત સ્થળ અને તે વખતની સુખી વિદ્યાર્થી અવસ્થા, એ બધું મ્હને હજુ ઘણું યાદ આવે છે. આવી સ્ત્રીઓની મ્હોટી પાઠશાળામાં ફક્ત નોકરીનેજ માટે નહિં પણ પોતાના ગૃહસંસારના સુધારા માટે–ભવિષ્યની પ્રજાની ઉન્નતિના અર્થે વિશેષ અભ્યાસ કરવા હું મારી બીજી ન્હાની બ્હેનોને ભલામણ કરૂં છું.

ત્રણ વર્ષ ઉપરાંતની લાંબી મુદત સુધી મને કૉલેજનો અનુભવ થયો હતો. મ્હારી સાથે શીખનાર સ્ત્રી સ્કૉલરોમાંથી કેટલીક ઘણી વાતે સુખી હતી, પણ મ્હારે કહ્યા શિવાય ચાલતું નથી કે મ્હારી કેટલીએક હિંદુ બ્હેનપણીઓનો ગૃહસંસાર દુઃખમય હતો. તેમનાં માબાપે દુષ્ટ રૂઢિ બંધનને વશ થઇ પોતાની ભણેલી અને ચંચળ છોડીઓના જે વર જોયા હતા તે એવા હતા કે તેમને લેખન વાંચનનું જ્ઞાન પણ ભાગ્યે જ હતું. કોઇને સહી કરતાં પણ ભાગ્યે જ આવડતી હતી, કોઈ ભિક્ષાવૃત્તિ કરતા હતા, તો કોઈ ઉતરતા પ્રકારના અન્ય ઉદ્યોગમાં લાગેલા હતા. એ પ્રમાણે ગુણ અને જ્ઞાનનું કજોડું જોતાં, તે વખતથીજ મારૂં અંતઃકરણ શોકાકુલ રહેતું, પણ હું રંક અબળા શું કરી

શકું ? મ્હારી એવી દુર્ભાગ્ય બ્હેનપણીઓના જેવું દુઃખ ભવિષ્યમાં કેળવણી લેનાર સુપાત્ર કન્યાઓને ન ભોગવવું પડે, એ રીતનો જ્ઞાતિમાં ને દેશમાં ઘટતો સુધારો કરવાનું મુખ્ય કામ સબળ કેળવાએલા પુરૂષ વર્ગનું છે. સ્વર્ગસ્થ દેશસુધારક કરશનદાસ મૂળજી અને રા. સા. મહીપતરામ રૂપરામ વગેરે ગયા પછી કેટલાકો કુંભકર્ણની અઘોર નિદ્રામાં પડેલા છે. તે મ્હારા વડીલ હિંદુસુધારકોને વિનંતિ કરૂં છું કે, તેમણે સ્ત્રીજાતિની દાઝ દિલમાં ધરી, બનતી ત્વરાથી ઘટતા યત્નો કરવા જાગૃત થવાની જરૂર છે.

કૉલેજ છોડયા પછી સન ૧૮૯૩ ના એપ્રિલ માસથી સુંથ–રામપુર વિક્ટોરિયા જુબિલિ કન્યાશાળામાં મુખ્ય શિક્ષકની જગાએ મ્હારી નેમણુંક થઈ અને સન ૧૮૯૮ ના જૂન માસમાં લુણાવાડા લેડી રે કન્યાશાળામાં મુખ્ય શિક્ષકની જગાપર બદલી થતાં અત્રે આવેલી છું. આ બંને સ્થળોના અનુભવ ઉપરથી તથા મ્હારી કેટલીએક બ્હેનપણીઓ જેઓ બીજે સ્થળે કન્યાશાળાઓમાં મુખ્ય શિક્ષક છે તેમની વાતચિતથી મને માલુમ પડયું કે–છોકરાઓના કરતાં ઘણીએક ચપળ છોડીઓ પોતાનો અભ્યાસ ઝડપથી આગળ વધારી શકે છે; છતાં તેવી ગુણવાન્ અને સુંદર કન્યાઓને તેમનાં માબાપે ફકત કહેવાતાજ કુળવાન વરની શોધ કરીને કોઇને ન્હાની ઉમરના વર સાથે તો કોઇને વૃદ્ધ પુરૂષ સાથે, કોઇને અભણની સાથે તો કોઇને અર્ધદગ્ધની સાથે લાકડે માંકડું વળગાડી દેઈ, પોતાની સુકોમળ બાળાઓનો ભવ બગાડેલો છે. આ ઉપરથી મ્હારા મનમાં એવો વિચાર ઉત્પન્ન થયો કે આ સંબંધે એકાદ પુસ્તક લખાય તો ઠીક તે પછી મેં મ્હારી અલ્પમતિ અનુસારે આ પુસ્તક લખી

તૈયાર કરેલું છે. વાંચનાર સુજ્ઞ બ્હેનો અને બંધુઓને આ વારતા ઉપયોગી થઈ પડે એવા હેતુથી ઘટતે સ્થળે થોડાએક સ્ત્રી-ઉપયોગી નિબંધો તથા પ્રસંગને અનુસરતી સુબોધક કવિતાઓ વગેરે દાખલ કરી પુસ્તકને સાર્વજનિક કરવા બનતો યત્ન કરેલો છે.

નિશાળની નોકરી ઉપરાંત, ગૃહકાર્ય અને બાળકોની સંભાળ લેવાનો વ્યવસાય છતાં અંતઃકરણની લાગણીથી મેં પ્રથમ વર્તમાન પત્ર અને માસિક ચોપાનિયામાં જે કાંઇ સહજ લખેલું હતું, તેમાંનું કેટલુંએક સંગ્રહ કરી આ વારતા તૈયાર કરી. બાદ તેમાં ઘટતો ફેરફાર અને સુધારો વધારો કરાવી, સ્થળે સ્થળે બોધક અને રસિક કવિતાઓ દાખલ કરી, પુસ્તકને ઉપયોગી કરવાનો જે કાંઈ યત્ન કરવામાં આવ્યો છે, તે કોઈ પણ અંશે વાંચનારને પસંદ પડે તો તેનું માન મારા પ્રિયપતિ રા. રા. હિરાલાલ વિધારામ રાવળને આપું છું. મને કેળવણી આપવામાં, ભરવા ગુંથવાનું કામ કરવાની અનુકુળતા કરી આપવામાં, નવીન પુસ્તકો લાવી આપવામાં તથા હરેક રીતે મને સુધારવામાં તેમણે જે શ્રમ લીધો છે, તે બદલ હું તેમનો જેટલો ઉપકાર માનું તેટલો થોડો છે.

મેં આ યત્ન લેખક કે ગ્રંથકાર તરીકે ખ્યાતી પામવા સારૂ કરેલો નથી, પણ મળતા અવકાશનો સદુપયોગ કરી ગૂર્જર પ્રજાની સેવા તરીકે આ કાર્ય કરેલું છે. આ પુસ્તકમાં કોઈ પ્રકારનો દોષ જણાય તો પ્રથમ પ્રયત્ન ગણી સુજ્ઞ વાંચનાર ક્ષમા કરશે, અને મને જણાવશે તો તે સુધારવા હું બનતો યત્ન કરીશ આ પુસ્તક વાંચી જે જે વિદ્યાવિલાસી માનવંતી બ્હેનોને આનંદ ઉપજે અથવા આ પુ-

સ્તક ઉપયોગી જણાય તો તેઓ તે વિષેનો પોતાનો અભિપ્રાય લખી મોકલવા તસ્દી લેશે તો તેથી અમો દમ્પતીને ઘણો સંતોષ મળશે.

સહુ માબાપો અને સંબંધીઓ પોતાની પુત્રીનું વિશેષ શ્રેય વિચારે છે, તથાપિ તેમની ક્ષમા માગી મ્હારે જણાવવાનું કે ભણેલી કન્યાને માટે રૂપ સાથે ઉમ્મર અને જ્ઞાન સાથે ગુણ જોવાને ઘટતું ધ્યાન અપાશે તો આ લખાણ પ્રકટ કરવાનો મારો હેતુ સફળ થયો એમ હું માનીશ.

શ્રીમંત સરકાર ગાયકવાડ મહારાજા સાહેબ તરફથી તથા શ્રીસવાઈબહાદુર કુચ્છ દરબાર સાહેબ તરફથી, જનાબેઆલી જૂનાગઢના નવાબ સાહેબ વગેરે મહારાજા સાહેબો અને તેમના વિદ્વાન અધિકારી સાહેબોની તરફથી, તેમજ ગૂજરાત વર્નાક્યુલર સોસૈટી જેવાં પરોપકારી ખાતાં તરફથી અને અન્ય સદ્દગૃહસ્થો તરફથી જો આ ગ્રંથને યોગ્ય આશ્રય મળશે તો મ્હારા ઉપર મોટો ઉપકાર થશે; એટલુંજ નહિં પણ અહિં (લુણાવાડા) ખાતે કેળવાએલી સ્ત્રીઓને માટે ખાસ સ્ત્રી વર્ગને ઉપયોગી થઇ પડે એવી જાતનાં વિદ્વાન્ ગ્રંથકારોનાં અતિ ઉત્તમ પુસ્તકનો સંગ્રહ કરી પ્રજાવર્ગની સર્વ સ્ત્રીઓ માટે એક ન્હાનું પુસ્તકાલય ખુલ્લું મૂકવાનો વિચાર છે, તેને પણ એથી આશ્રય મળશે.

તારીખ. ૧-૬-૯૯

સૌ. કૃષ્ણાગૌરી.

સદ્ગુણી હેમંતકુમારી.

પ્રકરણ ૧ લું.

ઈશ્વરસ્તુતિ—વન્ધ્યત્વદુઃખ—પુત્રી પ્રસવ.

(સ્રગ્ધરાવૃત્ત.)

ત્રાતા દાતા વિધાતા, ત્રિભુવન સહુની કામના જાણનારા,
વિશ્વેશા હે પરેશા, પળ પળ સહુને પ્રેમથી પાળનારા;
સાષ્ટાંગે હું નમીને, કરુણ વચનથી યાચું છું સા'ય તારી,
પ્રીતે તું તે સુણીને, જય સુખ વર દે દેવ આનંદકારી. ૧

(ગીતિ.)

જય જય કરુણાસિંધુ, જગબંધુ દુખ ત્વરાથકી કાપો;
આર્ય તણી બાળાને, અખંડ શાંતિ સુખે સદા સ્થાપો. ૧
વિદ્યા વિહિન કપૂતો, ભવ બાળે છે કુમારિનો ભારિ;
દુખ તેનાં વર્ણવવા, હેમતકુંવરિ રચ્યું પ્રીતિ ધારિ. ૨

આશ્વિન માસમાં એકવાર આકાશ નિર્મળ થઈ રહ્યું છે; સ્વચ્છ ચંદ્ર પોતાનાં રૂપેરી કિરણો વડે અખૂટ અમીની વૃષ્ટિ કરી રહ્યો છે, નક્ષત્રો હિરાની પેઠે પ્રકાશી રહ્યાં છે; ચંદ્રાવળી નદીમાં નિર્મળ નીર ચળકી રહ્યાં છે; કુમુદની ચંદ્રને જોઇ પ્રફુલ્લિત થઈ રહી છે; કમળો બીડાઇ ગયાં છે. એ પ્રસંગે ચંદ્રાપુર શહેરમાં ત્રિપુરાનંદ અને વીજળીબાઈ અગાશીમાં બેઠાં વિનોદ વાર્તા કરે છે.

ત્રિપુરાનંદ—પ્રિયા ! આ વખતે તું આટલી બધી ઉદાસ કેમ દેખાય છે ? તને ખિન્ન જોઇ, મારૂં મન પણ તેવું જ બને છે. વગર સંકોચે જે વિચાર ઉત્પન્ન થયો હોય તે કહી દે, કે જેથી હૃદયનો ભાર ઓછો થઇ પરસ્પરનું સમાધાન થાય.

થોડીવાર રહી વીજળી બોલી—તમે મ્હારા કહેવા પર લગારે લક્ષ આપતા નથી તો પછી વારંવાર એકની એક વાત કહેવાથી શું ફળ ? પ્રથમ મેં કહેલું તમને યાદ હશે કે, આપણા કાકાના ઘર આગળ રહે છે તે રામશંકર પંડ્યાને આપણી પેઠે સંતાનનું મહા સંકટ હતું; પણ એમણે જોષી પાસે જપ કરાવ્યા અને ઘણી બાધા આખડીઓ રાખી, ત્યારે હવે તેની વહુએ એક દીકરાનું મોં દીઠું. માટે પ્રાણ-નાથ ! તમે પણ હવે જોષીને પુછો તો સારૂં. કાલ સ્હવારે મને પેલી નર્મદા મળી હતી. તેણે પણ કહ્યું કે,–' અલી જો મેં જોષીને પૂછી બાધા રાખી તો મને હવે આશા છે.' ત્યારે મને વિચાર થયો કે ભાગ્યહિણતો હું જ કે મ્હારૂં કહ્યું તમે માનો નહિ. માનો તો શું પણ સાંભળોએ નહિ! તમારા આગળ મારૂં કાંઈ ચાલે નહિ. કોઇ કોઇ વાર તો તમે મને તરણાને તોલે ગણો છો, પણ વિચારતા નથી કે આવી અગત્યની બાબતમાં આપણે જરૂર કાંઈ ઉપાય જલદીથી કરવો જોઇએ. મારૂં માનો તો કાલેજ જોષીને બોલાવો ને પુછપરછ કરો.

ત્રિપુરાનંદ બોલ્યા—તમે બૈરાંઓ કેટલીક વાતમાં તો કશુંએ સમજતાં નથી. મેં તે દિવસ પ્રસંગોપાત કહ્યું હતું કે જોષીલોક તો ભવિષ્યવાદીનો મિથ્યા ડોળ ઘાલી ભોળાં

લોકોને અને મુખ્યત્વે ભોળી અબળાઓને ઠગવાનો ઉદ્યોગ લઈ બેઠા છે. જો તેમના હાથમાં સંતાન હોય તો આપણા સુપ્રસિદ્ધ મહાદેવરામ જોષી જે મ્હોટા વિદ્વાન્ ગણાતા હતા, અને છેક કાશીએ જઈ વ્યાકરણ ભણી આવ્યા હતા; વળી તેમની વિદ્વત્તા માટે ડૉક્તર બ્યૂલર જેવાએ ઘણો સારો અભિપ્રાય આપ્યો હતો, તે બિચારા નિર્વંશ મરણ પામ્યા તેવું બને જ કેમ ? માત્ર જપ જાપથી કે અનુષ્ઠાનો કરવાથીજ જો સંતાનો થતાં હોય તો તેઓ પોતાનો વંશ જાળવવામાં કેમ કસર કરે? શુદ્ધ ચિત્તે સર્વ શક્તિમાન્ ઈશ્વરપર વિશ્વાસ રાખીશ ને તેની ઈચ્છા હશે તો સંતાનનું સુખ મળશે; શિવાય જોષી-જતીથી તે લાભ મળે એમ હું માનતો નથી. તને યાદ હશે કે આપણા નિત્યાનંદ કાકા, જોષીનો ધંધો કરતા હતા; તેમણે પોતાના ધંધા સંબંધી મ્હારી કને એકવાર ખુલાસો કરયો તેથી મ્હારી તો ખાત્રી થઈ છે કે એ સર્વ પાપી પેટના પ્રપંચો જ છે. સંતાન પ્રાપ્તિના સંબંધમાં તું ગમે તેવા પંકાતા અને પંડિત જોષીની પ્રશંસા કરે પણ તે હું માનું નહિ.

વિજળી બોલી,—તમે પુરુષો માત્ર તમારો ધંધો કરી જાણો; આ કામમાં તમારી નજર પહોચતી નથી, માટે હવે પછી એ વિષે તમારી સલાહ પૂછવી એ મને ઠીક લાગતું નથી. તમારાથી કાંઈ શુકવાર થાય નહિ. તમે જૂઠાં બહાના કાઢી મને સમજાવો છો; કેમકે તમને પૈસો ખર્ચવો પડે એ પસંદ નથી. પણ જો પૈસાનેજ માટે તમે મારા મતથી જુદા પડતા હો તેમ કરશો નહિ. તમારા પૈસા રહ્યા! મ્હારા બાપે મને કન્યાદાનમાં જે બે ગાયો આપેલી છે

તેની વાછરડાં સાથે કિંમત રૂપીઆ બે વીશ ને બાર એટલે રૂ. ૫૨ ઉપજ્યા છે તે આલો એટલે હું તેમાંથી મને ઠીક લાગશે તે ખર્ચ કરીશ.

એટલામાં પાર્વતીનામે પડોશણ આવી તે બોલી,—મ્હોટાભાઈ એમ તે શું કરતા હશો? જોષિને પૂછયા વિના કાંઈ છૂટકો છે? અમસ્થો ઘરમાં કંકાસ ન ઘાલશો. સ્ત્રી તો ઘરની લક્ષ્મી છે. એનું મન પ્રસન્ન રાખશો તો જરૂર કાંઇક લાભ થશે.

ત્રિપુરાનંદ બોલ્યો—ભલે સહુની ઈચ્છા એવી હોય તો કાલે સહવારે જોષીને બોલાવશું (આટલો વિચાર તેણે સ્ત્રીહઠથી કાયર થઈ કર્યો)

વળતે દિવસ જોષીરાજને તેડાવ્યા ને તેમના હાથમાં જન્મપત્રિકા આપી પૂછયું કે કહો મહારાજ! અમારા નશીબમાં સંતાનપ્રાપ્તિનું સુખ કેવું છે?

જોષીમહારાજ જરા વિચાર કરી ગંભીરતાથી બોલ્યા,—સંતાનભુમિનો અધિપતિ જે મંગળ તે અગિયારમે છે. તે સંતાનભુવનને સપૂર્ણ દ્રષ્ટિયે દેખે છે તે નેષ્ટ છે, માટે અમારી પાસે મંગળનો જપ તથા બાઈ પાસે પાંચ માસ સુધી મંગળવારનું વ્રત કરાવો તો તમને નક્કી સંતાનનું ફળ મળશે.

ત્રિપુરાનંદ બોલ્યા—તેમાં કેટલો ખર્ચ થશે?

જોષીએ જવાબ આપ્યો,—એનો કાંઈ અડસટ્ટો નથી. જેવા યજમાન તેવા ખર્ચ, પણ તમારા પિતા તો અમારા સ્નેહી હતા એટલે જે છે તે તમને બહુ ખર્ચ નહિ કરાવીએ, તોપણ ઓછામાં ઓછા સાઠેક રૂપીઆ તો ખર્ચ થાય ખરો.

આ વાત ચાલતી હતી, તેવામાં વચ્ચે વીજળી બોલી ઉઠી—જોષીમહારાજ ! એથી વધારે ખર્ચ થાય તોપણ શું થઈ ગયું ! જપ જાપ કરાવ્યા વિના કાંઈ છૂટકો છે ? તેઓ રૂપીઆ નહિ આપે તો મારૂં એક નંગ મૂકીને પણ કરાવીશ. માટે તમારે આ કામમાં કસર કરવી નહિ.

ત્રિપુરાનંદ બોલ્યા—જોષીરાજ ખર્ચ બહુ બતાવ્યો. દુ-આમાં પતે તો ઠીક; કેમકે હમણાની સ્થિતિ તો તમે જુઓ છો. (વીજળીપ્રત્યે) કેમ અલી ! પાંચ માસ સુધી ત્હારાથી મંગળવાર થશે ? ના થાય તો હમણાંથી જ ચોખ્ખું કહી દે કે બીજી પંચાત નહિ.

વીજળી બોલી—ખુશીથી હું તો મ્હારે મંગળવાર કરીશ; પણ તમે એમજ કહોને કે મ્હારી મરજી નથી.

પછી જેમ તેમ કરી ત્રિપુરાનંદે જોષીમહારાજને પચાશ રૂપિયામાં કામ કરવા કહ્યું. જોષીએ તે કબુલ્યું ને સોમવારથી શ્રીત્ર્યંબકેશ્વર મહાદેવમાં જવાનું ઠરાવ્યું. જપ કરયા, મિ-ષ્ટાન્ન ઉડાવ્યાં ને રૂપિયા પચાશ લીધા. ત્યારબાદ ૭ સાત માસ વિતી ગયા, પણ કાંઇ સંતાન પ્રાપ્તિનાં ચિહ્નો તો જણાયાં નહિ; અને ફરીથી જોષી મહારાજે મોઢું પણ બતાવ્યું નહિ. તે પછી ભુવા, બાવા, ગોરજી, જતી, અને એવા અનેક ઠગારાઓ પાસે વીજળીબાઇ જઇ આવ્યાં, ઘણાં માતા-મહાદેવ કીધાં અને નર્મદાના કંકર એટલા શંકર કરી પૂજ્યા, પરંતુ કંઇ રૂડું પરિણામ પ્રાપ્ત થયું નહિ. કેમકે દેવ કાંઇ લાલચુ નથી; તે તો સમદર્શી અને ન્યાયી છે. પૈસા કે પાઠ પૂજાની તેને અપેક્ષા નથી. સંસારી

સુખ દુઃખ મનુષ્યને તેમનાં કર્મ પ્રમાણે ભોગવવાં પડે છે. એવી તેની અઘટ ઘટના અને અકળ કળા અદ્ભુત છે.

થોડા દિવસ વિત્યાબાદ **આનંદગિરિ** નામના વિદ્વાન્ સ્વામી આર્યધર્મનો ઉપદેશ કરતા કરતા **ચંદ્રપુરની** ધર્મશાળામાં આવી પહોંચ્યા. તેમની વિદ્વત્તા, નિર્લોભતા તથા ઉત્તમ રહેણી કરણી જોઇ ઘણા આબરૂદાર માણસો તેમનો સમાગમ લેવા લાગ્યાં. એવામાં એક દિવસ ત્રિપુરાનંદે તે સ્વામીને ભીક્ષામાટે આમંત્રણ કરી પોતાનું ઘર પવિત્ર કરવા કહ્યું. **સ્વામી**એ તે કબૂલ રાખ્યું ને તેમને ત્યાં ગયા. ત્રિપુરાનંદે શ્રદ્ધાપૂર્વક તેમનું પૂજન કરી જમાડ્યા. ત્યારબાદ ધર્મસંબંધી કેટલીક ચર્ચા ચાલતાં સ્વામીએ તેને ઉદાસ જોઇ, મનની કાંઇ પણ વાત હોય તે પૂછવા સૂચના કરી. તે ઉપરથી તે બોલ્યો;—મહારાજ ! અમો દંપતીને સંસારમાં માત્ર સંતાનનું એક દુઃખ બહુ મ્હોટું છે. ગૃહસ્થાશ્રમનું ફળ નહિ મળવાથી રાત-દિવસ અમોને નાના પ્રકારની ચિંતાઓ થયાં કરે છે. આ ઘર અને સર્વ સામગ્રી શૂન્ય-સ્મસાનવત્ ભાસે છે. ઇશ્વિર આ કરતાં તો મોત આપે તે સારૂં ! !

સ્વામીએ **વીજળી** સામું જોતાં તે નિઃશ્વાસ નાખતી સજળ નેત્રે બોલીઃ—મહારાજ ! અમારો સંસાર ઘોર અરણ્ય જેવો ભયાનક છે. પૂર્વનાં કયાં પાપે અમો અભાગીઆં બન્યાં છીએ, તેની ખબર પડતી નથી. તે માટે શું ઉપાય કરવા તે પણ હવે સુઝતું નથી. અમારી હકિકત ખરેખર એક પુસ્તકમાંનાં આખ્યાન જેવી બનીછે. ઇચ્છા હોય અને આજ્ઞા કરો તો તે સંભાળવું.

સ્વામી—બાઇ ! સુખેથી તમારી સર્વ હકિકત કહી સંભળાવો. કર્ત્તા હર્ત્તા શ્રી નારાયણ છે. સાંભળવાથી તમારા મનનો ભાર ઓછો થશે ને બનશે તો અમે પણ બે બોલ તમને લાભકારક હશે તે કહીશું. માટે કહો.

વીજળી–લો ત્યારે એક કવિની વાણીમાંજ હું આપને તે નિવેદન કરૂં:

(રાગ સીતાજીના મહિનાનો.)

સ્વામી સુણો દુખડાં કેરી વાત, ધીરજ કેમ ધારીએ,
પામી સ્વપ્નેય નહિ સંતાન, મનડું કેમ મારીએ. ૧
લખ્યો વિધાત્રીએ એવો લેખ, કોનો વાંક કાઢિયે,
જાણું વસ્તી વેરાન સમાન, ગમે નહિ વાડિએ. ૨
પૂજ્યા પથ્થર એટલા દેવ, વળી સેવી દેવીઓ,
દોરા ચિઠી કીધાં ઝાઝાં જૂઠ, ધુતારો સેવીઓ. ૩
તેડી જોષી જપાવ્યા જાપ, બાધાઓ રાખી બહુ,
કીધાં વિવિધ પ્રકારનાં વ્રત, થયાં તે મિથ્યા સહુ. ૪
હવે ધરતી માતા જો દે માગ, સ્હેજે હું સમાઇ જઉં,
ચિંતારૂપી જ્વાલે બળે ચિત્ત, કયી પેરે ઓલવું. ૫
જેમ ચાહે ચાતક સ્વાતિબિંદુ, તેવી પેરે ટળવળું,
લોભી વલખાં મારે વિત્તમાટ, મળવા પુત્ર વલવલું. ૬
આભ તૂટી પડે એકાએક, ટેકો શાનો મૂકિયે,
જવ કોપ કરે કૃપાનાથ, ત્યારે ક્યાં જઈ ઝુકિયે. ૭
કાલું કાલું બોલે જે મધુર, પાડોશીનાં બાળકાં,
માત તાત લડાવે લાડ, કહે કાલાં બાલુડાં ! ૮
તેહ જોઇ નાખું નિશ્વાસ, કાઢું વાંક કર્મનો,
સ્વામી સઘળો કીધો તમ પાસ, ખુલાસો મર્મનો. ૯

વીજળાનું લિલક આ ગાયનમાં અક્ષરશ ચિત્રેલું હોવાથી સર્વના મનપર સારી અસર થઇ. આ કાવ્યની કૃતિ કહો કે રચના, એ એણે એક સારાં પુસ્તકમાંથી સાંભળી હતી ને પોતાની સ્થિતિને અનુરૂપ હોવાથી પાઠે કરી લીધું હતું. તેનું બોલવું બંધ પડયું ને હાથ જોડી શાન્ત થઇ બેઠી.

સ્વામી બોલ્યા,—હવે હું સમજ્યો કે તમને સંતાન સંબંધી મોટું સંકટ છે. આજસુધી તમે જોષી-જતીઓને ત્યાં ધક્કા ખાધા અને પૈસાની ખુવારી કીધી, તે મ્હોટી ભૂલ કરી છે. તેવા લોકો ઘણે ભાગે સોમાં નવાણું તો ઠગારા હોય છે. માટે હવે મ્હારૂં માનો તો તમે એવા લોકોને ત્યાં કદી પણ જશો નહી. એમની પાસે માત્ર વાક્યચાતુરી હોયછે. તે વડે સિદ્ધિના ઢોંગ બતાવી તમને વહેમની જાળમાં બાંધી લે છે, અને સર્વસ્વ હરણ કરી અત્યંત સંતાપ આપે છે. માટે એવા લોકોનો વિશ્વાસ કરવો નહિ. ઇશ્વરનાં કાર્યો મનુષ્યોથી કદી થતાં નથી. એ સિદ્ધાંત ધ્યાનમાં રાખી ખાલી ફાંફાં મારવાં નહિ. સુખી થવાનો સહેલો માર્ગ તો એ છે કે,—સ્વધર્મમાં નિષ્ટા રાખવી ને સ્વકર્તવ્યો કર્યા જવું: ઉપરાંત કહ્યું છે કે:—

(શાર્દૂલવીક્રિડિત.)

જેને ઘેર જરા નથી પય અને, ઘીનાં રૂડાં સાધનો,
જેને ઘેર જરા નથી શિશુતણા કલ્લોલ આનંદનો;
જેને ઘેર જરા નથી ગુણવતી કાન્તાતણાં ભાષણો;
તેનું ધામ સ્મશાન તુલ્ય ગણવા, છે શાસ્ત્રનાં શિક્ષણો.૧

સંસારીને સંતાન વિના દુઃખ ઉપજે એ સ્વાભાવિક છે; પણ મનને વશ કરી કોઇ પણ વસ્તુના મોહમાં પડતું અટકાવવું જોઇએ. વળી જે વસ્તુ મનુષ્યસત્તાની બહાર છે, તે વસ્તુની ઇચ્છા કરવી, એના જેવી બીજી કયી મૂર્ખતા !

ત્રિપુરાનંદ પ્રણામ કરી કહેવા લાગ્યો—મહારાજ, આપનું કથન યથાર્થ છે. ભોળાં લોકોને અનેક પ્રકારના લોભમાં લુચ્ચા લોકો લલચાવી છેતરે છે, પણ છેવટ શું આવશે તેનો તેઓ વિચાર કરતાં નથી. ઉત્તમ સંપત્તિ અને સંતતીની ઇચ્છા સર્વેને થાય છે પણ પોતાની યોગ્યતા, પોતાના આચાર વિચાર અને પોતાની ફરજ કોણ સમજેછે ?

વીજળીબાઈ—દુનિયાં દુરાચારી છે. સદાચારી તો એક સર્વેશ્વર છે. પણ સહુ ઉપાય કરે છે ને તેમને સુખ મળે છે. માટે ઉપાય તો કરવાજ જોઇયે.

સ્વામી—તમે અધીર ના થાઓ; ઇશ્વરેચ્છાએ થવાનું છે તે નિશ્ચિત છે. શું કરવાનું ને શું નહિ કરવાનું એ તમને કહેવાનું ઘણું છે, પણ હાલ ટુંકામાં કહું છું તે સાંભળોઃ— અમારામાના કેટલાક ઉપદેશકો સ્ત્રી—પુરૂષોને જે વહેમના માર્ગમાં દોરે છે, તેથી હું વિરુદ્ધ છું. ઇશ્વરની ઇચ્છા વગર ઝાડનું પાન સરખું પણ હાલી શકતું નથી, તો બીજું તો શું બને ? સંસારના સર્વ પદાર્થો નાશવંત છે. તેનો મિથ્યા મોહ છોડી દઈ સદાચારે ચાલશો તો એથી પરમ સુખ મળશે. શરીર નિરોગી રહે તે માટે મિતહારી, નિયમિત અને તન—મનથી પવિત્ર રહેવું; શરીર તથા મનને જેથી દુઃખ કે ચિંતા થાય તે સર્વે કારણો ક્રમે ક્રમે ત્વરાથી દૂર કરતાં; આપણી સતી ગણાતી સ્ત્રીઓ પૂર્વ કાળમાં વિદ્યાભ્યાસ

કરી અમર કીર્તિ મૂકી ગઈ છે, એટલુંજ નહિ પણ સંસારિક તુચ્છ સુખો તરફ તેમનું મુદ્દલ લક્ષ નહોતું. ભણી ગણીને આવા દાખલા આપણી સ્ત્રીઓ લે તો કેવું સારૂં ?! મંત્ર-તંત્ર, ધોરા-ધાગા, જપ-જાપ, ડાકણ-સાકણ, ભૂત-પ્રેત, વળગાડ-વહિત્રુ, ઇત્યાદિ ક્રિયા કરનારા કેવળ ઠગારા, ઢોંગી અને મહા પાપી છે. તેમનાથી બહુ સાવધ રહેવું જોઇએ. તેઓ ઉદારતાનો દંભ કરે છે પણ અંતરમાં અતિશય લોભી અને વાસનાવાળા લંપટ હોય છે. વિશેષ શું કહું ? બાઈ વીજળી અને ભાઈ ત્રિપુરાનંદ ! તમે જોકે ભણેલાં છો, તોપણ કોઇ વેળા ભૂલાવો ખાઇ ભોળવાશો તો પછી પસ્તાશો, માટે સાવધ રહેજો.

ત્રિપુરાનંદ—ગુરુજી ! આપનો ઉપદેશ અક્ષરે અક્ષર સત્ય છે. પણ મારી ઇચ્છા છે કે આપ કાંઈ વૈદક ઉપચાર બતાવો ને આપને જશ મળવાનો હોય તો અમારૂં કલ્યાણ થાય.

સ્વામી—વૈદક* ચિકિત્સાથી તો મ્હારા ધ્યાનમાં આવે છે કે, ખુલ્લી હવા હમેશાં લેવી; સાદો, સ્વચ્છ અને ગુણ-

* પ્રથમ મ્હારો વિચાર એવો હતો કે સ્ત્રીઓને વન્ધ્યત્વ રહેવાનાં કારણો અને તે દૂર કરવાના વૈદ્યક ઉપાય સંબંધે જરા લંબાણથી લખવું. આ વિચારને અનુસરી કેટલાંક પુસ્તકોને આધારે એ વિષય મેં લખી તૈયાર કર્યો હતો અને એક વિદ્વાન્ ડાક્તરને બતાવ્યો હતો. એ વિષય અત્રે મૂકવાની મ્હારી ઈચ્છા હતી; પરંતુ તેમાં વૈદક વિચારો વિશેષ હોવાથી કેટલાક સદ્‌ગૃહસ્થોની સૂચનાથી એ વિચાર માંડી વાળવો પડયો છે.

કારી ખોરાક ખાવો; શરીરને યોગ્ય કસરત મળે તેવો ઉદ્યોગ કરવો; દસ્ત સાફ આવે તેવાં ઔષધ જરૂર જણાય ત્યારે ખાવાં; બહુ માદક પદાર્થોનું સેવન કરવું નહિ; નિરંતર સુઘડતા રાખવી; તંગ પોશાક પહેરવો નહિ પણ શરીરમાં લોહી અને હવા ફરવા પામે તેવાં વસ્ત્રોનો ઉપયોગ કરવો; મધ અને પાણી થોડા પ્રમાણમાં લેવાથી સ્ત્રીઓને ગુણકારી થઇ પડે છે. માટે થોડા દિવસ પ્રકૃતિને અનુકૂળ પડે તો તેનું સેવન કરવું. ભાઇ ત્રિપુરાનંદ! આ ઔષધની પડીકીઓ હું તમને આપુંછું, તે શુદ્ધ મન સાથે બાઇને આપજો. થોડા માસ સુધી ગરમ પદાર્થ ન ખાય તેવી પરહેજી પળાવજો. ઠંડું દૂધ, વાસી ખોરાક અને ખાંડની પણ પથ્ય રખાવજો. ગરમ કરીને થોડું દૂધ સવારમાં નિત્ય પીવાથી ફાયદો કરશે. ઉપરાંત નીતિ–ભક્તિની ખરી ઔષધી તો તમને પ્રથમજ બતાવી છે. તેના સેવનમાં લેશપણ પ્રમાદ કરશો નહિ.

ત્રિપુરાનંદ—(હાથ જોડીને) મહારાજ! આજે આપે અમને કૃતાર્થ કર્યાં. આ ભવ અને પર ભવના ભયાનક રોગ ટાળનાર આપ જેવા મહાત્માઓ સમર્થ છે.

વીજળીબાઇ—અમારાં ધનભાગ્ય કે આપનાં દર્શન થયાં. આપે કહેલી રીતિ પ્રમાણે ઔષધો કરીશ ને કહેલા નિયમે ચાલવામાં લેશ પણ ચૂક કરીશ નહિ.

સ્વામી—ઈશ્વર સહુ સારૂં કરશે. મનને ખુબ મજબૂત રાખજો.

પછી સ્ત્રી–પુરૂષે સાષ્ટાંગ પ્રણામ કર્યાં અને સ્વામી "નારાયણ–નારાયણ" કહી ચાલતા થયા.

ત્રિપુરાનંદ અને વીજળીબાઇએ સ્વામીના બોધનું બરાબર મનન કર્યું ને તે પ્રમાણે વર્તન પણ ચાલ્યું. સારા વિચાર અને સારા આચારનું પરિણામ પણ સારૂંજ નિવડે છે એ વાત અનુભવસિદ્ધ છે. ઇશ્વરભક્તિથી, નિષ્કામ દાન-પુણ્યથી અને આહાર-વિહારના નિયમો સંભાળવાથી કેટલીક મુદતે વીજળીબાઇએ જીવ હોવાનાં ચિહ્ન જણાવા લાગ્યાં. પૂરા નવ માસ અને દશ દિવસે તેણે એક પુત્રીને જન્મ આપ્યો. તે દિવસ ઘેર વાજાં વગડાવ્યાં, પતાસાં વહેંચ્યાં તથા વિદ્યાર્થીઓને રજા અપાવી મહેતાજીને તથા વિદ્યાર્થીઓને ઇનામ આપ્યાં. પુત્રીનો જન્મ છતાં પુત્રજન્મ જેટલો મહોત્સવ કર્યો ને વાંઝિયા મેહેણું ટળવાથી પરમેશ્વરનો પાડ માન્યો, આ પુત્રી ધણી-ધણીઆણીને પુત્રતુલ્ય પ્રિય થઇ પડી.

યોગ્ય સમયે સુવાવડમાંથી ન્હાઇ ઉઠયા પછી વીજળીબાઇને ત્યાં એક દિવસ કેટલીક પાડોશણો તથા તેની બેહેનપણીઓ એકઠી થઇ હતી. વાત નીકળતાં ગુલાબવહુએ કહ્યું,-વીજળી બેહેનને છોડીનો પથરો આવ્યો, તે કરતાં પુત્ર અવતર્યો હોત તો વધારે સારૂં હતું.

વીજળીબાઇને આથી માઠું લાગ્યું. ગુલાબને જવાબ આપવાનો તે વિચાર કરતી હતી પણ મુંગીજ બેશી રહી. વીજળીને ગુલાબના બોલથી માઠું લાગ્યું છે એ વાત તેની બેહેનપણી અંચળલક્ષ્મીના સમજવામાં તરતજ આવી ને તેથી તે બોલી,-ગુલાબ બેહેન! તમે કહોછો કે વીજળી બેહેનને છોડીનો પથરો આવ્યો, પણ તમારૂં એ બોલવું મારી સમજ પ્રમાણે વાજબી નથી. વમેજ માત્ર નહિ પરંતુ

ઘણાં માણસો એમ કહે છે, પણ તેઓને ખબર નહિ હોય કે ઈશ્વરની દૃષ્ટિમાં પુત્ર પુત્રી સમાનજ છે અને દુનીઆમાં પણ દીકરી દીકરા સરખાંજ ઉપયોગી છે, માટે એવો મતભેદ રાખવો ઠીક નથી.

હમણાં વીજળીબાઈની પ્રકૃતિ સ્વામીના સદુપદેશે સારી સ્થિતિપર આવી હતી ને તેને પુત્રી પ્રસવી એટલે પદે પદે તેના શબ્દોપર વિશ્વાસ રાખી વર્તતી હતી. તેને ચંચળલક્ષ્મીના વચન બહુ રુચિકર થયાં તેથી તેને કહ્યું કે,–આવતા રવિવારે પુત્ર પુત્રીપર સમાનભાવ રાખવા વિષે વિકટોરીઆ જુબિલી કન્યાશાળામાં તમે વ્યાખ્યાન આપશો તો સર્વ બાઈઓ પર મ્હોટો ઉપકાર થશે.

ચંચળલક્ષ્મી—તમારી ઈચ્છા છે તો જરૂર એ પ્રસંગે હું બે બોલ બોલીશ. સ્ત્રીશિક્ષક લલિતા બેહેન જોડે પણ એકવાર મને એ વિષયપર કેટલીક વાત ચીત થઈ છે. આજેજ સાંઝ સમયે હું તેમને મળીશ ને સમાજ મેળવવા ગોઠવણી કરીશ; પણ તે પ્રસંગે કૃપા કરી તમો સર્વ આવો તોજ આનંદ થાય.


આ સાંભળી મહાલક્ષ્મી, મણીલક્ષ્મી, સાવિત્રીબાઈ સત્યવતી, દયાકુંવર વગેરે સહુ બોલી ઉઠયાં:–અમો સહુ ખુશીથી તમારૂં ભાષણ સાંભળવા આવશું માટે વખત નક્કી કરી જણાવજો.

ચંચળલક્ષ્મી—ઈશ્વરકૃપાએ કોઈ વાતનું વિઘ્ન નડશે નહિ માટે ઘરકામની વ્યવસ્થા કરી, સભામાં ભાગ લેવાને ચૂકશો નહિ. બેહેન ડાહીગૌરી! સરદાર કુટુંબ સાથે તમોને સારો સંબંધ છે, એટલે રાજા સાહેબના બાઈ

સાથમાંથી થોડાં સમજુ બૈરાંઓ પધારે તેવો બને તો જરૂર યત્ન કરજો. ક્ષત્રિકુળના સરદારોની સ્ત્રીઓ અને કુંવરીઓને આ બાબત બહુ સાંભળવા જોગ છે. કેમકે આગળના રજપૂતો કન્યાઓને દૂધ પીતી કરતા એટલે જન્મતાંજ તેને દૂધમાં ઝબોળી મારી નાખતા હતા! આ પાપી ચાલ સતીના ચાલ જેવોજ ત્રાસદાયક હોવાથી કૃપાળુ અંગ્રેજી રાજ્યે બંધ કર્યો છે. કન્યાઓની કિંમત સમજાવવા રાજમાતાઓને આમંત્રણ કરવાની મ્હારી મુખ્ય મતલબ એજ છે.

ડાહીગૌરી—ખરેખર આ બાબત ડાપણવાળી છે. મને ખાત્રી છે કે તમારા વિચાર સાંભળવાથી સહુને સંતોષ થશે. આજે ગુરુવાર થયો ને શનીવારે જરૂર હું આ વિષે બનતું કરીશ.

એ પ્રમાણે સંકેત કરી સર્વે છૂટાં પડ્યાં.



પ્રકરણ બીજું.

પુત્રપુત્રીપર સમાનભાવ.

(ભુજંગીછંદ.)

સુણો આર્ય બ્હેનો વદું નમ્ર વાણી,
પુરા પ્રેમથી પાળજો પુત્રિ શાણી;
પ્રભૂની સદા એવિ ઇચ્છા પ્રમાણો,
તમે પુત્ર તોલે સુતાનેજ જાણો. ૧

સત્યવતી—બ્હેનો ! આ પ્રસંગે બધી બાઇઓએ સમયસર શ્રમ લીધેલો જોઈ મને ઘણો સંતોષ થાય છે. હવે ભાષણ કરવાનો વખત થયેલો છે. હું ધારૂંછું કે પ્રથમથી કરેલી ગોઠવણ પ્રમાણે સ્રીશિક્ષક લલિતાલક્ષ્મી આજની સમાજનું પ્રમુખસ્થાન લેશે.

સાવિત્રી—સત્યવતીબાઈના અભિપ્રાયને હું મળતી આવુંછું. (તાળીઓ)

લલિતાલક્ષ્મી—મ્હારા કરતાં વધારે લાયક બાઈ આજની સમાજનું અધ્યક્ષસ્થાન લેશે તો હું વધારે ખુશી થઇશ; એમ મેં પ્રથમજ વિનંતી કરી હતી, પરંતુ સર્વનો મ્હારાપર પ્રેમભાવ છે તો હું તેમને માન આપી તેમની ઇચ્છા માન્ય કરૂંછું. હવે સર્વ બ્હેનોને મ્હારી એટલી પ્રાર્થના છે કે, કેળવાયલાં **ચંચળલક્ષ્મીબાઈ** આજે પુત્ર—પુત્રીપર સમાનભાવ રાખવા વિષે જે કિંમતી ભાષણ આપવા ઇચ્છા રાખે છે, તે એક ચિત્તે સાંભળવાની સહુ તસ્દી લેશે એવી આશા છે.

ચંચળલક્ષ્મી—બેહેનો ! આવી મ્હોટી સમાજમાં ભાષણ આપવાનો મને માત્ર આ બીજીવારજ પ્રસંગ મળેલો છે. આવા કાર્યમાં આગળ પડવું એ વિદ્વાન સ્ત્રી–પુરુષોનું કામ છે; કેમકે તેમને દુનિયાંદારીનો અને શાસ્ત્રોનો પણ સારી પેઠે અભ્યાસ હોય છે. મારૂં જ્ઞાન અને અનુભવ અતિ અલ્પ છે, એ વાત સર્વે બેહેનોના જાણવામાં છે; છતાં હું જે બે બોલ લખી લાવી છું, તે સાંભળી તેમાંથી સાર સાર ગ્રહણ કરી, ભૂલની માફી આપશો, એટલું કહી હું મારૂં ભાષણ વાંચવાની રજા લઉંછું;–

પ્રિય બહેનો ! આપણાંમાંનાં ઘણાંખરાં બલ્કે સઘળાંઓ છોકરાનો જન્મ થવાથી જેટલાં ખુશી થાય છે, તેટલાં છોડીના જન્મથી ખુશી થતાં નથી; એટલુંજ નહિ, પણ ઘણાંજ દલગીર અને દુઃખી દેખાય છે ! આ વિષયનું મહત્વ તો તમે બધાં સારી પેઠે સમજો છો. પણ કેટલાક ખોટા રિવાજ અને વિચારને લીધે તે મહત્વ આપણાંમાંનાં કેટલાંકથી સાચવી શકાતું નથી, એ દલગીરીભરેલું છે.

જગતકર્ત્તાના નિયમ પ્રમાણે જોઇયે તો છોકરો તેમજ છોડી, બંને સમાન ઉપયોગી છે; અને સૃષ્ટિની ઉત્પત્તિને માટે બંનેની સરખીજ જરૂર છે. જો એ બેમાંથી એકજ હોય તો છેવટે બીજાનો પણ નાશજ થવાનો; અને એવી રીતે જો થાય તો અંતે બધી દુનિયાનો નાશજ થાય.

આપણા હિંદુધર્મ પ્રમાણે માબાપનાં મરણ પછીની (ઉત્તર) ક્રિયાને માટે તેમજ સંસારના વ્યવહાર ચલાવી વંશની નામના રાખવા માટે અને એવાં અનેક કારણસર છોકરાની ઘણી જરૂર છે. એ વાત ખરી, પણ તેથી છોડી-

ને કેવળ નિરુપયોગી ગણી ધિક્કારી કાહાડવી, એ વાજબી નથી. હાલના જમાનાના કેટલાક લોકો છોડીને એટલા તિરસ્કારથી જોય છે કે પોતાને ત્યાં કદી છોડી નહિજ થાય તો સારૂં, એમ તેઓ ઇચ્છે છે; અને જો થાય તો ક્યારે તે મરે! એવી કેટલાકો તો ઇચ્છા કરે છે!!! પુત્રી જીવતી રહે તો બોજારૂપ ગણી તેનું બરાબર લાલનપાલન કરતા નથી. કહો આ કેટલી બધી ભુલ, અજ્ઞાન અને પાપ?! હું ફરીથી કહુંછું કે આવતા જમાનાને માટે જેટલો છોકરો તેટલીજ છોડી ઉપયોગી છે; અને તેથી તે બંનેને સરખા ભાવથી ઉછેરવાં જોઇયે. છોડીઓ દુઃખકારક નિવડવાનું ખરૂં કારણ પુછાવો તો આપણા લોકો પોતેજ છે. તેમને જો સારી રીતે કેળવશું તો તે આપણુને સુખકારક થઇ પડશે. વિચાર કરો કે કટાર કિંવા તલવાર એ હથિયાર કમરે બાંધવાનાં છે; તેને અન્ય સ્થળે ગોઠવવાથી જીવનીજ હાની થાય છે. તેમાં જેમ હથિયારનો દોષ નથી તેમ કન્યાઓનો કશો અપરાધ નથી, પરંતુ તેને સારી કેળવણી મળતી નથી ને તેથી તે તેમજ આપણે દુઃખી થઇએ છીએ.

આપણા લોકો સમજે છે કે, પુત્રી પરાયા ઘરની વસ્તી છે ને છોકરાથી તો વંશ રહેછે. પરંતુ વંશવૃદ્ધિ એકલા છોકરાથી થતી નથી. માટે વંશની ઇચ્છા રાખનારે પ્રથમ જેટલી સંભાળ દીકરાને કેળવવા માટે રાખવી અગત્યની છે, તેટલીજ સંભાળ દીકરીઓને માટે પણ રાખવી જોઇયે. દીકરા-દીકરીને સરખાં ગણવાથીજ ઘર, કુટુંબ, જ્ઞાતિ અને ટુકામાં કહું તો આખી દુનિયા સુખકારક થઇ પડશે. આપણા ધર્મશાસ્ત્રમાં પણ કહ્યું છે કે, "બહુ કલ્યાણની

ઇચ્છા રાખનાર બાપે, ભાઇએ, પતિએ અને તેના ભાઇ-ઓએ સ્ત્રીઓને પૂજવી જોઇએ” આ ઠેકાણે પૂજનનો અર્થ પુષ્પપત્રાદિવડે બાહ્યોપચારથી પૂજા કરવી એવો નથી, પરંતુ તેનું સન્માન રાખવું એજ છે. વળી નીતિશાસ્ત્રમાં પણ કહ્યું છે કે,—“જે ઘરમાં સ્ત્રીઓ પૂજાય છે ત્યાં દેવતાઓ રમે છે! અર્થાત્ ત્યાં સર્વ પ્રકારની પુષ્કળ રિદ્ધિ-સિદ્ધિ વધેછે અને સુખશાંતિ રહે છે; પરંતુ જે ઘરમાં સ્ત્રીઓ પ્રત્યે માનની લાગણી નથી, ત્યાં બધી ક્રિયાઓ નિષ્ફળ જાય છે. અર્થાત્ ત્યાં ગમે તેટલું દ્રવ્ય ભર્યું હોય તોપણ સુખશાંતિનો નાશ થાય છે. હવે આપણે વિચાર કરી જોઇયે તો છોડી એ સ્ત્રીનું ન્હાનું સ્વરૂપ છે. તેને પૂજવી એટલે તેની સાથે સારી રીતે વર્તવું જોઇયે; અને તેને પુત્રતુલ્ય પોષવી જોઇયે.

વીર નેપોલિયન બોનાપાર્ટ કહી ગયો છે તે સત્ય છે કે,–“જો આ દેશની સારી સ્થિતિ ઇચ્છિતાં હો તો માતાઓને પ્રથમ જ્ઞાની કરો.” એ વાક્યજ કહી આપે છે કે દુનિયાની આબાદાનીનો મુખ્ય આધાર સ્ત્રી ઉપર છે—એકલા પુરુષ ઉપર કંઈ નથી. સ્ત્રી ઘરના સ્તંભરૂપ છે; એટલે કે એક ઘર જેમ થાંભલાના આધાર વગર ઉભું રહી શકતું નથી, તેમ સંસારરૂપી ઘર, સ્ત્રીના આધાર વગર ટકી શકતું નથી. દૈવેચ્છાએ જેના ઘરમાં સ્ત્રી હોતી નથી, તે ઘર વેરાન જંગલ જેવું છે. કહો હવે ભવિષ્યમાં સ્ત્રી નિપજનારી બાળા તરફ બેદરકારીથી વર્તનારાં માબાપો કેટલી બધી ભૂલ કરે છે? પુરુષો ગમે તેવા બહારના દુર્ઘટ વ્યવહારો ચલાવશે, તેમજ નિર્વાહનાં સાધનો મેળવી

શકશે, પણ તેને જો ઘર ખટલાનો વ્યવહાર ચલાવવા આપ્યો હોય તો તેમાં તેને કદી અનુકૂળ પડવાનું નહિ. સ્ત્રીપુરુષના ઉપયોગ વિષે પૂર્વ કાળથી જે નિયમ બંધાયા છે, તે વિચારી જોતાં બહુ ગંભીર સમજવાળા અને ધ્યાન આપવા જોગ છે.

સામટી રીતે જોઇયે તો સર્વશક્તિમાન્ ઇશ્વરે સ્ત્રી-પુરૂષમાં સમાન ગુણો મૂકેલા છે; એટલે જે ગુણો પુરુષોમાં તે ગુણો સ્ત્રીઓમાં પણ જોવામાં આવે છે; પરંતુ જે કેટલાક ખાસ ગુણોની બક્ષીશ સ્ત્રીઓને આપેલી છે, તે પુરુષોમાં બહુ જુજ ભાગે અથવા મુદ્દલ નથી હોતી. દાખલા તરીકે, ધીરજ, સહનશીલતા, નમ્રતા, મધુરતા વગેરે ગુણો સ્ત્રીઓમાં વિશેષે હોય છે. દુનિયાદારીના નિભાવ માટે એ ગુણોની ઘણી અગત્ય પડે છે, કેમકે દર પળે દુઃખનાં વાદળાંઓ, મનુષ્યમાત્ર ઉપર જાણે ઝઝુમી રહેલાંજ હોય નહિ, તેમ તેનાં ચિહ્નો જ્યારે ને ત્યારે જોવામાં આવે છે. તેવા સમયમાં ધૈર્ય વગર નિભાવ થઈ શકતો નથી. જેમણે ઇતિહાસો વાંચ્યા હશે તેમને યાદ હશે કે કરણ જેવા રાજાનાં રાજ્ય તથા રાણીઓ વગેરે લુટાયા પછી તેની પાસે પોતાની એક પુત્રી* માત્ર ઘોર વિપત્તિના સમયમાં દિલાસારૂપ હતી, અને તેને આધારેજ થોડો વખત તેનું જીવન રહ્યું, એમ કહીએ તો ચાલે. વળી યુરોપનાં રણક્ષેત્રોમાં ઘાયલ થયેલા શૂરવીરોને મલમપટ્ટા વગેરેની માવજત કરવા

* બીજી અનેક કેળવાયલી આર્યાઓ,-કાન્તા, ચંદા, પદ્મા, ઈત્યાદિનાં દૃષ્ટાન્તો "આર્યાચરિત્રાવળી" મધ્યે આવે છે, તે સ્ત્રીવર્ગને વાંચવાં આવશ્યક છે.

તેમજ હૉસ્પિટાલોમાં દરદીઓની બરદાસ્ત કરવા સ્ત્રીઓજ રાખેલી હોય છે. તેઓ ધીરજ અને શાન્તિથી દરદીઓને બહુ સુખરૂપ થઇ પડે છે. જે ગુણ દવાથી નથી થતો તે તેમની મીઠી વાણીથી થઇ શકે છે. તનના તેમજ મનના દુઃખમાં ગુણવાન સ્ત્રીનાં આશ્વાસનથી જે શાંતિ ઉપજે છે, તે કાંઇ જુદાજ પ્રકારની હોય છે. સહનશિલતાને માટે તો કહેવાની જરૂરજ નથી. તે બાપડીઓને સાસરીઆંનાં બહોળાં કુટુંબો તરફથી ઘણીવાર અનેક શબ્દના પ્રહાર અને મેણાં વગેરે સાંખવાં પડે છે. સ્ત્રીજાતિને દુનિયામાં કેટલું બધું સહન કરવું પડે છે, એનું વર્ણન કરીએ તો બહુ વિસ્તાર થાય. સ્ત્રીની નમ્રતા તથા વિવેકથી ક્રોધી મનુષ્ય શાન્ત પડે છે, એવી તેની વાણીમાં સ્વાભાવિક મીઠાશ રહેલી છે. દુનિયાના નિભાવ માટે જ્યારે આવા ગુણોની ઘણીજ જરૂર હોય છે, ત્યારે તે ગુણો ધરાવનારી સ્ત્રીઓની જરૂર કેમ ન હોય ? પરમકૃપાળુ ઇશ્વરની આવી અનુપમ બક્ષીશનો જેઓ અનાદર કરેછે, તેઓ ખરેખર મૂર્ખથી મૂર્ખ અને અજ્ઞાનથી પણ અજ્ઞાન છે.

મારી સમજ પ્રમાણે તો સ્ત્રી તેમજ પુરુષ અથવા બાળક તેમજ બાલિકા સૃષ્ટિની ઉત્પત્તિને માટે સરખાં ઉપયોગી છે, એ વાત નિઃસંદેહ છે. પણ તે સિવાય બધી બાબતોમાં છોડી દશ આની અને છોકરો છ આની ઉપયોગી છે. મુદ્દે કહેવાની મતલબ એજ કે સંસાર ચલાવવાને સ્ત્રીઓની આટલી મ્હોટી અગત્ય છતાં, તેની કશી ગણત્રી આપણા લોકો કરતા નથી ને તેના સુધારા-વધારા માટે બેદરકાર રહેછે તે ઘણુંજ અયોગ્ય છે માટે તે બાબ-

વના ઉપાય થવા જોઇયે. આટલું નિવેદન કરી હું બેસી જવાની રજા લઉંછું.

તાલીઓની ગર્જના વચ્ચે ચંચલલક્ષ્મીએ પોતાનું સ્થાન લીધા બાદ પ્રમુખસ્થાને બિરાજેલાં લલિતાલક્ષ્મીએ જણાવ્યું કે,—

પ્રિય ભગિનીઓ! આજે બેહેન ચંચળલક્ષ્મીએ જે ભાષણ વાંચ્યું તે સર્વે બેહેનોએ ધ્યાન દઈ સાંભળ્યું હશે. એ બાબત ઉપર કોઇને પોતાના વિચાર દર્શાવવા અપેક્ષા હશે તો દર્શાવશો; કેમકે કપાળે કપાળે મતિ જુદી જુદી હોય છે. સાંભળેલું વ્યાખ્યાન પસંદ પડયું હોય તો તે પણ જણાવશો કે જેથી ભાષણકર્ત્તાને સંતોષ થાય.

મહાલક્ષ્મી—બેહેન ચંચળલક્ષ્મીએ હમણા જે ઉપયોગી નિબંધ વાંચી સંભળાવ્યો તેને હું અક્ષરે અક્ષર મળતી છું. આપણા લોકો છોકરા કરતાં છોકરી ઉપર ઓછી પ્રીતિ રાખે છે, એમાં હું કાંઈ અતિશયોક્તિ જેવું કહેતી નથી. કેટલીક વાર છોડીનો જન્મ આપનાર ગરીબ માતાને તેનાં નિર્દય સાસરિયાં સુવાવડમાં પૂરૂં ખાવાને પણ આપતાં નથી. પણ જો પુત્રનો જન્મ થાય છે, તો તેને ખાન પાન તથા ઔષધોપચાર બહુ સારી રીતે કરે છે. આ દેખીતો પક્ષપાત છે. આવી રીતે ભેદ રાખી અન્યાય કરવો એ સારાં માણસને ઘટતું નથી છોકરાનો જન્મ થતાં સાકર વહેંચે છે ને છોડીનો જન્મ થયો સાંભળી જાણે કોઈ મહા આપત્તિ આવી હોય એમ ઉદાસ થઈ કેટલાકો શોક કરેછે! એ મૂર્તિમાન મૂર્ખતાજ છે. નહાની-કોમળ-બાલકી દૈવયોગે માંદી પડે તો તેની દીલ દઇ દવા કોઇ કરતું નથી ને તેની દરકાર પણ રાખતું નથી! હું આ આરોપ સઘળાં હિંદુ કુટુંબોપર મૂકતી

નથી, પણ ઘણાં કુટુંબોમાં એ ચાલ ચાલે છે. સ્ત્રીએ પુત્રનો જન્મ આપવો કે પુત્રીનો જન્મ આપવો એ કાર્ય સર્વ શકિતમાન્ ઇશ્વરનું છે; અને તેથી સર્વ બ્હેનો પ્રત્યે મ્હારી એજ પ્રાર્થના છે કે તેમણે પુત્ર-પુત્રીને ઉછેરવામાં લેશ પણ ભિન્નભાવ રાખવો જોઇયે નહિ.

કુમુદગૌરી—બ્હેન ચંચલલક્ષ્મીએ પોતાના નિબંધમાં ઘણી બાબતો સારી રીતે દર્શાવી આપણને માહિતી આપવાનો મ્હોટો ઉપકાર કર્યો છે. તેમના વિચારને અનુમોદન આપતાં મ્હારી તરફથી હું બે બોલ જણાવવા રજા લઉં છું, તે પણ સર્વે લક્ષમાં લેશો એવી આશા છે.—

કેટલાંક માણસોનું કહેવું થાય છે કે, છોડીઓનો જન્મ થયાં કરે અને મ્હોટી થયે તેમાંથી કોઈ કદાચ અનીતિને માર્ગે ઉતરે તો માબાપને ઘણું શરમાવું પડે; અને તેથી છોડીઓ કરતાં છોકરાઓનો જન્મ વધારે સારો ગણવો જોઇએ. આવા વિચારના માણસોએ જાણવું જોઇયે કે જેમ છોડી સારી ન નીકળે ને તેમાં માબાપને કલંક છે, તેમ તેમના છોકરાઓ પણ જ્યારે દુરાચારી નીકળે ત્યારે તેમાં તેટલુંજ કલંક અને શરમ છે. છોકરાઓનાં કાળા કર્મોથી માબાપને લાજ ન આવે અને છોડીને લીધે લજવાવું પડે, એ નિયમ નહિ પણ વિપરીત વિચાર છે. વાસ્તવિક રીતે તો બંનેનાં સારાં-નરસાં કામની જોખમદારી માબાપને માથે છે; અને તેથી તેમને એવી સારી સોબતમાં રાખવાં જોઇએ, કે જેથી બંનેને જોઇ સહુને સંતોષ થાય; અર્થાત્ બંનેપર સમાન પ્રેમ રાખવો, એટલું આગ્રહથી કહીને હું બેસી જવાની રજા લઉં છું.

લલિતાલક્ષ્મી—માનવંત બાઇઓ! આજે તમો બધાંએ અમૂલ્ય વખત રોકી અહીં પધારવા તસ્દી લીધી, તેથી તમો સર્વેનો સમાજ તરફથી હું આભાર માનુંછું. બેહેન ચંચળલક્ષ્મીએ વાંચેલો નિબંધ ઘણો ઉપયોગી અને સર્વને અમલ કરવા યોગ્ય છે. જેને આપણે સારાં કુટુંબ કહીએ છીએ તેવાં ખરેખરાં ખાનદાન અને કેળવાયલાં કુટુંબોમાં, પુત્ર અને પુત્રીઓ વચ્ચે ભેદ ગણવામાં આવતો નથી; તેમના જન્મ વખતે માબાપના મનમાં સરખી ખુશાલી ઉત્પન્ન થાય છે; એટલુંજ નહિ પણ તેમને ઉછેરી મ્હોટી કરવામાં અને વિદ્યાનો લાભ આપવામાં તેવાં માબાપો કોઈ પણ તરેહનો ભિન્નભાવ રાખતાં નથી. સર્વેને ફરી ફરી કહેવાનું એજ કે પુત્ર તથા પુત્રી ઈશ્વરને સરખાં વહાલાં છે અને જગતને પણ સરખાં ઉપયોગી છે. કેટલાંક માબાપો બાળપણથીજ પોતાની બાળકીઓની બરાબર સંભાળ રાખતાં નથી અને પછી તે મ્હોટી થયે દુર્ગુણી નીકળે ત્યારે પશ્ચાતાપ કરે છે. પણ પાછળથી પસ્તાવો કરવો એથી શું ફળ? છોડીઓને ન્હાનપણથી સત્સંગ કરવાની ટેવ પાડવી જોઇયે. હમણાંજ થોડાં અઠવાડિયાંપર મુંબઇનાં એક પ્રસિદ્ધ રોજીંદા પત્રમાં મેં વાંચ્યું હતું કે, આપણાં નેક નામ કૃપાવંત કૈસરે-હિન્દ મહારાણીશ્રી વિક્ટોરીઆને ત્યાં એવો બંદોબસ્ત છે કે કોઇપણ જાતનું પુસ્તક માતાની રજા વગર તેમના કુટુંબની રાજકન્યાઓના હાથમાં જવા પામતું નથી. એટલુંજ નહિ પણ તે રાજકન્યાઓ જે તરુણ બેહેનપણીઓની સોબત કરે, તેને માટે પણ સચોટ દેખરેખ રાખવામાં આવે છે. જુઓ બેહેનો! છોડીઓને સારે માર્ગે ચ્હડાવવા

ખુદ માબાપનું મહારાણી સાહેબ કેટલી બધી કાળજી રાખે છે ! ! આપણા હતભાગ્ય ભરતખંડમાં જો કોઇ કુટુંબની કન્યા થોડી ઘણી કેળવણી પામે તો તે અનેક તરેહની નિર્માલ્ય ચોપડીઓ પણ વાંચવા લાગે છે. વાંચનની રુચિ વધે એ સારૂં છે, પણ કયાં પુસ્તકો કયી અવસ્થાવાળાને વાંચવાં યોગ્ય છે, તેનો વિવેક રાખવો જોઇયે. છોકરાંઓ જે નાટક-ચેટક કે વાર્તાનાં પુસ્તકો વાંચે, તે વાંચવાની તેમને અગત્ય છે કે નહિ, તે ઉપર માબાપે લક્ષ રાખવું જોઇયે. ન્હાની ઉમરનાં કોમળ બાળકો, કે જેઓને વાંચનથીજ સારી-નઠારી અસર થવાનો પ્રત્યક્ષ સંભવ છે, એવાં બાળકોના હાથમાં અનીતિનાં બીજ રૂપ હલકાં પુસ્તકો કે નાટક-ફાટક મુદ્દલજ જવાં જોઇયે નહિ; તેમજ તેમને હમેશ કોનો સહવાસ છે, તે ઉપર પણ ધ્યાન આપવું જોઇયે. આથી છોકરા-છોકરીઓને ન્હાનપણથીજ સારા સંસ્કાર બેસશે, અનીતિનું નામ સુદ્ધાં નાબુત થશે. અને લોક કહે છે તેમ છોડીને જાળવતાં પછી કાંઇ મુશ્કેલી પડશે નહિ. હું ઉમેદ રાખું છું કે સર્વે બેહેનોએ બાઈ ચંચળલક્ષ્મી, મહાલક્ષ્મી અને કુમુદગૌરીનું બોલવું બરાબર સાંભળ્યું હશે. હવેથી આપણે તે પ્રમાણે વર્તવું, તેમજ આપણા સંબંધમાં આવનારાં સર્વે સ્ત્રી-પુરુષોને એવીજ સલાહ આપવી, એ આજથી ધ્યાનમાં રાખવાનું છે.

ચંદ્રમણિ—વખત ઘણો થયો છે, તથાપિ આજના વિષયપર હું કાંઇક કવિતા લખી લાવી છું, તે સર્વે બેહેનોસમક્ષ ગાઇ સંભળાવવા ઇચ્છું છું, તો કૃપા કરી તે સાંભળવાની સર્વે તસ્દી લેશો.

(ગરબી.)

સુણો બ્હેનો સર્વે આજ, વિનતિ મ્હારીરે,
હું કહુંછું સહુને કાજ, લેશો વિચારીરે;
જ્યારે આપણ આર્યોં ઘેર, જન્મે બાળારે,
ત્યારે માને મ્હોટા કેર, પ્રગટે જ્વાળારે. ૧
પ્હેલાં પુત્રની રાખે આશ, સર્વે નારીરે,
પુત્રિ જોઇને પામે ત્રાસ, રીત નઠારીરે;
તમે એવી ન રાખો આશ, ઓ નરનારીરે,
કદિ થાશો નહિં ઉદાસ, બ્હેનો મારીરે. ૨
જે ઉત્તમ કુળની નાર, એમ ન કરશેરે,
તે સર્વ પ્રસંગે સાર, ધીરજ ધરશેરે;
જે દુહિતાથી દુઃખાય, નારિ નઠારીરે,
જેને હૈયે હર્ષ સદાય, ઉત્તમ નારીરે. ૩
પુત્રીને લક્ષ્મી પેર, પ્રેમે પાળો રે,
માનો પરમેશ્વરની મ્હેર, નેહે નિહાળોરે;
એવી આર્યોની રીત, શીખજો શાણીરે,
તમે રાખો પ્રેમ પુનીત, રંક ને રાણીરે. ૪
આપો નીતિ રીતિનું જ્ઞાન, ઉત્તમ રીતેરે,
ગણો સુત ને સુતા સમાન, પૂરણ પ્રીતેરે;
દુખમાં લેશે સંભાળ, સુતા તમારીરે,
કહે કૃષ્ણા–હીરાલાલ, સુખ કરનારીરે. ૫

વિજળીબાઇ—બ્હેનો ! આજે બધી કેળવાયલી બાઇઓએ સાથે મળી પુત્ર–પુત્રી પ્રત્યે સમાન ભાવ રાખવા વિષે જે કિંમતી વિચારો દર્શાવ્યા, તેથી મને અત્યંત ખુશાલી ઉત્પન્ન થઇ છે. હવે અંહી બિરાજેલી સર્વે બાઇઓ પ્રત્યે મારી એટલી વિનંતી છે કે, આવી રીતે આવતા રવિવારે

ફરી સ્ત્રીસમાજ મળે અને કાંઈ ઉપયોગી ભાષણ થાય તો ઘણું સારૂં.

લલિતાલક્ષ્મી—વીજળી બ્હેન ! તમારૂં કહેવું યોગ્ય છે. સાંજને પહોરે બધાં ભેગાં મળી નકામો કાળ નિર્ગમન કરવો ને લોકનિંદા કરવી એથી આપણને થોડો ગેરફાયદો નથી. વાસ્તે કોઈપણ સારે સ્થળે ભેગાં મળી આજની પેઠે કોઈ ઉપયોગી બાબતપર ચર્ચા ચલાવીએ તો બહુ લાભ થાય. વીજળી બ્હેન ! તમેજ કહો કે આવતા રવિવારે કયા વિષયપર ભાષણ થાય તો બધાંને પસંદ પડતું થઈ શકે ?

વીજળીબાઈ—મને તો લાગે છે કે "બાળરક્ષણ" નો વિષય આપણાં એક ખાસ કર્તવ્ય તરિકે ગણી શકાય અને તેથી તે વિષય જો સહુ બ્હેનોની ઈચ્છા હોયતો રાખવો.

લલિતાલક્ષ્મી—(સ્ત્રીવૈદ્ય રુકિમણિબાઈ સામું જોઇને) આ વિષયપર માનવંતાં રુકિમણિબાઇ વ્યાખ્યાન આપે તો ઘણું સારૂં. આ વિષય તેમના અનુભવ અને અભ્યાસનો છે; એટલે તે સારી રીતે આપણને સમજાવી શકશે, એમાં કશો શક નથી.

રુકિમણિબાઈ—સર્વે બાઇઓની ઈચ્છા છે તો મારે તેમને અનુકૂળ ભાષણ આપવું, એ કાંઈ વિશેષ નથી. આવતા રવિવારે સાંઝે સાડાચાર વાગતા "બાળરક્ષણ" સંબંધે હું બોલીશ; ને તે વેળા આજની પેઠે સર્વે બાઇઓ પધારવાની તસ્દી લેશો.

એ પ્રમાણે નક્કી કરી સભા વિસર્જન કરવામાં આવી.

પ્રકરણ ત્રીજું.

બાળરક્ષણ વિષે ભાષણ.

(દોહરા.)

બાળકનું રક્ષણ કરે, વિશ્વનું રક્ષણ થાય;
માટે બાળક રક્ષવા, લેવા સરસ ઉપાય. ૧
બાળક વયમાં આવશે, જે ઉત્તમ આચાર;
તેવા સંસ્કારો વડે, સ્થાપિ થશે સંસાર. ૨
બાળકને સંભાળવાં, સુધારવાં દઇ જ્ઞાન;
માતપિતાનો ધર્મ એ, તેનું કરૂં બયાન. ૩

ઠરાવ પ્રમાણે રવિવારે સાંઝે સાડાચાર વાગે સ્ત્રી-શિક્ષક લલિતાલક્ષ્મીએ કન્યાશાળાના મકાનમાં સભા ભરીને તે પ્રસંગે ભાષણકર્તા ડાક્ટર રુક્મિણીબાઈ સાથે સર્વ સ્ત્રીમંડળ હાજર થયું. વીજળીબાઇ સાથે આ વાર્તાની નાયિકા હેમંતકુમારી તેમજ ગુલાબગૌરી, મણિલક્ષ્મી, વિજય-કુમારી વગેરે સંભાવિત ગૃહસ્થોની નવિન સ્ત્રીઓ પણ આવી હતી. બરાબર સમય થતાં સભાનું કામ શરૂ થયું અને ભાષણકર્ત્તાએ પ્રમુખ બાઇ ગુલાબગૌરીની સૂચનાને અનુસરી, મધ્ય સ્થળે ઉભાં થઈ જણાવ્યું કે,—

પ્રિયબ્હેનો ! આજનો વિષય આપણી સભાની પ્રત્યેક બાઇઓને બહુ ઉપયોગી છે ને તેથી હું આશા રાખું છું કે સર્વ બાઇઓ તેપર પૂરતું ધ્યાન આપવાની કૃપા કરશે. બાળરક્ષણ કરવું એટલે બાળકોની મ્હાવજત રાખવી એ

તેનો સાધારણ અર્થ, સર્વ ન્હાના-મ્હોટાં મનુષ્યો સમજે છે. પણ બાળકોની ક્યારથી અને કેવી રીતે મ્હાવજત રાખવી, તે થોડાંજ સમજતાં હશે. જન્મ થયા અગાઉ ગર્ભરૂપે બાળકની જે સ્થિતિ હોય છે, તે વખતે માતાએ ખાન-પાનાદિક નિયમો પાળવા જોઇયે. આપણા લોકોમાં રુચિ અનુસાર છુપી રીતે ખાવા-પીવાનું સાધારણ થઈ પડયું છે ને તેથી વખતે ઘણાં માઠાં પરિણામ નિપજે છે. ગર્ભાવસ્થામાં સ્ત્રીઓએ જેમ નુકશાનકારક પદાર્થો ખાવાથી દૂર રહેવું જોઇયે, તેમ અમંગળ બનાવો જોવા-સાંભળવાથી પણ પરહેજ રહેવું જોઇયે. ગર્ભાવસ્થામાં માતાના મનમાં જે કલ્પના કે સંસ્કારો પડે છે, તે જન્મતા બાળકમાં જન્મપર્યંત રહી જાય છે; માટે ગર્ભવંતી સ્ત્રીઓએ પોતે મનવશ કરી શરીર સંભાળ રાખવી જોઇયે. ઉપર કહ્યું તેમ અરુચિના કારણસર કેટલીક સ્ત્રીઓ કાચી આમલી, તેનાં બીજ, શેકેલી માટી, રાખ ઇત્યાદિ ખાવાની ઇચ્છા કરે છે, ને લાડકી અબળાઓને આસપાસથી તે પૂરી પાડવામાં આવે છે. આમાં અયોગ્ય લાડની જોડે નવરાશ પણ દોષરૂપ છે. વાસ્તે કોઇપણ સ્થિતિમાં સ્ત્રીઓએ તો શું પણ કોઇપણ મનુષ્યે નવરાં કે નિરુદ્યોગ રહેવું નહિ. ઉદ્યોગી માણસને એવા પદાર્થોનું મન થતું નથી ને તેમની તબિયતમાં બનતાં સુધી બિગાડ પણ થતો નથી. ખાટા-ખારા પદાર્થો ખાવાથી માતાનું શરીર બગડે છે, એટલુંજ નહિ પણ ગર્ભમાં રહેલાં બાળકની પ્રકૃતિમાં બિગાડ થાય છે ને તે બાપડાંને જન્મપર્યંત રોગરૂપે પીડે છે. ગર્ભવંતી સ્થિતિમાં કામકાજ ન બને તો સારાં સારાં પુસ્તકો વાંચવાં અથવા સારી સારી

વાતો સાંભળવી, પણ નિરુદ્યોગ રહેવું નહિ. ગર્ભમાં રહેલા બાળકનું શરીર વૃદ્ધિ પામે તેમાટે કેટલાકો સ્ત્રીઓને ઘણો પૌષ્ટિક ખોરાક આપે છે, પણ તેથી ઉલટું નુકશાન થાય છે; કેમકે એ સ્થિતિમાં ફરવાનું તેમજ કામકાજ કરવાનું બહુ થોડુંજ બને છે, તેથી ભારે ખોરાક પચી શકતો નથી. વળી આવી વેળાએ કેટલાકો ગર્ભવંતી સ્ત્રીના પોષણ-અર્થે તેવો ખોરાક આપવાનું પસંદ કરેછે, પરંતુ તેમ કરવું ઉચીત નથી, કેમકે ગર્ભની વેળાએ માસિક ઋતુ બંધ થાય છે ને તેથી માનું શરીર નિર્બળ થતું નથી; અર્થાત્ ભારે કે ઘણો ખોરાક આપવાથી ગર્ભવતી સ્ત્રીનું શરીર બગડે છે, તેમ ઓછો ખોરાક આપવાથી પણ નબળાઇ આવી શરીરમાં બગાડ થાય છે; માટે એ બાબતમાં યોગ્ય નિયમે વર્તવું જોઇયે. સહુ કબૂલ કરશે કે પુરુષ કરતાં સ્ત્રી-ઓનું હૃદય બહુ નબળું હોય છે, અને ગર્ભાવસ્થામાં તો તે વધારે નિર્બળ થાય છે. આ પ્રસંગે કોઇ ભયાનક પ્રયોગ જોવાથી અથવા સાંભળવાથી તેને કોઇ એવો રોગ થાય છે કે તેની અસર ગર્ભમાં રહેલા બાળકપર થાય છે, માટે એ બાબત પણ સર્વ માતાઓએ લક્ષ રાખવું જોઇયે.

બાળકનાં રક્ષણ માટે આ સહજ સૂચના, તેના જન્મ થવા અગાઉ સાવચેત રહેવા કહી. હવે બાળક પ્રસવ્યા પછીથી સંસારમાં પડવાને લાયક થાય ત્યાંસુધીની થોડી હકિકત કહીશું. બાળક બરાબર રીતે મળમૂત્રનો ત્યાગ કરે છે કે નહિ, બરાબર ધાવે છે કે નહિ અને બરાબર ઉંઘે છે કે કેમ? આ ત્રણ બાબતની માતાઓએ કાળજી રાખી તેનાં કારણો શોધી યોગ્ય ઉપચાર કરવા; ને તે વેળા બાળકની વતી પોતે

પણ કેટલીક ઔષધીઓ ખાવી અને પરહેજી પાળવી. બાળકોનાં આંખ, કાન સ્વચ્છ રાખવાની જેટલી જરૂર છે, તેથી વધારે જરૂર તુરતનાં જન્મેલાં બાળકોની નાળ કાપતાં શીખવાની છે. બાળકને શ્વાસ લેવામાં જો કાંઇ અડચણ થતી હોય તો તે પણ દૂર કરવી; તેમજ જન્મ્યા પછી કેટલે દિવસે, કેવી રીતે અને કેવા પાણીથી બાળકને નહ-રાવવું જોઇયે તે પણ ડાહી દાઇઓ દ્વારા અથવા વૃદ્ધ ડોસીઓથી શીખવું જોઇયે. બાળક જન્મતાં જે આનંદ ઉપજે છે, તેનો બદલો બાળક યોગ્ય ઉમરે આવતાં સુધી તેની પ્રકૃતિમાં જે ન્હાના પ્રકારનાં દુઃખો થાય છે, તેની ચિંતા અને મહેનત કરવામાં વળી રહે છે, એમ કહીએ તો કાંઇ ખોટું નથી. પણ તે ચિંતા અને મ્હાવજત કરવી એ પ્રત્યેક માત-પિતાને પ્રેમની લાગણી આપી પરમકૃપાળુ પ્રભુએ શીખવ્યું છે. બાળકનાં કુમળાં હાડપિંજરોને કેવી રીતે મર્દન કરવું, ઓરી-અછબડા-શીતળા દાંત ફૂટવા, કાનનું વહેવું તથા અકસ્માત રોગો થઇ આવે તો ઘરવૈદું તૈયારજ રાખવું, તેપણ ભવિષ્યની માતાઓએ શીખવવું છે.

બાળકની બે વરસની વય થયા પછી તેની જુદી જુદી ઇંદ્રિયો કેવી રીતે ખીલતી જાય છે, તેની તપાસ યુરોપિયન વિદ્વાનોએ કરેલી પ્રસિદ્ધ થઇ છે. તે ઉપરથી માલુમ પડે છે કે, બાળક જન્મતાંજ સરદી-ગરમી પારખવાની તેમજ અંધારૂં-અજવાળું ઓળખવાની ઇંદ્રિયો તેનામાં રહેલી હોય છે. ત્રીજા-ચોથા વર્ષે તે સાંભળી શકે છે ને ચાખવા સુંઘવાની ઇંદ્રિયો પ્રથમ ઘણીજ તીક્ષ્ણ હોય છે, પણ તે બેઉ વચ્ચે તફાવત જણાતો નથી. સુખ-દુઃખની લાગણીઓ

પ્રથમથીજ થવા માંડે છે, પણ માનસિક સુખ-દુઃખની અસર તો બીજે મહીને થાય છે. એજ અરસામાં ભાંગાતૂટા થોડા અક્ષરોના તે ઉચ્ચાર કરે છે. પ્રથમ બેઉ આંખો સરખી ઉઘડતી ઢંકાતી નથી, પણ ચોથે મહીને તે બરાબર ગતિમાં આવે છે. એ વેળા તે પોતાને પિછાને છે અને હાથ, પગ તરફ તેમજ દર્પણમાં પણ જોય છે. ભાષાજ્ઞાન થવા અગાઉ વિચારશક્તિ ખીલવા માંડે છે ને અનુમાનો પણ કરી શકે છે. પહેલું વર્ષ પૂરૂં થવા આવે છે ત્યારે બાળક અવાજની મારફતે પોતાના વિચારો પ્રદર્શિત કરે છે, એટલે બોલવું શરૂ થાય છે.

એ વિચારો વિદેશી વિદ્વાન્ પ્રેયરના છે. તે વળી જણાવે છે કે-બાળકોમાં લાગણીની ઈંદ્રિય ઘણી તીક્ષ્ણ હોય છે. જન્મ્યા પછી થોડાક કલાક જોકે ટાઢ-તાપ તેને બિલકુલ જણાતાં નથી પણ પાછળથી તેની ઘણી અસર થાય છે, ભયની પ્રેરણા બાળકોમાં વારસારૂપે ઉતરે છે, તેમ કેટલાક રોગો પણ વારસારૂપેજ તેના શરીરમાં દેખાય છે. આ સર્વેનાં નિદાન કરી માબાપોએ નિરોગી રહેવું અને બાળકોની પણ તે પ્રમાણે મ્હાવજત રાખવી.

બચ્ચાંને નહાનપણથી સારાં છોકરાં ભેગાં રમાડવાં, તેમજ જેથી તેની મનશક્તિમાં સુધારો-વધારો થાય તેવાં રમકડાં અને કપડા પૂરાં પાડવાં જોઇયે. ન્હાનાં બાળકને ભારે ખોરાક આપવો એ તેનામાં રોગોત્પત્તિ કરવા જેવું છે; માટે એકદમ ભારે કે બજારૂ ખોરાક નહિ આપતાં સાદો અને તાજો ખોરાક ઘરમાં બનાવીને આપવો.

કેટલાક વૈદ્યો બાળકો માટે જુદી જુદી તરેહની સોગ-ઠીઓ તથા ક્વાથો તૈયાર કરી વેચે છે. તેમાંની કેટલીકમાં ઉંઘ લાવવા માટે કેફી પદાર્થોનો ઉપયોગ કરેલો હોય છે ને કેટલીક અનુમાનથી બનાવેલી હોય છે. આ દવાઓ બિન-અનુભવી વૈદ્યો તરફથી બાળકની ચિકિત્સા કર્યા વગર બહાર પડેલી હોય છે, તો તેથી ઇચ્છિત ગુણ થતો નથી; પરંતુ નબ-ળાઈ, બદહજમી હાંફણ વગેરે મરજો ઉપજાવી સામું નુક-શાન કરે છે. વાસ્તે તેવી દવાઓથી સાવચેત રહી ઘર વૈદું કરવાની ટેવ રાખવી. ધુમાડો, ધૂળ, મેલાં કપડાં અને અં-ધારીઆં તથા હવા વગરનાં બંધિયાર ઘરોમાં બાળકની આંખો ખરાબ થઈ જાય છે ને ન્હાનપણુમાંજ ચસ્માં વાપરવાં પડે છે. આ સિવાય અતિશય શરદ હવા અને ઉજાશથી પણ બાળકોની આંખો બગડવાનો સંભવ છે, માટે તે બાબતની પણ પૂરતી સાવચેતી રાખવી જોઇએ.

હાલનાં કેટલાંક માબાપો બાળકોને બિલકુલ **રમત–ગમત** કરવા દેતાં નથી, એ પણ ઘણું ખોટું છે. રમત–ગમત એ બાળવયનો એક નિર્દોષ આનંદ છે ને તેમાં ઘણા શારીરિક સાથે માનસિક લાભો સમાયેલા છે. આમ છે માટે વગર કારણે આડાં જવું ન જોઇએ. અલબત વિવેક કે મર્યાદા મૂકી દઇને બાળકો નઠારી રીતે બોલે ચાલે, તેનો એકદમ અટકાવ કરવો જોઇયે; પણ જે રમત ગમતથી તનનો અને મનનો સુધારો થતો હોય, તેવી રમતો તો સર્વ બાળકોને સુખરૂપ છે. માટે વિદ્યાભ્યાસ કરવાની ઉમ્મરમાં પણ રમ-તની અનુકૂળતા તો જરૂર કરી આપવી જોઇએ. વળી રમત જ ન્હાનાં બાળકોની કસરત છે.

સ્વચ્છતા એ બાળકની સંભાળનું પહેલું કામ છે. તે સ્વચ્છતા બહુ રૂડે પ્રકારે રાખવી જોઇયે. મનની સ્વચ્છતા નિખાલસપણું છે, તે માટે માબાપે બાળકોને નીતિમાન્ તથા આજ્ઞાપાળક બનાવવાં જોઇએ. નિરંકુશ બાળક માબાપને પીડે છે ને કેટલીક વાર માર પણ મારે છે! માટે બાળકોને લાડ લડાવવાં નહિ. તેના પરનો પ્રેમ મનમાં છુપો રાખવો. વારંવાર પંપાળવાથી ને વહાલ ખુલ્લું કરી બતાવવાથી બાળકો બગડી જાય છે ને હેતનો બદલો બહુ માઠો આપે છે. બાળકને સુધારવા આપણે શીખામણ આપશું, પણ આપ-ણેજ જો સારી રીતે નહીં ચાલીએ તો તે બાળક આપણો વાંક તુરત રજુ કરશે. માટે સુજ્ઞ માબાપો પોતેજ એવી સારી રીતે વર્તે છે કે, તેનું અનુકરણ બાળકો કરવા માંડે છે. માબાપોના ગુણાવગુણ બાળકોના કોમળ મગજમાં તુરત પ્રવેશ કરે છે, માટે બાળકોને સારાં બનાવવાં હોય તો માબાપે તે પ્રમાણે વર્તવું જોઇયે. બાળકોને આજ્ઞાપાલક બનાવવા માટે જે કામ તેમની કને કરાવવું ન હોય અથવા જે તેમનાથી બની શકે તેવું નહિ હોય તે કદી સોંપવુંજ નહિ. એકવાર ના કહેલી બાબત બીજીવાર તે કરે એવો હુકમ કદી પણ કરવો ન જોઇએ. બાળકો ભયથી તાબે થાય તે કરતાં પ્રેમથી તાબે થાય એવી ઉંચી અગત્ય તેના મગજમાં બરાબર ઠસાવવી જોઇયે. એમ થશે તો જ માબાપની હાજરીમાં તેમજ ગેરહાજરીમાં તે સારી રીતે કામ કરશે. અજ્ઞાન માબાપો બાળકને આજ્ઞાપાલક બનાવવાને કપડાં, રમકડાં કે મીઠાઇની કબુલાતો આપે છે, એ ટેવ બહુ ખોટી છે; કેમકે એ તો એક જાતની લાંચ જેવું થઇ પડે છે. જોઇતી

વસ્તુ પૂરી પાડવી એ માબાપની ફરજ છે તેમજ માબાપની આજ્ઞા પાળવી એ બાળકોનું કામ છે. તે વચ્ચે લાલચ કે લાંચની તો વાતજ ન જોઇએ.

બાળકો નઠારાં નિવડવાનો દોષ કેટલાંક માબાપો તેનાં નશીબ ઉપર મૂકે છે, પણ માબાપો પંડેજ બાળકોનાં નશીબરૂપ છે તે તેઓએ જાણવું જોઇએ. તેઓ જેવી કેળવણી આપશે, જેવી રીતે ઉછેરશે, જેવો સમાગમ કરાવશે અને તે જેવી જેવી રીતે વર્તન કરશે તેવાજ ગુણ-ધર્મ-કર્મ-આચરણ બાળકોનાં થશે; અર્થાત્ બાળકોની બધી જોખમદારી, જવાબદારી અને ભવિષ્ય વાસ્તવિક રીતે જોઇયે તો માબાપ ઉપર જ છે. માબાપો બાળકના કરતાં દરેક વિષયમાં વધતું ને સારૂં જ્ઞાન ધરાવે છે, એમ તેમની સમજમાં ઉતારવું જોઇયે. તે વગર બાળકો આજ્ઞાપાળક થઈ શકતાં નથી. કેટલીક વાર માતાઓ બાળકને વાંકમાંથી બચાવી લેવાને તેના વાંક છુપાવે છે અને તેના બાપને ખરી ખબર આપતી નથી. એથી બાળકો જુઠું બોલવા શીખે છે અને આગળ ઉપર મ્હોટા ગુનાહ કરી ગુપ્ત રાખવા તૈયાર થાય છે. વાસ્તે બાળકો ઉપર ખોટી દયા કરવી નહિ. **શામ દામ, ભેદ અને દંડ** એ ચારે પ્રકારે બાળકો ઉપર અંકુશ રાખવો.

બાળકોના મનનું વળણ ઓળખવું તેના સ્વતંત્ર વિચારોને ઉત્તેજન આપવું, ઈશ્વરભક્તિ શીખવવી, ધર્મનો બોધ કરવો, હાજરજવાબી બનાવવાં, શુદ્ધ લખતાં-વાચતાં-બોલતાં શીખવવું, યોગ્ય વયે શાળામાં મોકલવાં, પ્રેમપૂર્વક સદ્‌ગુણી બનાવવાં—ઈત્યાદિ ઘણા પ્રકારો શિક્ષણ આપવાના છે. તે કહેતાં ઘણું લંબાણ થાય પણ ટુંકામાં એટલુંજ કે જે શીખવવું તે ક્રમવાર અને પરિપકવજ શીખવવું. કાચા

ફળથી જેમ કશો લાભ નથી તેમાં કાચા શિક્ષણથી કાંઇ ફળ નથી.

બાળકોને થતાં દુઃખ–દરદોની તપાસ કર્યા વગર જ અજ્ઞાન માતા ઉંઘાડી મૂકવા અફીણની ગોળી આપે છે; અને મૂર્ખ પિતા ક્રોધે ભરાઇ મારફાડ કરવા માંડે છે! એ બંને પ્રકારો બહુ અયોગ્ય છે. વખતે તેથી એવી ભયંકર ભૂલ થાય છે કે તેનો પશ્ચાતાપ જીંદગી પર્યંત મટતો નથી.

શોભાને ખાતર કોમળ વયની બાળકીઓને છુંદણાં પાડવાનો ચાલ સુધરેલા શહેરોમાંથી નાબુત થયો છે, તે પ્રમાણે ગામડાંઓમાંથી પણ તે નિર્મૂલ થવો જોઇયે. કેમકે એવી કૃતિમ સુંદરતા લેવા જતાં નાજુક શરીરને નાહક મોટી વેદના વેઠવી પડે છે.

કલ્પિત વાર્તાઓથી નીતિ–વ્યવહારનું શિક્ષણ આપવું, પણ અતિશયોક્તિ ભરેલી ખોટી કથાઓ કહી બાળકોને વહેમી બનાવવાં નહિ. છેક ઉચ્છૃંખલ, અવિવેકી કે ઉડાઉ ન થાય તેની સંભાળ રાખવી તેમ મખ્ખીચૂસ કે સ્વાર્થી–પેટભરાં ન બને તેપર પણ ધ્યાન આપવું.

આ પ્રમાણે પોતાના અનુભવના ઉદ્‌ગારો ડાકટર રુકિમ-ણીબાઇએ કહી સંભળાવ્યાથી સર્વ બાઇઓને બહુ આનંદ ઉપજ્યો અને પ્રમુખ બાઇ ગુલાબગૌરીએ સર્વ સભાજનો તરફથી તેમને અભીનંદન આપ્યું; એટલુંજ નહિ પણ આજની સભાનો હેવાલ સુશીલ એક કુમારિકાએ ધ્યાન–પૂર્વક લખવા માંડયો હતો તે શબ્દશઃ ઉતારીને "સુધારક" પત્રમાં પ્રસિદ્ધ થવા મોકલ્યો. ગામ–પરગામથી સુજ્ઞ સદ્‌ગૃ-હસ્થોએ તે વાંચી ધન્યવાદના પત્રો લખ્યા અને સભાનું કામ નિરંતર એજ પ્રમાણે ચાલુ રહે, તે માટે કેટલાંક સાહિત્ય પૂરાં પાડવા ઉદાત્તતા બતાવી.

પ્રકરણ ચોથું.

હેમંતકુમારીનો વિદ્યાભ્યાસ.

(દોહરા.)

વિદ્યા ધનથી સુખ વધે, મળે માન સન્માન;
બુદ્ધિ વધે પશુતા ટળે, વિદ્યા બહુ બળવાન. ૧
સેવા નીતિ નમ્રતા, ડાહપણ ને ચતુરાઇ,
પઢાવજો સહુ પુત્રીને, ભલાં બાઇ ને ભાઇ. ૨

વીજળીબાઇએ હેમંત ઋતુમાં સકુમાર પુત્રીને જન્મ આપ્યો હતો, અને ત્રિપુરાનંદના પિતા ચંદ્રમુખરામ કલકત્તાના એક બાબુને ત્યાં ઘણા વર્ષ સુધી મહેતાગીરીમાં રહેલા હતા, એટલે તેમણે વિચાર કરી, પુત્રીનું નામ **હેમંતકુમારી** પાડયું. હેમંત યોગ્ય વયનાં, નિરોગી માત–પિતાને પેટે જન્મેલી હતી, તેથી તેના શરીરમાં કોઇપણ પ્રકારનો વ્યાધિ નહોતો. જોતાંજ તે મનમોહક લાગતી હતી. જેમ જેમ તે મ્હોટી થતી ગઈ, તેમ તેમ મુખમુદ્રા ઉપરથી જણાતું કે, આ છોડી મહા બુદ્ધિશાળી અને ભાગ્યવાન્ નીવડશે. વખત જતાં તેની વય ૭ વર્ષની થઈ.

ઉપર કહ્યા પ્રમાણે ત્રિપુરાનંદ કલકત્તામાં ઘણીવાર રહેતો હતો, પણ ગુમાસ્તાગિરી એટલે દુકાનના કામસર વર્ષમાં કેટલાક મહિના મુંબઈ રહેવું થતું. અહીં સ્ત્રીકેળવણીનો પ્રચાર જોઇને તેમના વિચાર સુધરેલા હતા. કલકત્તાના સુપ્રસિદ્ધ બાબુ વિપીન બિહારીલાલ એમ. એ.નાં પુત્રી

જ્યારે પ્રિવિયસમાં પાસ થયાં, ત્યારે લોકો તરફથી તેને બહુ માન મલ્યું હતું. આ સઘળું ત્રિપુરાનંદે જોયું સાંભળ્યું હતું; તેમજ મુંબઇ આવ્યા પછી શોરાબજી શેઠનાં પુત્રી શીરીનબાઈ તથા એહેરામજી બાટલીવાળાનાં દીકરી બચુબાઈ તથા રતનબાઈ વગેરેએ ઉંચા ધોરણ સુધી અંગ્રેજી–ગુજરાતી ભાષાનું જ્ઞાન મેળવ્યું હતું, તે પણ તેના જોવામાં આવ્યું હતું, ત્રિપુરાનંદની વિદ્યાપ્રીતિ આ વખતથીજ વૃદ્ધિ પામી હતી. મુંબઇની કન્યાશાળામાં ચાલતું શીવવા–ભરવાનું તથા ગુંથવાનું કામ જોઇ ત્રિપુરાનંદના મનમાં ઘણા દિવસથી એવા તર્કો આવતા કે પ્રભુ કદાપિ એક દીકરી આપશે તો આપણે પણ તેનો ભવ સુધારશું. એ ઇચ્છાપ્રમાણે ત્રિપુરાનંદને હમણાં શુભ સમય મળ્યો હતો; ને તેથી તે પોતાનાં અંતઃકરણમાં તે મનોરથ કરતો હતો.

ચંદ્રાપુર કન્યાશાળાની વાર્ષિક પરીક્ષા ગયા પછી, એપ્રિલની પહેલી તારીખે હેમંતકુમારીનું નામ તેના પિતાએ સ્કૂલમાં દાખલ કરાવ્યું; અને તાજેતર પાસ થઈ નેમાયમાં સ્ત્રીશિક્ષક માણેકલક્ષ્મીને તેના અભ્યાસ વિષે વિનંતીપૂર્વક ભલામણ કરી.

હેમંતકુમારી ડાહી તથા ચપળ હોવાથી બે વર્ષમાં ત્રણ ધોરણ પૂરાં કરી, ત્રીજે વર્ષે ચોથા ધોરણમાં આવી. શાળામાં સારી હાજરી આપનારને દર મહિને "સ્કૉલરશિપ" અથવા જુદી જુદી જાતનાં ઈનામો મળતાં હતાં. હેમંતકુમારી રજાવગર એક દિવસ પણ ગેરહાજર રહી નહોતી.

આથી દર મહિને હાજરીનું ઇનામ તેને મળતું હતું. તે પોતાનો અભ્યાસ બરાબર કરતી હતી, એટલુંજ નહિ પણ નિશાળમાં એક સ્ત્રીશિક્ષકની જરૂર જણાતાં મુખ્ય શિક્ષકની ઇચ્છાથી એક ઉતરતા કલાસમાં શિક્ષક દાખલ મદદ પણ કરતી હતી. મુખ્ય શિક્ષકને માથે કામનો બોજો વિશેષ હતો, અને તે સાથે પોતાનાં નહાનાં બાળકો સંભાળવાનું પણ તેના ઉપરજ હતું. હેમંતકુમારી સ્ત્રીશિક્ષકના નહાના પુત્રને પોતાના ભાઈ સમાન ગણી માયા રાખતી હતી અને કેટલીક વાર પ્રેમસહિત તેને સંભાળતી હતી. આથી તેની વહાલી શિક્ષકનું હેત તેનાપર વધે તેમાં આશ્ચર્ય નહિ. આવી ડાહી છોડી કોને ન ગમે ? સ્ત્રીશિક્ષકના ચારે હાથ તેના ઉપર હતા તેથી હેમંતકુમારી રજાના દિવસોમાં પણ પોતાની પ્રિય શિક્ષકને ઘેર પોતાનું શીવવા ભરવાનું કામ લઈ જતી, તેમજ સ્કૂલના લેશનમાં પણ વધારો કરતી હતી. એ પ્રમાણે બરોબર મહેનત કરવાથી થોડા વરસમાં તે ગુજરાતી છઠ્ઠા ધોરણમાં "પાસ" થઇ.

વાર્ષિક પરીક્ષા પૂરી થતાં ઇનામનો મેળાવડો કરવા માટે સ્ત્રીશિક્ષકે પોતાના વડા અધિકારીની સલાહ લીધી. તેઓ ઘણા ઉમંગી અને સ્ત્રીકેળવણીને ચાહનારા હતા. તેમણે ઉત્સાહથી હા કહી, પણ ઇનામોની શી રીતે વ્યવસ્થા કરવી, એ બાબત ચિંતા બતાવી. તરતજ માણેકલક્ષ્મીએ કહ્યું કે, ઇનામની રકમ મારી પાસે પૂરતી છે. સારી હાજરી આપનાર છોડીઓને માટે ખાનબહાદુર જડજ સાહેબ દર સાલ રૂપિયા ત્રીશ આપે છે, તેમજ પાદરી સાહેબના

ખાતા તરફથી મડમ સાહેબ શીવવા-ભરવાના કામમાં ઉત્તમ "માર્ક" મેળવનારને દર વર્ષે રૂપીઆ વીશ આપે છે. ઉપરાંત સ્કૂલખાતાં તરફનાં ઇનામ પણ છે, એટલે ફિકર કરવા જેવું નથી મેળાવડો કયી તારીખે કરવો અને કોને આમંત્રણ કરવાં તે નક્કી કરવાનું છે. વિદ્યાધિકારી સાહેબ બોલ્યા કે, હું સાંઝે દીવાન સાહેબને મળી નક્કી કરી તમને કહેવરાવીશ.

બારબાદ તેઓએ સોમવારે સ્હવારે સાડાઆઠ વાગતાં કન્યાશાળાના મકાનમાં ઇનામનો સમારંભ કરવા ઠરાવ રાખ્યો. માણેકલક્ષ્મી પોતાના કાર્યમાં કુશળ હતાં. તેમણે છોડીઓની યોગ્યતા પ્રમાણે સાળુ, ગવન, રેશમી ખંડ, ગુંથવાના સોયા, શીવણકામની કાતર, ભરવા-ગુંથવાના સામાન મૂકવાની મખમલની સુંદર પેટીઓ તથા ખાસ છોડીઓને વાંચવા લાયક પુસ્તકો,-**ઘરસત્તા, પ્રમદા, આર્યાચરિત્રવળી, કહાનકાવ્ય, ભામિનીભૂષણ, દુખિયારી દીવાળી** ઇત્યાદિ ઇનામ આપવા ખરીદ કર્યા હતાં. કયી વિદ્યાર્થીને કયું ઇનામ આપવું તે નક્કી કરી નામવાર ચીઠ્ઠી ચોડી, લીસ્ટ પણ કરી મૂક્યું હતું; કે જેથી ઇનામ આપતી વેળા બેરવ્યવસ્થા થાય નહિ.

સોમવારે સ્હવારમાંજ કન્યાશાળા આગળ સારી રચના થઈ. સુશોભિત ગાલીચા, મખમલ જડાવેલ ઉંચી તરેહની ખુરશીઓ, તથા ફુલઝાડ વગેરે સાહિત્યથી સરસ્વતીમંદિરને સણગારવામાં આવ્યું. ઇનામની સામગ્રી પણ તૈયાર કરી મૂકી હતી.

આજે શાળાની બધી બાળકીઓ બહુ ઉત્સાહમાં હતી. પરીક્ષક રાવસાહેબ તાપીશંકરભાઇએ કરેલી પરીક્ષાનું પરિણામ મનમાનતું હતું; અને તેથી સર્વેને સારાં ઇનામો મળવાનાં હતાં. થોડાજ વખતમાં સઘળી છોડીઓ હાજર થઇ ગઇ ને બરાબર વખત થતાં ઉત્સાહી સદ્‌ગૃહસ્થો સન્નારીઓ સહિત આવી પહોંચ્યા:—

મહેરબાન જજ સાહેબ, તેમનાં પત્ની તથા પુત્રી, રેવરંડ ડૉ. વેલ્સ તથા મિસીસ વેલ્સ, પ્રાર્થનાસમાજના પ્રમુખ તથા તેમનાં પત્ની, મિસ્તર અને મિસીસ જાગીરદાર, વકીલો, બારિસ્ટરો અને "સંસારસુધારક" પત્રના અધિપતિ તથા તેમનાં પત્ની, કૉલેજના પ્રિન્સિપાલ તથા તેમનાં પત્ની અને પુત્રીઓ; ઉપરાંત સ્કૂલ કમિટીના મેંબરો, શહેરના પ્રતિષ્ઠિત શ્રીમંતો અને સન્નારીઓએ આ શુભ કાર્યને ઉત્તેજન આપવા ઉલટસહિત ભાગ લીધો હતો.

સાડાઆઠમાં પાંચ મિનિટ બાકી હતી, તેટલામાં ગાડીનો ગડગડાટ સંભળાયો અને છડીદારે નેકી પોકારી એટલે સહુ સમજ્યા કે મહારાજા સાહેબ પધાર્યા. તુરતજ બધાં લોકોએ તેમને ઉભાં થઇ નમન કર્યું. મહારાજા ગાડીમાંથી ઉતરી પોતાના દિવાન તથા વિદ્યાધિકારીની સાથે શાળામાં પધારતાં બારણે ઉભેલા વાજીત્રવાળાઓએ સંગીતના મધુર ધ્વનિથી માન આપ્યું. સહુ પોતપોતાને સ્થાનકે બેઠાં એટલે રા. તાપીશંકરભાઇ હર્ષિત વદને ઉભા થયા અને નિશાળને લગતી સઘળી હકીકત તથા ચાલુ વર્ષનું ઉત્તમ પરિણામ જણાવી, સ્ત્રીશિક્ષકનાં વખાણ કર્યાં; તેમજ મહા-

રાજા સાહેબ કેળવણી સંબંધી કાર્યોને યોગ્ય ઉત્તેજન આપે છે, તેમાટે તેમનો અતિ ઉપકાર માન્યો. ત્યારબાદ ઉપલાં ધોરણની વિદ્યાર્થી બાળાઓએ બનાવેલાં ભરતકામ, ગુંથણકામ, શીવણકામ તથા ચિત્રકળાના સરસ નમુનાઓ મહારાજા સાહેબને તથા દીવાન સાહેબને બતાવ્યા. તકીઆ માટે મખમલ ઉપર રેશમથી એક વિચિત્ર પુષ્પવેલ ભરેલી હતી, તે જોઇ મહારાજા સાહેબે પરીક્ષકને પૂછ્યું કે, "આ તકીઓ કોણે ભરેલો છે?" રાવસાહેબ તાપીશંકરભાઇએ હેમંતકુમારીને માનસહિત ઉભી કરી કહ્યું કે "આ છોડીએ." આખી સ્કૂલમાં આ છોડી સહુથી સારી માલમ પડેછે. "પછી સ્ત્રીશિક્ષકની પ્રેરણાથી હેમંતકુમારીએ નીચે પ્રમાણે ભાષણ કર્યું:—

નેક નામદાર મહારાજા સાહેબ, માનવંત ગૃહસ્થો અને ગૃહિણીઓ !

આજે આપને બધાંને અંહી બિરાજેલાં જોઈ મને તેમજ મ્હારી સઘળી સાહેલીઓને ઘણો આનંદ થયો છે. અમારા જેવી ઉછરતી બાળાઓને ઉત્તેજન આપવા ઉદાર ગૃહસ્થો તરફથી જે આશ્રય અથવા સખાવત આપવામાં આવી છે, તેમાટે તેમનો તથા પધારેલાં સર્વેનો આ સ્કૂલની બાળિકાઓ તરફથી હું અત્યંત ઉપકાર માનુંછું; ને ઉમેદ રાખુંછું કે તમો સર્વે સાહેબો આ પ્રમાણે નિરંતર કેળવણી જેવા જગતહિતના મહત્ કાર્યમાં મદદ કર્યા કરશો.

આજના રૂડા પ્રસંગનો લાભ લઇ હું મ્હારી અલ્પમતિ પ્રમાણે "કન્યાઓને કેળવવાથી શાશા ફાયદા થાય છે" એ વિષયપર બે બોલ નિવેદન કરવાની રજા લઉંછું:-

સંસારમાં રહી પોતપોતાનાં કર્તવ્ય યોગ્ય રીતે કરવાને સઘળાં મનુષ્યોને કેળવણીની એક સરખી જરૂર છે. પુરુષો કરતાં સ્ત્રીઓએ બજાવવાની ફરજો કાંઈ થોડી નથી; અથવા તેમના કરતાં ઓછા મહત્વવાળી છે એમ પણ નથી; અને તેથી સ્ત્રીઓને કેળવણી આપવાની જરૂર નથી, એમ બોલનાર ઘણું કરી પોતેજ અજ્ઞાન અને અભણ હોય છે; અને તેથી કરી કેળવણીનો ખરો અર્થ નહિ સમજતાં સમજફેરને લીધે સ્ત્રીકેળવણીને નિંદે છે, અને તેથી સ્ત્રીજાતિને મ્હોટો અન્યાય થાય છે.

ઘરરૂપી રાજ્યનો પુરુષ રાજા અને સ્ત્રી તેનો મુખ્ય માનવંત મંત્રી અથવા પ્રધાન છે. ગ્રીસનો પ્રસિદ્ધ પંડિત એરિસ્ટોટલ કહેછે કે, કોઈ પણ દેશની ઉન્નતિનો આધાર રાજા કરતાં તેના પ્રધાન ઉપર વધારે આધાર રાખે છે, અને આર્યોના તેમજ ઇતર ધર્મ-પંથના વિદ્વાનોના વિચારો, વિદ્યા તેમજ ગૃહસ્થાશ્રમ સંબંધે બહુધા મળતાજ છે. વાસ્તે બરાબર ગૃહસ્થાશ્રમ ચલાવવામાં અથવા ઉત્તમ ગૃહસ્થાશ્રમના કામમાં ઉપયોગી થવાને પુરુષ કરતાં સ્ત્રીઓને કેળવણી આપવાની ઓછી અગત્ય નથી.

પોતાનાં ન્હાનકડાં અને પ્રિય બાળકોની ઉત્તમ પ્રકારે સંભાળ રાખવી તેમજ તેમને શરુઆતની કેળવણી આપવી, એ કામ ખાસ માતાઓનું છે. એક અજ્ઞાન સ્ત્રી પોતાનાં બાળકોને ઉછેરી મ્હોટાં કરે અને એક કેળવાયળી સ્ત્રી તે પ્રમાણે કરે, એ બેની વચ્ચે નિઃશંક મ્હોટો તફાવત પડેછે. શરીર સુખાકારીના સંબંધમાં ભણેલાં અને

અભણ માણસોની સ્થિતિ સરખાવી શકાશે નહિ, પરંતુ વ્યહારમાં, પરમાર્થમાં, ગજ-કાજમાં અને સ્વધર્મમાં કેળવાયલાં લોકો કેટલો સુધારો વધારો કરી શકે છે, તે બાબત અવસ્ય ધ્યાન આપવા જેવી છે. કેળવાયલા લોકોના વિચાર આચાર, ખાન-પાન, રીત-ભાત, વિદ્યા-કળા, બુદ્ધિ બળ, સઘળું અનુકરણ કરવા યોગ્ય હોય છે, ત્યારે તેથી વિરુધ વર્તનારાં મૂર્ખજનોની પ્રત્યેક બાબતો ત્યજવા યોગ્ય હોયછે. અભણ સ્ત્રીઓ પોતાનાં ૫-૬ વર્ષનાં કોમળ બાળકોને જ્યારે નિશાળે મોકલે છે, ત્યારે ટુંકા પગારના અશિક્ષિત અથવા અલ્પાનુભવી શિક્ષકોથી ઘણીક વાર મૂર્ખ અને નઠારાં બને છે; પરંતુ કેળવાયલી માતા તો સારાસાર સમજનારી હોવાથી પોતાનાં ન્હાનાં અને પ્રિય બાળકોને જ્યારે ભણાવવાનો વખત થાય છે, ત્યારે થોડીક કેળવણી તો ઘરમાંજ સારી રીતે આપવા માંડે છે. એવાં બાળકોનો અભ્યાસ વૃદ્ધિ પામતાં વિલંબ લાગતો નથી. અભણ માતા આમાંનું કશું કરી શકતી નથી. ભણેલી માત બાળકોને એવાં ઉત્તમ લક્ષણો શીખવે છે કે જન્મપર્યંત તે નિરોગી, મિતાહારી, નિર્વ્યસની, ગંભીર, વિદ્વાન, પરોપકારી અને સમયોચિત વર્તનાર થઈ પડે છે.

પ્રસિદ્ધ નેપોલિયન બોનાપાર્ટ કેળવાયલી માતાના પ્રતાપથીજ ઉત્તમ પદવીને પાત્ર થયો હતો. આ પુરુષ યુરપવાસી અંગ્રેજજ હતો બીજો કોનટ નામે જર્મન વિદ્વાન પણ માતારૂપી મહાન શિક્ષકના હાથ નીચેજ કેળવાયો હતો. અમેરિકાનો બીજો પ્રેસિડેન્ટ જૉન આડમ કહેછે કે-'મને હાલ જે સ્થિતિમાં જુઓ છો તે સ્થિતિ મારી માતાથીજ

છે. આવાં દૃષ્ટાન્તો અંગ્રેજ વિદ્વાનોનાં મળે છે એમજ નહિ પરંતુ દરેક કોમ અથવા વર્ણમાંથી મળી આવે છે; અને તે ઉપરથી સિદ્ધ થાય છે કે સ્ત્રીકેળવણી એ મહા મોટી અગત્યની બાબત છે ને તે બહુ રૂડે પ્રકારે આપવી જોઇયે.

સંસારરૂપી વિકટ માર્ગમાં વ્યવહારરૂપી ગાડી બરાબર ચલાવવાને સ્ત્રી-પુરુષ બન્નેએ વિદ્યા સંપાદન કરી સાધન-ભૂત થવું જોઇયે. વહેમી અને અભણ સ્ત્રી ન્હાનાં-મ્હોટાં દરેક કામોમાં પતિને પદે પદે કંટાળો આપે છે, પરંતુ ભણેલી બાઇથી તેમ થવાનો સંભવ કદી આવતો નથી. પતિ કહે છે કે,-'હવે આપણા કેશવને ધાવણ છોડાવવું જોઇયે', ત્યારે અભણ માતા કહેશે કે,-'હજુ એ વર્ષ તો હમણાંજ પૂરા થયાં, એટલામાં ધાવણ છોડાવવાની શી જરૂર છે?' કેળવાયલો કંથ કહેશે કે,-'ગયા શિયાળામાં સુંદરની તબિયત સારી નહોતી, તેથી શીતળા મૂકાવ્યાં નહોતાં, પણ હવે તો ચાલે તેમ નથી.' એના જવાબમાં સ્ત્રી ઝટ્ જવાબ દેશે કે,-'બળિયા ટંકાવ્યાથી કાંઇ બચાવ થવાનો નથી. શીતળા માતાની અને બળિયા બાપજીની આખડી રાખશું તો ઓદ્ધાર થશે. શીતળા ટાંકેલાં ઘણાંએ છોકરાં મરી ગયાં છે; તેમ છતાં તમારી ખુશી હશે તો આગળ ઉપર વાત.' એટલામાં કોઇ વળી બાળકોના લગ્નની વાત લાવે અને સમજુ પુરુષ કહે કે-'છોકરો હજુ ન્હાનો છે ને કન્યાની ઉમ્મર મોટી છે, માટે હમણાં વિવાહ કરવાની કાંઇ જરૂર નથી.'

આ સાંભળી અભણ સ્ત્રી ભારે કંકાસ કરે છે ને પતિને જંપવા દેતી નથી; એટલુંજ નહિ પણ પતિને કંટાળો

આપી પોતાનું ધાર્યું પાર પાડે છે. એને પરિણામે બાળકો દુખી થાય છે અને તે બાપડાંનો આખો ભવ બગડે છે.

અભણ સ્ત્રી વર-ઘરની સ્થિતિ તપાસ્યા શિવય દેખા-દેખીએ ઉડાઉ થતાં અચકાતી નથી; કિમતી લૂગડાં-ઘરેણાં વસાવવા ઉતાવળ કરે છે ને ભાવ તાલની જોગવાઈ પણ જોવા દેતી નથી; પતિને સુખે જમવા-સુવામાં શૂળરૂપ થઈ પડે છે ને બીજી બેહેનપણીઓનાં મેણાં-ઓઠાં આપી કાયર કાયર કરે છે! હું ખાત્રીથી કહું છું કે સંપૂર્ણ શીખીને બુદ્ધિશાળી થયેલી બાઈ કદી એવું પગલું ભરતી નથી.

આર્યદેશમાં સ્ત્રીકેળવણી આપવાની રૂઢિ હાલ નવી દાખલ કરવામાં આવી છે એમ નથી; ઘણા જૂના સમયમાં પણ સ્ત્રીશિક્ષણ મળતું હતું, ને તેવિષે ઇતિહાસોથી આપણને સંતોષકારક ખાત્રી મળે છે. **સીતા**, **તારા**, **દ્રૌપદી**, **દમયંતી** વગેરે રાજ્યમાતાઓ, **ગાર્ગી**, **મૈત્રેયી**, **કાત્યાયિની** વગેરે ઋષિપત્નીઓ, તેમજ **સરસ્વતી**, **સુલભા**, **લીલાવતી**, વગેરે અનુપમ આર્યાઓ મહાન ધર્મશીલા, પતિવ્રતા, અને સુશિક્ષિતા-પંડિતાઓ થઈ ગઇ, એ શું સૂચવે છે? સ્ત્રીકેળવણી; અને સ્ત્રીકેળવણીથીજ દેશનો ઉદય, સ્વર્ગતુલ્ય સુખ અને સદોદિત આનંદ!!

કેટલાક લોક કેળવણીનું ફળ કમાણીજ ગણે છે ને કહે છે કે સ્ત્રીએ ભણીને ક્યાં કમાવા જવું છે? આવા લોકોને કેળવણીના અર્થ કે ઉપયોગની પણ પૂરી ખબર હોતા નથી, તો બીજી તેથી શું આશા રાખીએ? કેટલાક કહે છે કે ભણેલી સ્ત્રી અનીતિનો માર્ગ પકડે છે! તેઓને પૂછવું જો-

હયે કે,–'પુરુષો વિદ્યા મળવાથી અનીતિવાન્ થતા નથી અને સ્ત્રીઓ ખરાબ બને છે, તેનું કારણ શું ? વળી કેળવાયલી સ્ત્રીઓ અનીતિવાન્ વધારે હોય છે કે વગર કેળવાયલી ? તેનો તપાસ કરો. ખરૂં પૂછાવો તો ઘણી સ્ત્રીઓ કાચી કેળવણીથી, ખોટી સંગતીથી અને તેવાજ આસપાસના નઠારા સંજોગથી બગડતી હશે; પરંતુ વાસ્તવિક રીતે વિચાર કરીએ તો કેળવણી એજ શુદ્ધ નીતિનો નિર્મળ માર્ગ છે. તેની કને અનીતિ–અન્યાય–અધર્મ કશું ટકી શકતું નથી. માટે દરેક સુજ્ઞ માત–પિતાએ પોતાની પ્રિય પુત્રીઓ ઉપર કૃપા કરીને તેમનું ભવિષ્ય સુધારવા રૂડી રીતે વિદ્યાભ્યાસ કરાવવો જોઇએ. આપણા નામદાર **મહારાજા** સાહેબ, દીવાન બહાદુર કૃષ્ણરાયભાઈ અને સ્ત્રીકેળવણીના માનવંત અધિકારી **તા**પીશંકરભાઇ, સ્ત્રીશિક્ષણની વૃદ્ધિ કરવાને નિરંતર ઉત્સાહી અને ઉદ્યોગી રહે છે, તેમાટે સર્વ સભા તરફથી હું તેમનો આભાર માનુંછું, તેમજ આ પ્રસંગે પધારેલાં દરેક ભાઇઓ અને બાઇઓને મોટો ધન્યવાદ આપતાં તેમણે મ્હારા અલ્પ વિચારો સાંભળવા તસ્દી લીધી તેમાટે ઉપકૃત છું. છેવટ સર્વશક્તિમાન્ પરમેશ્વરને નમનપૂર્વક પ્રાર્થના કરૂં છું કે તે કૃપાળુ પિતા સર્વના અંતઃકરણમાં નિરંતર સ્ત્રીશિક્ષણની પ્રેરણા કર્યા કરે. (તાળીઓ)

હેમંતકુમારીનું ભાષણ પૂરૂં થતા વરિષ્ઠ વિદ્યાધિકારી સાહેબે, **દી**વાન બહાદુરે, અને **મહારાજા** સાહેબે પોતાના વિચારો જણાવી હેમંતના વિચારને અનુમોદન આપ્યું; અને હાજર થયેલાં સ્ત્રી–પુરુષોને માટે સંતોષાનંદ પ્રદર્શિત કર્યો. ત્યારબાદ **વ**રિષ્ટ સત્તાધિકારીએ, **મહારાજા** સાહેબે

અને દીવાન બહાદુરે અંગ્રેજીમાં કેટલીક વાતચીત કરી અને તે વિચારને રેવરંડ ડૉ. વેલ્સ તથા ખા૦ બા૦ જજ સાહેબ મળતા થયા. તેઓએ કહેલી વાતની મતલબ એ હતી કે હેમંતકુમારીનો અભ્યાસ વખાણવાયોગ્ય છે ને ઇચ્છા હોય તો તેને "સ્કાલરશિપ" આપી હજુ પણ વિદ્યાભ્યાસને વૃદ્ધિ કરવી. રાવસાહેબ તાપીશંકરે જણાવ્યું કે,–એ બાબત પાછળથી પુછપરછ કરીશું. પછી ઉપરનાં ધોરણમાંથી મુકરર કરેલી છોડીઓને સંગીત ગાવા સ્ત્રિશિક્ષકે ઇસારો કરતાં "કહાનકાવ્ય"માંથી પાડે કરેલાં નીચેનાં પદો તેમણે મધુર સ્વરથી ગાઇ સંભળાવ્યાં,—

(ગરબો.)

"ગોકુળિયે લઈ ચાલો, ઓધવરાજ અમને"–એ. રાહ.

શારદ શારદ માત તમને
ચરણકમળ શીશ નામું, શારદ માત તમને. (ટેક)
પ્રેમરૂપી શુભ પુષ્પે વધાવું,
હૃદય મંદિર પધરાવું, શારદ માત તમને—ચરણકમળ૦ ૧
જગતજનની મનરંજની માતા,
શી ઉપમા હું આપું? શારદ માત તમને—ચરણકમળ૦ ૨
શક્તિસ્વરૂપે ભક્ત ઉદ્ધાર્યા,
જગતની ચિંતા તમામ, શારદ માત તમને–ચરણકમળ૦ ૩
નારદ પણ શારદ પદ પૂજે,
દેવ કરે છે પ્રણામ, શારદ માત તમને—ચરણકમળ૦ ૪
બાળબુદ્ધિ હું સ્તુતિ કરૂં શું?
વિદિત જગતની છે વાત, શારદ માત તમને–ચરણકમળ૦ ૫
જ્ઞાન નિરંતર ભાવ ભરોંસે,
સંભારે દિવસ ને રાત, શારદ માત તમને–ચરણકમળ૦ ૬

(ગરબો.)

"અજબ સલુણિ પ્યારિ મરગાનેણી,
તેં મોહન વશ કીધો રે"—એ. રાહ.
ભરત ચિત્ર ભણતરે ચતુરાઇ.
ઘર ધંધાની સાથે રે; (ટેક.)
અબળાએ એ સુખનાં સાધન,
હોંસે કરવાં હાથે રે. ભરત ચિત્ર૦ ૧
મન પ્રસન્ન એથી રહે છે ને,
ધનનો લાભ મળે છે રે;
સમય સફળ ઉદ્યોગે થાતાં,
આળસ અંગ ટળે છે રે. ભરત ચિત્ર૦ ૨
સુખ દુખ સમયે સહાયકારી,
આશ અવરની ખોટી રે;
થોડી મ્હેનત સ્વતંત્રતાથી,
મર્યાદા રે' મોટી રે. ભરત ચિત્ર૦ ૩
વિદ્યાગુણ વર્ણવ નવ થાએ,
અર્ણવ એ છે સુખનોરે.
સેવી જેણે શારદ દેવી,
તેને દિન નહિ દુખનો રે. ભરત ચિત્ર૦ ૪
સુપંથ સુખકારક સૂઝાડે,
તન મન આગ બુઝાવે રે;
ધર્મ-જ્ઞાન-નીતિ-ડા'પણની;
કાન બરોબરી ના'વેરે. ભરત ચિત્ર૦ ૫


(પદ.)

"ચેતે તો ચેતાવુંરે, પામર પ્રાણી"—એ. રાહ.
જુવતી લેજો ઝટ જાણી રે, વિવેક વાણી. (ટેક.)

છે સાચાં સુખની ખાણી,
વિદ્યાથી પણ વખાણી;
જન જીવિત તુલ્ય જણાણી રે. વિવેક વાણી.૧
ધન લાભ મળે એનાથી,
જન થાએ પ્રેમી સાથી;
મન પ્રસન્ન રહે ક્યાથી રે. વિવેક વાણી. ૨
શું લાવ્યા શું લઇ જાવું,
નહિ ટાણું આવે આવું;
વચને કાં દરિદ્ર થાવું રે. વિવેક વાણી. ૩
અતિ અચળ સુખો એ આપે,
જન વચન દોષ જો કાપે:
અવિચળ આનંદે થાપે રે. વિવેક વાણી. ૪
જૂઠું નહિ મુખમાં મનમાં,
જૂઠું નહિ ઘરમાં જનમાં;
જન મનાય તે મ્હાજનમાં રે. વિવેક વાણી.૫
ભામિનિ એ ભૂપણ ભાળી,
રાખોજી જીભ રસાળી;
મન મરજાદા સંભાળી રે. વિવેક વાણી. ૬
સુમતિથી સાર લઇયે,
જિભ જીતી સુખિયાં થઇયે;
કહે કાન વિચારો હૃદયે રે. વિવેક વાણી. ૭

મધુર ગાયનની ઢબ તથા મતલબ જાણી સર્વને અતિ સંતોષ થયો. તે પછી સ્ત્રીશિક્ષક માણેકલક્ષ્મીએ મહારાજા સાહેબના હાથમાં અનુક્રમે એક પછી એક ઇનામો આપ્યાં અને તેમણે તે દરેક ઇનામ પોતાના હાથે છોડીઓને આપ્યાં. દરેક છોડીએ આનંદ પૂર્વક ઇનામ લેતાં સલામ કરી,

વિનય દર્શાવ્યો. હેમંતકુમારીએ ન્હાની વય છતાં જે સરસ ભાષણ કર્યું, તેથી ખુશી થઇ મહારાજા સાહેબે એક ચીનાઇ સાડી ગુપ્ત રીતે મંગાવી રૂમાલમાં બાંધી હતી તે આપી; ઉપરાંત રૂપાનું એક ન્હાનું ઘડિયાળ પણ બક્ષીશ કર્યું. આ શિવાય હેમંતકુમારીને અભ્યાસ કરાવી આવી ઉચ્ચ સ્થિતિમાં લાવનાર સ્ત્રીશિક્ષકને રૂપિયા ચાળીશના આશરાની એક સુશોભિત સાડી મહારાજા સાહેબે આપી; તે તેણે સ્વીકારી ઉપકાર માન્યો. ત્યાર બાદ છોકરીઓને મેવા-મીઠાઇનાં વિશેષ ઇનામો આપવામાં આવ્યાં અને સભાસદો સર્વ ફુલ-પાન-અત્તર લઇ વિસર્જન થયા.



પ્રકરણ ૫ મું.

હેમંતકુમારીનાં લગ્ન.

(શાર્દૂલવિક્રીડિત.)

કન્યાવિક્રય જે કરે ધન લઈ, ધિક્કાર તેને ધરો,
કીર્તિના કદિ લોભથી કુળ જુએ, તે પાપિ પૂરો ખરો;
કીર્તિ-દ્રવ્યતણો કશો જગતમાં, જે સ્વાર્થ સાધે નહીં,
કન્યાના સુખનો વિચાર કરશે, તે પુણ્યશાળી સહી. ૧

સદ્ગુણી હેમંતકુમારી સુખી માબાપને ત્યાં લાડકોડમાં ઉછરેલી તથા તનદુરસ્તીના નિયમો જાળવનારી હોવાથી, ઉમ્મરના પ્રમાણમાં શરીરે મ્હોટી અને કદાવર લાગતી હતી; તેનું મુખ લંબગોળ અને તેજસ્વી હતું. કેશ લાંબા હતા. વિશાળ કપાળપરથી માલમ પડતું કે આ કુમારિકા મહા બુદ્ધિશાળી હોવી જોઇયે. તેનાં ચપળ નેત્ર હરિણના જેવાં તેજસ્વી હતાં. દાંત દાડમની કળી જેવા હતા. સ્ત્રીશિક્ષકે દાંત નહિ રંગેલા જોઇ આ બાળિકાએ પણ કુદરતની ઇચ્છાવિરૂદ્ધ ઇશ્વરી કૃત્યમાં ફેરફાર કર્યો નહોતો. દિવસાનુદિવસ ઉમરના વધારા સાથે તેના સૌન્દર્યમાં પણ વધારો માલમ પડતો હતો.

એક દિવસ વીજળીબાઇ ત્રિપુરાનંદને કહેવા લાગી કે.– કેમ સાંભળોછો કે ? તમારી ઉંઘતો કોઈ દિવસ ઉડવાની નહિ. મને તો લોક ચુંટી ખાયછે અને કહે છે કે અગ્યાર–બાર વર્ષની છોડીને તે ક્યાંસુધી ઘરમાં ઘાલી મૂકશો ? શાસ્ત્રમાં

પણ કહ્યું છે કે, દશ વર્ષે પહેલાં પરણાવી દેવી જોઇયે; તે પછી પરણાવનારને કન્યાદાનનું પુણ્ય મળતું નથી; તથા તેનાં માબાપને પગલે પગલે મહા પાતક લાગે છે. વળી આપણે હવે કહેવાઇએ અને આપણીજ દીકરી મ્હોટી ઉમ્મરે પરણે તેમાં શી શોભા? આપણે ક્યાં ૪-૫ પરણાવવાં છે? કોને સુઝે છે કે કાલ શું થાશે? માટે આપણી છોડીને આ લગ્નગાળામાં પરણાવી દઇયે તો નચિંતાઈ થાય. કાલે ધનસુખરામ દવે મળ્યા હતા તે તો મ્હારી સન્મુખજ કહેવા લાગ્યા કે,–છોડી શરીરે વધવા લાગી છે, માટે એણ પરણાવ્યા વિના ચાલે તેમ નથી. જુઓને એમણે સાત વર્ષની છોડીને સાતસો રૂપિયા ખર્ચીને પરણાવી દીધી છે ના?

ત્રિપુરાનંદ દલગીર થઈ બોલ્યા—તું એમ કહે છે, પણ તારા કરતાં મને ઘણી ફિકર છે. તું જાણે છે કે જેને માથે કરજ હોય તેને અને જેની છોડી મ્હોટી થઈ હોય તેને સુખે ઉંઘ આવતી નથી. પણ તારે નક્કી માનવું કે આ વર્ષે બેહેનનું કાંઈ ચોકઠું બેસાર્યા વિના ચાલે તેમ નથી. બે વર્ષ વધારે થઇ ગયાં તેનું કારણ એ કે આપણી આબરૂ પ્રમાણે કુળવાન્ વર મળ્યા સિવાય જેવા તેવાને કન્યા આપી દેવાય નહિ; અને કુળવાન્ વર મળવો એ કાંઈ સહેલું કામ નથી. આપણી સ્થિતિ પડી મધ્યમ; હવે પૈસા ખર્ચ્યા શિવાય કામ પાર પડવું કઠણ છે. ફિકર નહિ. ગઈ કાલે મને મોતીભાઈ શેઠ મળ્યા હતા. તેમણે કહ્યું કે ચિંતા ન કરો, એકથી હજાર રૂપિયા સુધી જોઇયે તેટલા મારી દુકાનેથી સુખે લઇ જજો; અને સારૂં ઘર તથા સારો વર જોઇ એણ સાલ પરણાવો. એ શ્રીમંત ભલા મનુષ્ય છે. આપણા જેવા અનેકને

એમણે આશરો આપ્યો છે, પરમેશ્વર પૈસો આપો તો એવાનેજ આપજો. વળી લગ્ન અટકવાનું બીજું કારણ એ છે કે ગયું વર્ષ સિંહસ્થનું હતું તે તું કેમ ભૂલી ગઇ ?

એટલામાં તેના કરુણાશંકર કાકા આવી પહોંચ્યા. તેમને જોઇ લાજ કહાડી, વીજળીબાઇ ઘરમાં ગયાં. ત્રિપુરાનંદે કહ્યું:–'તમે તો જબરા આયુષ્યવાન્ દેખાઓછો, હમણાંજ મનમાં તમારૂં ચિંતન હતું. કહો ભાઇ ! ઘણા દિવસથી તમને એક સલાહ પૂછવા ધારૂંછું. અત્યાર સુધી આળસમાં અને વિચારમાં દિવસ કાઢ્યા, પણ હવે નિભે તેમ નથી ' કરુણાશંકરે કહ્યું,– સુખેથી તમારે જે પૃછવું હોય તે પૂછો. સ્નેહીનો તો ધર્મ છે કે પોતાના મિત્રને દરેક વખતે સારી સલાહ અને મદદ આપવી: તેમાં તમે તો સગા છો, તે શું હું જાણતો નથી? સગાંનાં કામ ક્યાંથી ?

ત્રિપુરાનદ—જુઓ ભાઈ ! આપણી હેમંત હવે મ્હોટી થવા આવી છે. અત્યારસુધી તો કેટલીક અડચણોથી નિભ્યું ગયું, પણ હવે ક્યાંઈ સંબંધ કર્યા શિવાય છુટકો નથી. છોકરો હોય ને કદાપિ બે વર્ષ મોડો પરણે, તેમાં ઝાઝી ફિકર નહિ; પણ છોડીને તો ક્યાંઈ વાલી મૂકાય તેમ છે ? માટે હવે કહો કે આપણે દેવાલાયક ક્યાં ક્યાં ઘરમાં કેવા કેવા વર છે ? બેહેનનો વિવાહ ક્યાં કરીએ તો સારૂં દેખાય !

કરુણાશંકર બોલ્યા.– ખરૂં છે. ભાઈ ત્રિપુરાનંદ ! થોડા દિવસપર સ્ત્રીઓની લાઇબ્રેરીમાંથી સ્ત્રીશિક્ષક સાથે આવતાં મેં આપણી હેમંતને જોઇ હતી. પ્રથમ તો મેં એને ઓળખી નહિ, પરંતુ પછી પુછ્યું ત્યારે એ છોડી બોલી કે,–કેમ

કાકા ! મને ઓળખતા નથી ?' ત્યારે મેં એને ઓળખી. એ છોડી તો પરણાવા જેવી થઈ ગઈ છે પણ તમારી આંખો હજુ ક્યાં ઉઘડે છે? બે વર્ષ પહેલાં એને કેમ પરણાવી નહિ?

ત્રિપુરાનંદ બોલ્યા—કરુણાશંકરભાઈ ! આપ કહો છો તે જાણે ઠીક છે; પણ છોડીઓને તેમ છોકરાઓને છેક ન્હાનપણમાં ઢીંગલા-ઢીંગલીની પેઠે પરણાવી દેવાં એ સારૂં નથી. એથી ઘણુંજ નુકશાન થાય છે. ન્હાનપણમાં પરણેલાં બાળકો બિચારાં સુખે અભ્યાસ કરી શકતાં નથી ને શરીરે પણ શક્તિહિણ થઈ જાય છે. મુંબઈ, મદ્રાસ, કોચીન, કલકત્તા તથા બીજા ઘણાં શહેરોમાં હું ધંધાને લીધે ગયેલો છું, પણ આપણા લોકોની પેઠે બધે સ્થળે છેક બાળપણમાં પરણાવવાનો ચાલ મેં સાંભળ્યો નથી. આપણા શાસ્ત્રમાં પણ બાળલગ્નની મના કહી છે. લોકો સમજ્યાવિના આંધળેભ્હેરૂં ચલાવ્યા કરે છે, પણ તે ઘણું ખોટું છે. કહ્યુંછે કે,—નવથી ત્રણ વર્ષ જતાં સુધીમાં એટલે ૧૦, ૧૧ અથવા ૧૨ વર્ષે કન્યાદાન આપવું તે સારૂં છે, અને તેથી બમણે વર્ષે પુરુષને સુખકારી છે.

આ તો સામાન્ય વાત થઈ, પણ ઘણાં ધર્મ પુસ્તકોના અભિપ્રાય જોઈએ તો બાળલગ્નથી વિરુદ્ધ છે. કેમકે આગળ ગૃહસ્થાશ્રમ સંપૂર્ણ વિદ્યાભ્યાસ કરીને જ માંડવામાં આવતો હતો; અને વેદ જેવા ગહન ગ્રંથો, ન્હાની વયમાં શિખી શકાય નહિ, એ દેખીતું જ છે. એથી સ્પષ્ટ થાય છે કે પૂર્વે બાળલગ્નની રૂઢિ નહિ હશે. વળી અગાઉ કેટલીક રાજકન્યાઓ અને ઋષિબાળાઓનાં સ્વયંવરથી લગ્ન થતાં એમ આપણે સાંભળ્યુંછે. અર્થાત્ તે કન્યાઓ પણ મ્હોટી ઉમ્મરની જ હોવી જોઈએ.

બીજું, આપણી લગ્નક્રિયા વખતે જે વિધિ થાય છે, તે પરથી માલમ પડે છે કે પરણનાર વર-કન્યા ન્હાની ઉમરનાં તો હોવાંજ ન જોઇયે, કેમકે જો તેમ હોય તો લગ્ન-વખતે જે પ્રતિજ્ઞાઓના શ્લોકો અરસપરસ કહેવાના છે તે તેઓ કદી કે સમજી શકે નહિ; અને સમજ્યા વિના કેવળ બ્રાહ્મણો મંત્ર ભણી જાય તેથી શો લાભ? હેમંતને કુંવારી રાખી છે તે કાંઈ અજાણમાં નથી. સમજીને જ તેમ કર્યું છે.

કરુણાશંકર—હું નહોતો જાણતો કે તમે આવા છેક સુધારાવાળા થઇ ગયા હશો. હું તો જાણતો હતો કે તમે કાંઇક સારા હશો, પણ તમે તો અર્ધ બગડેલા દેખાઓ છો.

ત્રિપુરાનંદ—ભાઇ! મ્હારા ને તમારા ઘણા વિચારો મળતા છે; અલબત કોઇક વિચારોમાં ફેર પડે છે તેનું કારણ એ કે, અમને કેટલાક ધર્મશાસ્ત્રનો સંબંધ રહ્યો તેથી કાંઇક સમજવામાં આવેછે; તેમાં વળી મુંબઇમાં થોડા માસ રહ્યા ત્યારે એક પારસી સુધારાવાળા કે જેમને લોકો મી૦ મલબારી કહે છે, તેમણે તે વખતે આખા શહેરમાં તો શું પણ આખા ભરતખંડમાં ભારે ચર્ચા કરી મૂકી અને નામદાર સરકારમાં અરજી કરી કે,-યોગ્ય ઉમ્મર વગર સ્ત્રી-પુરુષથી સંસાર-વ્યવહાર ચલાવાય નહિ. કદી બાળપણમાં લગ્ન થયાં હોય, પરતું સ્ત્રી-પુરુષનો સંબંધ તો યોગ્ય ઉમ્મરેજ થઇ શકે. આ ધારાને અનુસરી કેટલાક નિર્દય અને ઘાતકી ભર્તારોને શિક્ષા થઇ છે ને તે કાયદો પ્રસાર પણ થયો છે. આ કાયદાને "કનસેન બિલ" અથવા "સમ્મતિ વયનો ધારો" કહે છે. બાળલગ્નના અટકાવ માટે એ પરગજુ પારસીએ ઘણા પ્રયત્નો કર્યા છે, તે જો કે કાયદાની રૂયે બધા પાર પડયા નથી, પરંતુ લોકો તેમના હેતુ લક્ષમાં લાઇ

બાળલગ્ન કરતા અટકયા છે. સુધારાના સંબંધમાં આ કાંઇ જેવી તેવી વાત ગણાય નહિ. મારી કહેવાની મતલબ પણ એજ છે કે છોડીઓને બાળપણે પરણાવી દેવી એ રીત કોઇ પણ પ્રકારે પસંદ કરવા જોગ નથી.

કરુણાશંકર—ભાઇ ! હાલ તારા મગજનું કાંઈ ઠેકાણું નથી. લાંબાં લાંબાં ભાષણો સાંભળીને તું પણ પૂરો સુધારાવાળો બની ગયો હોઉં એમ જણાય છે. તને કયા રસ્તાપર મૂકવો તે મને હવે સુઝતું નથી.

ત્રિપુરાનંદ—મ્હારી વાત ખોટી હોય તો સુખેથી હું તે પાછી ખેંચી લઉં. મ્હારી કન્યા મ્હોટી થઇ ને તેને રસ્તે પાડવી એ કાર્ય કાંઇ નથી કરવું એમ નથા, પરંતુ તેનો ઉપયોગ બહુ વિચારીને કરવાનો છે કે જેથી અંતે પસ્તાવો ન થાય.

કરુણાશંકર—ઠીક છે, ત્યારે જો તમારી ઇચ્છા હોય તો કુળવાન્ અને તે સાથે ધનવાન્ વર બતાવું; અને જો ભણેલો-ગણેલો જોઇતો હોય તો તેવો ખોળી કાઢીએ. પણ ભણેલો શોધવા જતાં આપણી જ્ઞાતિમાં જેને કુલીન કહેવામાં આવે છે, તેવો વર તો હાથ આવવો મુસ્કેલ છે

ત્રિપુરાનંદ—એમ કેમ ? કુલીન અને ભણેલો ગણેલો જુવાન વર કેમ નહિ મળે ? તમારા બોલવાનો સ્પષ્ટ અર્થ હું સમજી શકતો નથી.

કરુણાશંકર—તમે ગામમાં વસો નહિ ને દેશ-પરદેશ ફરતા ફરો, તેથી જ્ઞાતિના રિવાજની તમને કાંઇ સમજણ નથી. ખરૂં કહેવરાવો તો તમે કેવળ વેદિયાજ ગણાઓ ! જુઓ આપણી જ્ઞાતિનાં આશરે ૩૦૦ ઘર છે. તેમાં સો ઘર વાળાનું તડ તો અસલથી જુદું છે, એટલે તે તો જાણે

જુદી ન્યાત હોય તેમ થઇ ગયું છે. એ લોકને અસલથી જુદા ગણ્યા છે; હવે તેઓ ભેગા દાખલ કરવા જેવા છે કે નહિ, એ વિષે આપણે પૂરા વાકેફ નથી. પણ તેનું કાંઇ કારણ હોવું જોઇયે. આગળ ઉપર આપણે કોઇ વૃદ્ધને પૂછી વાકેફ થઇશું; બાકી ઘર બસેંક રહ્યાં, તેમાં કેટલીક વિધવાઓ તથા એકલાં પડી ગયેલાં કુવારાં ડોસાંઓ બાદ કરતાં નક્કી ઘર એકસો ને પંચોતર બાકી છે. તેમાં પણ બે ત્રણ જથ્થા પડેલા છે; એટલે દરેક જથ્થામાં લગભગ ૫૦-૭૫ ઘર રહે છે. તેમાં દરેક જથ્થાવાળાએ એવી ગોઠવણ કરેલી છે કે અમુક કુટુંબની કન્યા પ્રથમથી ચાલતા આવેલા અમુક કુલીન ઘરનેજ આપવી ઘટારત છે. બીજે સ્થળે ચાલતાં સુધી આપતા નથી. તમો હવે કહેવાઓ છો; તમારી કન્યા જેવા તેવાને ઘેર જાય નહિ. એ તો જેને ઘેરે સેકડો રૂપિયા જમણવારમાં ખર્ચાયા હશે ને ઘીની વટલોઇઓ ઉપરા ઉપર ફરી હશે, તેવા કુલીનને ઘેર તમારી કન્યા આપવી ઘટારત છે. પછી ખુશી. મને તો પૂછ્યું તેથી ખરેખરૂં કહ્યું.

ત્રિપુરાનંદ બોલ્યા—તમે તો અનુભવી અને સમજુ છો; એટલે તમારા તરફથી જે સલાહ મળશે તે સારીજ મળશે એમ અમો માનીએ છીએ. વળી મ્હારા દાદાને જ્યારે છેલ્લો મંદવાડ આવ્યો ત્યારે તેઓ મને કહેતા હતા કે,–'ભાઇ જોજે, ગમે તેટલો ખર્ચ થાય તો ડરીશ નહિ પણ કન્યા તો કુલીનનેજ આપજે અને વડીલોની ચાલતી આવેલી કીર્ત્તિને ઝાંખ લગાડીશ નહિ.' આ વાત મને હમણાંજ યાદ આવે છે. તે જો કદાપિ હું વિસરી જાઉં તો મારાં વૃદ્ધ માતુશ્રી તેથી ક્લેશ કર્યા વગર રહે નહિ. માટે ઘરડાઓના

રિવાજ મુજબ કુલીનને સાંજ કન્યા આપવી એ આપણો નિશ્ચય એકજ થયો.

કરુણાશંકર બોલ્યા—જુઓ જગન્નાથ ત્રવાડીનો છોકરો એક સ્ત્રી છતાં પુત્ર માટે બીજી વાર પરણવા તૈયાર થયો છે; પણ રૂપીઆ ચારસો મળે તોજ તે કબૂલ રાખે તેમ છે. મનસુખરામ જાનીનો ભાઇ સોમનાથ હમણાજ રંડાયો છે, તે વર જલદી આપણે હાથ લાગવો મુશ્કેલ છે; કેમકે કેટલાક સારા ઘરવાળા તેની તજવીજમાં છે. રૂપિયા પાંચસો ખર્ચવાના હોય તોજ તેમને પૂછવા જવાય તેમ છે, નહિ તો વાતજ થાય નહિ. તે શિવાય રામશંકર જાનીનો જદુરામ પણ ગયે વરસેજ ઘરભંગ થયો છે, તે વરની ઉમ્મર વર્ષ ૪૨ ને આશરે છે; ને રૂપીઆ ૩૦૦–૪૦૦ માં પતે તેમ છે. કહો તો બીજા ન્હાની વયના કુળવાન્ વર ગણી બતાવું. પણ તેવા વરને તો વધારે રૂપિયા આપવા પડે તેમ છે. આપણી હેમંત જરા મ્હોટી થવા આવી છે, એટલે ન્હાનો વર તમને પસંદ પડશે નહિ, એમ ધારી તે તો તમને બતાવ્યાજ નથી. હવે નજરમાં આવે તેમ કરો.

ઘરની પરશાળમાં ચાલતી આ બધી વાતચીત, અંદરના ઓરડામાં કામ કરતાં હેમંત બરાબર સાંભળી ફિકર કરવા લાગી કે,—મ્હોટી ઉમરના ફક્ત કહેવાતાજ (વંશ–પરંપરાથી ચાલતા આવેલા) કુલીનને પૈસા ખર્ચી પિતાજી મને પરણાવશે, તો મારી કેવી ગતિ થશે? ગમતી જોડી મળ્યાવિના મારા દિવસો શી રીતે જશે? જેવી દૈવની મરજી.

સમજુ છોડી મનમાં ને મનમાં શાંતિથી સઘળા વિચારો સમાવી કશું બોલી નહિ; મર્યાદા છોડી આવેલા વિચારો જાહેર કરવા જેવી છૂટ હિંદુ છોડીઓથી લેવાઇ શકે નહિ.

એવી સ્વતંત્રતાને તેઓ અતિશય ઉદ્ધતાઈ અને અવિવેક સમજે છે. આવે પ્રસંગે નવિન કેળવણી કાંઇક પ્રેરણા કરે છે. તેના યોગે હેમંતકુમારીને હિંમત આવી અને પોતાના પિતાપર એક ચિઠ્ઠી લખીને પોતાની બેહેનપણી વિદ્યાગૌરી માર્ફતે તે મોકલી. તેણે તે ત્રિપુરાનંદના હાથમાં આપતાં કહ્યું કે,–'આ કાગળ બેહેને લખ્યો છે ને કહ્યું છે કે આથી જો કાંઈ અયોગ્ય લાગે તો ક્ષમા કરશો. રૂબરૂ કહેવાને જીભ ઉપડી નહિ, તેથીજ ચિઠ્ઠી લખી છે. માટે વિચારીને યોગ્ય લાગે તેમ કરશો.'

ત્રિપુરાનંદે ચિઠ્ઠી વાંચી:—

શિરછત્ર પિતાજી તથા વડીલ કાકા કરુણાશંકરજી,–

તમો હમણાં મને ઠેકાણે પાડવા માટે ઘણો શ્રમ લઈ વિચારમાં પડ્યા છો, તે હું સમજુ છું. 'કુલીન' શબ્દનો ખરો અર્થ સમજવામાં મ્હારા ને આપના વિચારોમાં ફેર પડે છે; અને તેથીજ ખરા કુલીન કોને કહેવા, એ સંબંધમાં આપણા એક મહાન કવિનું કહેવું પ્રસંગોપાત મને યાદ આવતાં તે આપને નિવેદન કરવાની રજા લઉછું. મને ખાત્રી છે કે આપ તે બરાબર લક્ષમાં લેશો ને તે પછી યોગ્ય કાર્ય કરશો.

(દોહરા.)

સદ્‌વિદ્યા સદ્‌ગુણ સદન, સદાચાર સુવિચાર;
ઉત્તમ કુળ તો એજ કે, જે ઘર સુખિ નર–નાર. ૧
કુસંપ ને કંજુસપણું, માનનિને નહિ માન;
એજ અધમથી અધમ કુળ, નિર્ધન નિર્વિદ્વાન. ૨
કુલિન નામનાં ઘર જુએ, ઉત્તમ વર નવ જોય;
કંથ–કામિનિ કષ્ટમાં, જન્મારો નિજ ખોય. ૩

માટે કુળ-ગુણ-વયવડે, વરકન્યા સમતુલ્ય;
જોવા વિનવું પ્રથમથી, રખે ન થાએ ભૂલ. ૪

લિ. આપની રંક પુત્રી
હેમંત.

'ચિઠ્ઠી' શબ્દ સાંભળતાંજ કરુણાશંકર કાકા ચમક્યા. ગુસ્સો દબાવી સાંભળ્યું તો ખરૂં, પણ મનમાં કાંઇ ને કાંઇ થઇ આવતાં એકદમ બોલી ઉઠ્યા,-જોયું અલ્યા ત્રિપુરાનંદ? છોડીને ભણાવ્યાનાં ફળ!! હજુ તો હવે ખબર પડશે. આજકાલની કીકી, મર્યાદા મૂકી બુઢા બાપને શીખામણ દેવા નીકળી છે; અને "કુળવાન્ જોઇયે,"-"ગુણવાન જોઇયે,"-"વિદ્વાન્ જોઇયે,"-"ઉદાર જોઇયે,- "ચતુર જોઇયે," "ભૂલ ન ખાશો"-એવી એવી પંચાતો કરે છે. સત્યાનાશ! એ તો બધું તારે ત્યાંજ ચાલે; અમારી કને તો એવું એક પળ પણ નિભી શકે નહિ. તું કેમ બોલતો નથી? તારે જો છોડીનુંજ માનવું હોય તો આ હું ચાલ્યો મારે ઘેર.

ત્રિપુરાનંદ બોલ્યાઃ-ભાઇ! એમ આકળા ન થાઓ. એણે લખ્યું તેમાં શું ખોટું કર્યું? એણે-બાળબુદ્ધિયે કહ્યું પણ કરવું તો આપણા હાથમાં છે. એને સંસારવ્યવહારની ને નાતજાતની ક્યાં ખબર છે? સોનું ને સુગંધ બંને તે ક્યાં ઠામ ઠામ મળી આવે છે? તમને અપમાન લાગ્યું હોય તો મારે ખાતર માફ કરશો. કહો હવે તમારી ઇચ્છા શી રીતે છે?

એટલામાં વીજળીના ભાઇ તાપીશંકર મહેતા બહારગામથી આવી પહોંચ્યા. તેમને ત્રિપુરાનંદે માન આપી બેસાડ્યા ને કહ્યું;-તમે પણ ઠીક ટાંકણે આવી પહોંચ્યા.

પછી તાપીશંકરને સઘળી હકિકત સમજાવી તે ઉપર વિચાર કરવા કહ્યું. ત્યાર બાદ સર્વેએ એકમત થઇ ઠરાવ્યું

કે–હેમંતનો વિવાહ રામશંકરના જદુરામ સાથે કરવો એ સર્વોત્તમ છે; કારણ કે તેથી સોકયનું દુઃખ રહેશે નહિ, રૂપિયા પણ આપણા ગજા ઉપરાંત ખર્ચ થશે નહિ, ઉમ્મર પણ ઠીક છે ને કુલીન પણ છે; એટલે બધી વાતે અનુકૂળતા છે.

તે પછી કરુણાશંકર પોતાને ઘેર ગયા ને ઠરાવ મુજબ વળતે દિવસ સઘળા ભેગા મળ્યા. (રામશંકર જાનીને "ભટ્ટજી" ના ઉપનામથી લોકો ઓળખતા હતા, માટે આપણે પણ તેજ સંજ્ઞા વાપરશું) ભટ્ટજીને તેડાવ્યા હતા તે પણ આ પ્રસંગે આવી પહોંચ્યા ને સઘળી હકિકતથી વાકેફ કર્યા. તેઓ ગંભીરતાથી બોલ્યા,–'ભાઇ ! ગમે તેવો બીજવર છે, પણ એ તો કુલીનનાં હાડકાં છે. ઓછામાં ઓછાં ચારસો પોળિયાં હોય તોજ વાત ઉઘાડી કરજો, નહિ તો બોલ્યું બરબાદ જશે.'

ત્રિપુરાનંદે સમય જોઈ તે રકમ મંજુર રાખી* ને ચૈત્ર શુદિ પાંચમે વરરાજાને ચાંલ્લો કર્યો. ચૈત્રીપુનેમનું લગ્ન નિર્ધાર્યું ને સગાં–સંબંધીઓને સાજન–મહાજનમાં મહાલવાની કંકોત્રીઓ લખી.

---

* નામનાજ કુલવાન્ વરને પૈસા આપી પુત્રી પરણાવવી એ જેમ ખોટું છે. તેમ સામસામાં સાટાં કરી કન્યા આપવી-લેવી. એ પણ અયોગ્ય છે. સાટાં કરવાથી કન્યાને લાયક વર મળી શકતો નથી તેમજ વરને લાયક કન્યા મળી શકતી નથી. તેથી જેમ તેમ લાકડે માંકડું વળગાડવા જેવું બને છે. કેટલીક જ્ઞાતિઓમાં કન્યાવિક્રય પણ થાય છે. પૈસા લઈ પુત્રીને વેચવી અને તેને 'કન્યાદાન' કહેવરાવવું એ પણ અત્યંત પાપ અને અસત્ય છે. એવો ધંધો ચલાવનાર માબાપો મહા અધમ અને ધિક્કારને પાત્ર છે; કન્યાવિક્રય કરનાર બ્રાહ્મણ હોય તથાપિ તેને અતિશુદ્ર-કસાઈ કરતાં પણ વધારે ઘાતકી અને પાતકી સમજવા. થોડા સમયપર વડનગરા નાગર જ્ઞાતિના એક ઉત-

વિદ્યાનુરાગી હેમંતકુમારી આ સર્વે જાણી પરિતાપ પામી. તે બાપડીનું કશું ચાલી શકે તેમ નહોતું, એટલે ઇશ્વરપર વિશ્વાસ રાખી જે બન્યું તે બધું મુંગે મ્હોડે જોયા કર્યું. ઘરમાં લગ્નોત્સવની તૈયારી ચાલી. જાન પરગામની નહોતી, પણ ગામમાંથીજ વર પરણવા આવનાર હતો, એટલે ઝાઝી કડાકૂટ નહોતી. લગ્નનો દિવસ છેક પાસે આવી પહોંચ્યો. વરરાજાના પિતા વરઘોડો કહાડી વાજાં વગડાવી પુત્રને પરણાવવા ચાલ્યા; ને ચૈત્ર શુદિ પુનેમે અમથા શુકલે શાસ્ત્રોક્ત વિધિનો ડોળ કરી, ભાંગાતૂટા–શુદ્ધાશુદ્ધ શ્લોક ભણી, 'વર–કન્યા સાવધાન'–'સમય વર્તે સાવધાન' ઇત્યાદિ મંત્રોચ્ચારથી લગ્નવિધિ પૂરી કરી.

લગ્ન પ્રસંગથી હેમન્તનું મન પ્રસન્ન નહોતું, તથાપિ રુઢિનાં બંધનસામે તેનાથી કશી છૂટ લેવાઈ નહિ. મનમારી વડીલોની આજ્ઞાને આધિન થઈ, તે બિચારી કશું બોલી નહિ. તેની બેહેનપણીઓ તેના જેટલી અંતરની દાઝ જાણનારી નહોતી, તેથી તે તો આ પ્રસંગને બહુ માંગળિક અને સુખકર ગણી પ્રસન્ન દેખાતી હતી. પોતાની સખીનું શુભલગ્ન શોભાવવા આ પ્રસંગે તેમણે કમળનયન પંડિત પાસે ખાસ કવિતા રચાવી મુખપાઠ કરી હતી, જે હમણાં મંડપમધ્યે મધુર સ્વરે ગાઇ સંભળાતી,—

(શાર્દુલવિક્રીડિત.)

વિશ્વેશા વિભુ ઇશ સર્વ કર્તા, સદ્‌ચિદ્‌ઘના સૌખ્યદા,
આશીર્વાદ દયાનિધે દિલથકી, દેશો સદા સર્વદા;

રતા કુળના પુરુષે કન્યાવિક્રય કરવાથી આખી જ્ઞાતિએ તેનો સંબંધ બંધ કર્યો હતો. એ દાખલો ભાટીઆ, વાણીઆ, લવાણા, તથા બ્રાહ્મણાદિ ઉચ્ચ જ્ઞાતિઓએ અવશ્ય લેવો જોઈયે: અને કન્યાવિક્રયનો ઘાતકી ધંધો બંધ પાડવો જોઇયે.

હે ત્રાતા સર્વજ્ઞ તાપહરતા, કર્ત્તા સદા સુકૃતી,
વિશ્વાધાર અખંડ ખૂબ ખુશિમાં, રાખો સુખી દંપતી. ૧

અર્પો ઇષ્ટ અભિષ્ટ શ્રેષ્ટ સુખને, સંકલ્પ સાચા કરો,
સર્વે દુષ્ટ વિનષ્ટ શત્રુ કરજો, શાન્તિ સુધા વિસ્તરો;
જિવ્હાગ્રે ધરજો સરસ્વતિ, ગૃહે સંપત્તિ, ચિત્તે મતી,
વિશ્વાધાર અખંડ ખૂબ ખુશિમાં, રાખો સુખી દંપતી. ૨
સારાસાર વિચારથીજ કરજો નિત્યે પ્રભુપ્રાર્થના,
સદ્ધર્માચરણે નિરંતર તમે, રાખો મનોવાસના;
આપી પૂર્ણ પ્રહર્ષ હર્ષ ગરવો, પાળો અતીથી અતી,
વિશ્વાધાર અખંડ ખૂબ ખુશિમાં, રાખો સુખી દંપતી. ૩
વિદ્યા-નીતિ અખૂટ જ્ઞાન જયશ્રી, સદ્ધર્મ સત્કર્મમાં,
વાધો ઉત્સવ સંપ મંગળ સદા, આ જોડિ સદ્ધર્મમાં;
આશીશે દશ દીશ શાંતિ વધજો, પામો રૂડી સંતતી,
વિશ્વાધાર અખંડ ખૂબ ખુશિમાં, રાખો સુખી દંપતી. ૪
પામો પ્રેમ પવિત્ર સર્વ જનનો, સંતુષ્ટ ઇચ્છા થજો,
જેજેકાર થઇ રહો ત્રિભુવને, અન્યોન્ય પ્રેમે ભજો;
રે'જો પ્રેમળ લ્હાવ, ભાવ મળજો, ઉત્કૃષ્ટ કાન્તા પતી,
બોલો મિત્ર સનેહિ એક સ્વરથી, જીવો ઘણું દંપતી. ૫

શ્લોક સંપૂર્ણ થયા પછી બીજી બે બાળિકાઓ જે બોલી, તેથી પણ પધારેલા જ્ઞાતિજનોને આનંદ થયો. તે શ્લોક નીચે પ્રમાણેઃ—

(શાર્દુલવિક્રીડિત.)

હે બ્હેની અતિ હર્ષ છે અમ દિલે, તારાં રૂડાં લગ્નથી,
સંસારી સુખ પામજો ગુણનિધિ, રો'દૂર સહુ વિઘ્નથી;

વિદ્યા પ્રેમ વિવેકથી દિન દિને, વાધો ઘણા સંપતી,
એવી છે અમ વાંચ્છના વિભુ સદા, રાખો સુખી દંપતી. ૧
આ સંસાર અસારમાં વિપતની, વાતો વડી સાંભળી,
ધારો ધૈર્ય હમેશ બેશ હૃદયે, ખીલેજ બુદ્ધિ ભલી;
રાખીને દૃઢ ભાવના મનવિષે, સેવો સદા સત્કૃતિ,
એવી છે અમ વાંછના વિભુ સદા, રાખો સુખી દંપતી. ૨
નીતિ–ભક્તિ–વિચાર તુંબિ લઇને, સંસાર સિંધુ તરો,
પામ્યાં માનવ જન્મ દુર્લભ ખરે, સાફલ્ય તે તો કરો;
વાંચો પુસ્તક પાઠ ઠાઠ તજિને, જેથી થશે સદ્ગતી,
એવી છે અમ વાંછના વિભુ સદા, રાખો સુખી દંપતી. ૩

લગ્નવિધિ પરિપૂર્ણ થયા પછી બીજે દિવસે વર–કન્યાએ કંસાર ખાધો, શુકલ મહારાજને દક્ષિણા આપી અને સગાં–સંબંધીઓએ* ચાંલ્લા કર્યા. સ્ત્રીશિક્ષક માણેકલક્ષ્મીએ 'દંપતીધર્મ' નામે ખાસ સોનેરી પુંઠાથી તૈયાર કરાવેલું એક સુશોભિત પુસ્તક હેમંતકુમારીને ભેટ આપ્યું, જે આ સમયને શોભતું અને પસંદ પડતું હતું.

જ્ઞાતિ રિવાજ પ્રમાણે થોડા દહાડા હેમંતકુમારી સાસરે રહી આવી. સાસરાંના ઘરની અવ્યવસ્થિત રીતથી તથા બીજી કેટલીક અડચણોને લીધે વધારે દિવસ તેને ત્યાં રહેવું અનુકૂળ પડયું નહિ. થોડા દિવસમાંજ તે પિતાને ત્યાં આવી ને પોતાને મળતો વખત વિદ્યા–વિનોદનાં, ભરત–ચિત્રમાં તેમજ ગૃહકાર્યમાં ગુજારવા લાગી. આટલું છતાં મનના ઘ-

---

* ચાંલ્લા કરવાનો ચાલ ગરીબ ગૃહસ્થને મદદ કરવા માટે પડેલો લાગે છે; પરંતુ હાલના સમયમાં તો શ્રીમંતને ત્યાં વધારે ચાંલ્લા અપાય છે ને ગરીબ માણસો પણ બે રૂપિયા ચાંલ્લાના કહી આપેછે, એ ઠીક નથી.

મોં તેને છોડતા નહિ. સાસરિયાંની શૂળી દરેક પલે યાદ આવતી ને તેમાટે તેને બહુ ઉદાસી ઉત્પન્ન થતી હતી.

કમળાં હેમંત પીયર આવી છે, એવી ખબર સ્ત્રીશિક્ષકને થતાં તે તેને મળવા આવી ને ખબર અંતરથી માહિત થતાં તેના મનમાં પણ દયા ઉપજી. વિજયનગરથી લલિતાલક્ષ્મીનો પત્ર આવ્યો હતો, તેવિષે તેણે કહ્યું;–'જે સ્ત્રીઓ અથવા કન્યાઓ જાહેર સ્ત્રીસમાજમાં સાર્વજનિક સુધારાવિષે પોતાના વિચારો સૂચવશે તેમને "નેશનલ ઇંડિયન એસોસિયેશન તરફથી સારૂં ઇનામ આપવા ઠરાવ થયો છે.'

હેમંત દુઃખી સ્થિતિમાં હતી પણ વિદ્યાપ્રાપ્તિને લીધે તે મગ્ન થઈ અને આતુરતાથી પૂછ્યું,–એ સભા કયાં છે? તેના સેક્રેટરી કોણ છે? અને તેની શી વ્યવસ્થા છે? તેવિષે જરા વિસ્તારથી સમજાવશો.

સ્ત્રીશિક્ષકે કહ્યું;—એ સભા વિલાયતમાં, મુંબાઇમાં તેમજ અમદાવાદમાં સ્થપાઈ છે. તેના સેક્રેટરીનું માનવંતું કાર્ય લંડનમાં મિસ. ઇ. એ. મેનિંગ બજાવેછે; મુંબાઇમાં નામદાર ન્યાયમુર્તિ મહાદેવ ગોવિંદ રાનાડેનાં પત્ની શ્રી રમાબાઈ વ્યવસ્થાપક અથવા ઉપરી છે; ને અમદાવાદમાં પણ આપણા શુભેચ્છક સુજ્ઞ લાલશંકરભાઇ ઉમીયાશંકર તેના અધ્યક્ષ છે. મારો વિચાર છે કે આવતા આદીતવારે આપણે કન્યાશાળામાં સ્વચ્છતાવિષે ચર્ચા કરવી; અને તમારે તે માટે બને તેટલા વિસ્તારથી વિચારો દર્શાવવા. તમે કાલે મને જરૂર મળજો એટલે બીજી જે જે બાઇઓને આમંત્રણ કરવાનું છે, તેની નોંધ કરશું.

રવિવારે સ્ત્રીસમાજ મેળવવાનો ઠરાવ કરી, માણેકલક્ષ્મી સ્ત્રીવૈધના બંગલા તરફ ગયાં; ને હેમંતકુમારી ચચેલી વાતો વિષેજ વિચાર કરતી બેઠી.

પ્રકરણ છઠ્ઠું

તન-મનની સ્વચ્છતા.

(સવૈયો—એકત્રીશો.)

ગુણિયલ ગુર્જર બ્હેનો મ્હારી, ભાવ ધરી સુણજો આ વાત,
સદા સ્વચ્છતા રાખી સર્વે, હૃદયવિષે રહિયે રળિયાત;
તનથી મનથી પાવન રે'તાં, ધન-આયુષ્-યશ વૃદ્ધિ થાય,
ભામિનિ એ ભૂષણથી શોભે, માટે તેનો કહું મહિમાય. ૧



હંસગૌરી—આજે આ આપણી સભામાં સભાજનોની સંખ્યા વિશેષ જોઈ હર્ષ ઉપજે છે. આજનો વિષય એવો તો સર્વદેશી અને સાર્વજનિક છે કે તેમાં મતભેદનો તો સંભવ જ નથી. આજની સમાજના પ્રમુખપદે ડૉકટર રુકિમણી બાઈ બિરાજે, એવી મ્હારી ઇચ્છા છે; કેમકે આ વિષય તેમને વધારે અનુકૂળ આવે એવો છે.

વિજયાલક્ષ્મી—બ્હેન હંસગૌરીના વિચારને હું મળતી છું; મને ઉમેદ છે કે બ્હેન રુકિમણીબાઇ પ્રમુખસ્થાન શોભાવશે.

રુકિમણીબાઇએ પ્રમુખની ખુરશીએ જઇ જણાવ્યું કે,—સર્વે બ્હેનોની ઇચ્છાને હું આધીન છું; સર્વે મળી મને વારંવાર માન આપો છો તે આપ સહુની મ્હારા પ્રત્યેની મમતા અને સૌજન્યતા છે. હવે બ્હેન માણેકલક્ષ્મી "સ્વચ્છતા" વિષે આજે નક્કી કરેલું પોતાનું વ્યાખ્યાન શરુ કરશે, જે એકચિત્તે સાંભળવાનો શ્રમ લેવા સર્વ બ્હેનોને મારી વિનંતી છે, માણેકલક્ષ્મીએ તે પછી ઉભાં થઇ જણાવ્યું કે,—વ્હાલી બ્હેનો!

આજે હું 'સ્વચ્છતા' જે સર્વેને ઘણીજ અગત્યની અને ઉપયોગી બાબત છે, તે વિષે ટુંકામાં મ્હારા વિચારો જણાવવા ઇચ્છું છું. આ વિષયનું માહાત્મ્ય તો સર્વ કોઇ જાણે છે, પણ તેનો યથેચ્છ ઉપયોગ ઘણાંજ થોડાં લોકો સમજતાં હશે; ને તેથીજ મેં એ વિષય અતિ સાધારણ છતાં આપ સર્વની સન્મુખ રજુ કરવાની જરૂર જોઇ છે.

સ્વચ્છતા એ આચારનો પ્રથમ નિયમ છે. અને તેજ આચારનું પ્રથમ અંગ છે. **आचारःपरमोधर्मः** એ નીતિના નિયમ પ્રમાણે પોતાનો ધર્મ બરાબર પાળવાની ઇચ્છા રાખનારે પ્રથમ પોતાનો આચાર બરાબર રીતે સંભાળવો જોઇયે. દરેક માણસે જાતે જેમ સ્વચ્છતાથી રહેવું એ અતિ જરૂરનું છે, તેમ દરેક ચીજ સંપૂર્ણ સ્વચ્છ રાખવી એ પણ જરૂરનું છે. તન–મનને ઘણોજ નિકટનો સંબંધ છે. તન–મન નિર્મળ રાખવાથી આરોગ્યતા જળવાઇ રહે છે. દરેક માણસે નિરોગી રહેવા માટે પ્રથમ પોતાનું શરીર સારી પેઠે સંભાળવું જોઇયે. કોઈ પણ નાની અથવા મ્હોટી વસ્તુ સુઘડતાથી જેટલી શોભી રહે છે, તેટલી બીજા કશાથી તે મનોહર લાગતી નથી. ગંદવાડજ મંદવાડનું મૂળ છે, તેથી મન પણ ખરાબ થાય છે. તન અને મનનો સંબંધ ઘણું કરી ઘડિયાળની કમાન અને ચક્રને મળતો છે; એટલે કે જો કમાન બગડી તો ચક્ર ચાલી શકતું નથી. આપણે અનુભવથી જાણી શકીએ છીએ કે જેનું શરીર નબળું હોય છે, તેનું મન પણ ઘણે ભાગે નબળુંજ હોય છે. તન અને મનને સારી સ્થિતિમાં રાખવાં, એ પ્રત્યેક માણસનું પહેલું અને અગત્યનું કર્તવ્ય છે. આ કર્તવ્યનું પ્રથમ પગ-

થોડું સ્વચ્છતા છે. શરીરની સ્વચ્છતા રાખવાના નિયમો અતિ સાધારણ છે; અને સહુ કોઇ જાણે છે કે—ન્હાવું ધોવું, ચોખ્ખાં લુગડાં રાખવાં, ગંદકીવાળી હવાથી દૂર રહેવું, ચોખ્ખો ખોરાક લેવો, નિર્મળ પાણી પીવું–ઇત્યાદિ. તથાપિ કહેવું જોઇયે કે માણુસે પોતાનું મન પ્રસન્ન રાખવાને પણ પ્રથમ સ્વચ્છ થવું જોઇયે. જેવી રીતે મલિન પદાર્થો નજરે જોવાનો પણ કંટાળો ઉપજે છે, તે પ્રમાણે મન મેલાં અને તન મેલાં માણુસોથી પણ દૂર રહેવું જોઇયે.

મન સ્વચ્છ કરવાને પ્રથમ તનથી સ્વચ્છ થવું જોઇયે. સ્વચ્છ શરીરવાળા મનપર જલદી સારી અસર થઇ શકે છે, કેમકે મનનો વેગ વીજળી કરતાં પણ વધારે છે. મનરૂપી અશ્વને અંકુશમાં રાખવો, એ કાંઇ જેવી તેવી બાબત નથી. મનની વિચિત્રતા વિષે કહ્યું છે તે યથાર્થ છે કે,-

(દોહો.)

મન ઢોંગી મન ધુર્ત્ત છે, મન મેગળ મસ્તાન;
મન સુધરે તો મિત્ર છે, નહિ તો શત્રુ સમાન. ૧

માટે મનને પ્રથમ સુધારવું જોઇયે. ચંચળ ચિત્તને સ્થિર કરવા જ્ઞાનસાધનની ઘણી જરૂર છે. પણ તેને ઉપર કહ્યું તેમ તનનો નિકટ સંબંધ છે. તે તન મનને રહેવાની જગ્યા પણ સ્વચ્છ જોઇયે. આહાર–વિહાર, સહવાસ અને સ્થાન પ્રમાણે મનુષ્યમાં ગુણ–દોષ આવેછે; માટે તે દરેકને સ્વચ્છ રાખવામાં લેશ પણ ખામી આવવી ન જોઇએ. મલિનતાથી તન–મનમાં અનેક દુઃખ ઉત્પન્ન થાય છે ને તે આપણા અમૂલ્ય આયુષ્યનો ભોગ લે છે. ઉતરતી પંક્તિની જ્ઞાતિનાં કેટલાંક મનુષ્યોમાં ઉચ્ચ–સદાચારી લોકો જેવું ઘર–થર

જોવામાં આવતું નથી, અને અકારણ કામ-ક્રોધાદિ દુર્ગુણોથી ઉદ્ધત થયેલાં જોવામાં આવેછે, તેનું એક કારણ તન-મનની મલિનતા અથવા અપવિત્રતા કહીએ તો ગેરવ્યાજબી ગણાશે નહિ. ઘણા અંગ્રેજ, પારસી અને મોહમેદન લોકો સ્વચ્છતા અને સુજ્ઞતાથી, વિદ્યા-કળા-કૌશલ્યની વૃદ્ધિ કરી સારી સ્થિતિપર આવવા લાગ્યા છે અને આપણા આર્યબંધુઓ દિન પ્રતિ દિન દરેક બાબતમાં પછાત પડી દુઃખ ભોગવે છે, એ તેમને માટે બહુ શરમ ભરેલું છે. અંતરની અને બહારની પવિત્રતા માટે આર્ય ઋષિ-પંડિતો પદે પદે ઉપદેશ કરી ગયાછે, તે છતાં હાલના કેટલાક આર્યો અનાર્યોની પેઠે મલિનતા રાખે છે, એ થોડું ખેદકારક નથી. બાયડી-છોકરાંનાં શરીરપર શોભાને અથવા આબરૂને ખાતર બશો-પાંચશોનું ઘરેણું ઘાલવાને તૈયાર પણ બે પૈસા ધોબીને ખરચી સ્વચ્છ લુગડાં પહેરવા-પહેરાવવામાં કરકસર! કીડી-માંકડાદિ ઝીણાં જંતુઓની આજીવિકા માટે ઉદાર અને મનુષ્ય પ્રાણિનાં સુખ-દુઃખ માટે બેદરકાર! બહારની શોભા માટે ફરનીચર વસાવવાને શ્રીમંત અને વિદ્યા-કળાદિ જીંદગી પર્યંતનાં સુખસાધન મેળવવાને ગરીબ! વૃથા વાહ વાહ માટે નાતો જમાડવામાં અને નાચો કરાવવામાં તૈયાર પણ અનાથને આશ્રય આપવાની વાતમાં આનાકાની! આ રીતે આપણા લોકોમાં શરીર અને મનની સ્વચ્છતા માટે જે કરકસર કરવામાં આવે છે, તે તો અવધિ છે. તન-મનની અવ્યવસ્થા અથવા અપવિત્રતા એટલી બધી વધી ગઇ છે કે તેનું વર્ણન કરતાં પણ ગ્લાનિ આવે છે. સુઘડતાનો ધડો, મનુષ્ય પ્રાણી અનેક પ્રાણિ-પદાર્થોથી પણ લઈ શકે. તે છતાં હાલ જે ખામી ચાલી રહી છે.

તેનું પ્રથમ કારણ તો આપણી અજ્ઞાનતા છે. માતાઓના સુધારા વગર પ્રજાનો અથવા જગતનો સુધારો કદી થવાનો જ નહિ; કેમકે મનુષ્ય સૃષ્ટિમાં ગુણ-દોષ દાખલ કરવાનું દ્વાર માતા છે. તે જેમ ઘરનો તેમ દુનિયાનો પણ સ્તંભ છે. થતી પ્રજાને પ્રથમ ગુણ-દોષ માતાથી મળે છે; અને મુખ્યત્વે માતાના ગુણોજ તે ગ્રહણ કરે છે. માતાની જેવી ચાલચલગત અથવા રહેણી કરણી હોય છે, તેવીજ બાળકોની થાય છે. બાળપણની છાપ આખી ઉંમર સુધી ટકી રહે છે, માટે સ્વચ્છતાના સંબંધમાં પણ સુધારો કરવા આપણે ઇચ્છિયે છીએ તો પ્રથમ આપણે જ તે પ્રમાણે પૂર્ણ સ્વચ્છતાથી રહેવું જોઇએ.

તન-મનની સ્વચ્છતા માટે ઘરની સ્વચ્છતા બહુ જરૂરની છે; કેમકે આયુષ્યનો મ્હોટામાં મ્હોટો ભાગ ઘરમાંજ ગાળવો પડે છે. ઘરમાં બહુ મનોરંજક સુઘડતા રાખવી જોઇએ. સુઘડતા શ્રીમંતાઇમાંજ સમાયલી છે, એમ કોઇએ સમજવું નહિ. ગરીબ ઘરમાં પણ સ્વચ્છતા રહી શકે છે. કિંમતી ફરનીચરોમાં કે ઉંચ્ચાં આભૂષણોમાં સ્વચ્છતા નથી, પણ કામ પૂરતાં રાચરચીલાંમાં અને સાદાં વસ્ત્રોમાં પણ રહી શકે છે. ચતુરાઇથી રાંધેલાં સાદાં ધાન્યો મિષ્ટાન્નથી પણ મધુર લાગે છે ને શરીર સુખાકારીમાં વૃદ્ધિ કરે છે. ગમે તેવો ઉત્તમ પદાર્થ પણ ગલીચ સ્થળમાં જેમ શોભતો નથી, તેમ ગમે તેવી ખાનપાનની રસિક સામગ્રીઓ પણ મેલાં અથવા કદરૂપાં વાસણોમાં મનપ્રિય થતી નથી. કહ્યું છે કે,–" આંખને ગમે તે મનને ગમે અને મનને ગમે તે મોંને ભાવે. " એ ખોટું નથી. વળી મન સ્વચ્છ રાખી એટલે એક ચિત્ત થઈ જે કામ કરવામાં આવે છે, તેજ વધારે સારૂં અને મનપસંદ થાય

છે; વાસ્તે ખાનપાનાદિ પ્રત્યેક ઘરકામ કરતાં ભાવસહિત મનને સ્થિર અને અખંડ રાખવું જોઇએ. રહેવાની અથવા સુવા–બેસવાની જગ્યા અસ્વચ્છ હોય છે તો માંકડ, મચ્છરાદિ ઝીણાં જંતુઓ બહુ દુઃખ દે છે ને તેથી સુખે સૂવાતું પણ નથી.

તન–મનની અને ઘરની સ્વચ્છતા કહેવામાં બાળકોની સ્વચ્છતાનો સમાશ થાય છે; તથાપિ કહેવું જોઇએકે મા–બાપ જો સ્વચ્છ–સુઘડ હશે તો તેનાં સંતાનો પણ તેવાંજ બનશે. માટે પોતે સ્વચ્છ રહેવું, એટલુંજ નહિ પણ નિરાધાર બાળકોને મળ–મૂત્રથી તુરતાતુરત શુદ્ધ કરી, સ્વચ્છ વસ્ત્રો પહેરાવવાં; ઘરેણાંનાં લાડ–કોડ ઘણાં જોખમ ભરેલાં ને ખર્ચાળ છે, માટે તેની વિશેષ ઇચ્છા નહિ કરતાં ઋતુને માફક આવે તેવાં ઝીણાં–જાડાં–ગરમ વસ્ત્રો પહેરાવી બાળકોનું પોષણ કરવું. તેમને ખુલી હવાનો લાભ આપવો; સારા પદાર્થો બતાવી બુદ્ધિશાળી બનાવવાં અને ટુકામાં કહું તો શરૂવાતજ એવી સારી કરવી કે છેવટે–અભ્યાસની વેળાએ તેમને ઘરની કેળવણી ઘણી સહાયકારક થઈ પડે. ઘરમાં વપરાતી ભાષાનો બાળકો બહાર ઉપયોગ કરે છે, માટે માબાપે સભ્ય તથા શુદ્ધ ભાષા વાપરવી. મશ્કરીની ટેવ રાખવી નહિ, તેમ તુંકારા, તોછડાઇ કે મેણાં મારવાની ટેવ પણ બાળકોને ન પડે તે માટે ખુબ સાવચેત રહેવું, લખવાની ભાષા પણ ગંભીરને સરલ રાખવી. આપણે અનુભવથી જોઇએ છીએ કે કેટલીકવાર માણસો પોતાની જીભને આધીન થઈ ગમે તેમ બોલે છે ને સારાં માણસને તો તે સાંભળવું પણ ગમતું નથી. આવાં વાક્યો ન્હાનાં બાળકો સાંભળે છે કે તુરત તે પ્રમાણે બોલવા માંડે છે ને

વગર મહેનતે તેના મગજમાં દુર્વિકારોનો મ્હોટો સંચય થાય છે. એથી કેવાં માઠાં પરિણામો આવશે, તે કહી શકાય નહિ.

વચનમાં તેમજ વર્તન-વ્યવહારમાં પણ માણસે શુદ્ધ થવું જોઇએ. અનિયમિત અને પ્રમાદીપણાથી ચિત્તનીશુદ્ધિ રહેતી નથી પણ તેથી વ્યવહાર-પરમાર્થ બંને બગડે છે. સ્વચ્છતાનો ભાવાર્થ બહારની ટાપટીપજ સમજવી નહિ, પણ ઉપર કહ્યું તેમ અનેક પ્રકારે તન-મનની બહુ સંભાળથી શુદ્ધિ કરવી એજ છે. તે માટે નિરંતર ઇશ્વરની ભક્તિ કરી તે સમર્થ પિતા પાસે માગવું કે,-તે આપણાં તન-મનની, મલિનતાથી મુક્તિ કરે. મલિન તન-મનવાળાં માણસોને સદા દુર્ભાગી સમજવાં. તેથી તેનું પોતાનું કે દુનિયાંનાં કોઈ પણ પ્રાણિનું કશું કલ્યાણ થઈ શકતું નથી. માટે દરેક માણસે, દરેક સમયે ને દરેક સ્થળે, તન મન-વચન સ્વચ્છ રાખી, પોતાના સર્વ વ્યવહાર ચલાવવા જોઇએ. આટલું કહી આજનો વિષય હું સમાપ્ત કરૂંછું.

અધ્યક્ષ ડાકટર રૂક્મિણીબાઇએ તે બાદ જણાવ્યું કે, આજને શુભ પ્રસંગે આપણી સમક્ષ સ્ત્રીશિક્ષક બાઈ માણેકલક્ષ્મીએ તન-મનની સ્વચ્છતા વિષે જે અમૂલ્ય ઉપદેશ આપ્યો તે સર્વે બહેનોને બહુ લાભકારી છે; ને તેથી તે પર પુખ્ત વિચાર કરી આપણે અમલ કરશું તો ખચીત બહુ લાભ થશે. આ વિષયના સંબંધમાં હવે કાંઈ કહેવાનું રહ્યું નથી, તથાપિ "હિતશિક્ષા" વિષે ખાસ રચેલી કવિતા ગાવા વિદ્યાર્થી બાઈ હેમંતકુમારીએ ઇચ્છા જણાવી છે, તે હવે સર્વે સાંભળવાની કૃપા કરશો, એવી હું આશા રાખુંછું.

તે પછી હેમંતકુમારી અને તેની સહાધ્યાયી વિદ્યાર્થી સવિતાગૌરીએ નીચે પ્રમાણે ગરબી ગાઈઃ—

(ગરબી.)

સુણજો હિતશિક્ષા સ્નેહથી, સાહેલી રે,
ભલું ભણતર ભણવા કાજ, આળસ મેલી રે; (ટેક.)
પ્રભાતે વહેલાં ઉઠવું, સાહેલી રે,
પ્રભુભક્તિ કરવી નિત્ય, આળસ મેલી રે;
સાસુની આજ્ઞા પાળિયે, સાહેલી રે,
ઘરકામ વિષે દો ચિત્ત, આળસ મેલી રે. ૧
શુભ શરીર નિર્મળ રાખવું, સાહેલી રે,
મન પણ તેવું દિન રાત, આળસ મેલી રે;
ભણિ નીતિ વચન સુખકારને, સાહેલી રે,
રહેવું હૃદયે રળિયાત, આળસ મેલી રે. ૨
શુભ ઘર વસ્તુ શોભાવવી, સાહેલી રે,
ઘર ઘરણીનો શણગાર, આળસ મેલી રે;
પતિને પરમેશ પ્રમાણિને, સાહેલી રે,
કરવી સેવા સુપ્રકાર, આળસ મેલી રે. ૩
વાંક હોય કદિ આપણો, સાહેલી રે,
તો કરિયે ના ઇનકાર, આળસ મેલી રે;
સામું કદિયે ના બોલવું, સાહેલી રે,
જેથી ક્લેશ ન થાય લગાર, આળસ મેલી રે. ૪
પતિના અવગુણો ન પેખવા, સાહેલી રે,
અંતર ધરવો ન અભાવ, આળસ મેલી રે;
રાખો નરમાશ સુશીલતા, સાહેલી રે,
સંસાર તણો લો લ્હાવ, આળસ મેલી રે. ૫

સહુ સગાં સંબંધી પરે, સાહેલી રે,
રાખો માયા શુભ રીત, આળસ મેલી રે;
જેથી થાય પરાયાં આપણાં, સાહેલી રે,
વધશે વળિ પ્રાત પ્રતીત, આળસ મેલી રે. ૬
રસોઈ રૂડી રાંધવી, સાહેલી રે,
જે પોષણનો આધાર; આળસ મેલી રે;
નિયમોને નવ ઉલંઘશો, સાહેલી રે,
એથી સુખ મળશે નિર્ધાર, આળસ મેલી રે. ૭
કોમળ બાળક સંભાળવાં, સાહેલી રે,
કદિ ભાંડો ના મુખ ગાળ, આળસ મેલી રે;
બગડે જેથી મન એઉનાં, સાહેલી રે,
નહિ રહે ઢંગ કે ઢાળ, આળસ મેલી રે. ૮
સહુ વાતે શાણાં બનો, સાહેલા રે,
શુભ કાર્યવિષે લો ભાગ, આળસ મેલી રે;
ઉત્તમ પુસ્તક વાંચવાં, સાહેલી રે,
શીખો શુભ ગીતો રાગ, આળસ મેલી રે. ૯
વારંવાર હું શું કહું, સાહેલી રે,
પછિ વીતી જાશે વેળ, આળસ મેલી રે;
ચેતો રે ચેતો ચિત્તથી, સાહેલી રે,
સહુ ખોટા થાશે ખેલ, આળસ મેલી રે. ૧૦
વિદ્યા-વિચાર-જ્ઞાને કરી, સાહેલી રે,
થશે ધર્મનું ઉત્તમ ધ્યાન, આળસ મેલી રે;
જ્ઞાન થકી હરિ રીઝશે, સાહેલી રે,
માટે ધરિયે તે ધ્યાન, આળસ મેલી રે. ૧૧

પ્રમુખ ડાકટર રુકિમણીબાઇએ ગરબી ગવાઇ રહ્યા બાદ જણાવ્યું કે,–આજની આપણી બેઠકમાં થયેલાં કિમતી વ્યાખ્યાન ઉપર વિચાર આપવા પહેલાં મારે જણાવવાનું કે વિદ્યાવિલાસી બાઈ હેમંતકુમારી તથા ડાહીગૌરીએ જે ગરબી ગાઇ સંભળાવી તે સર્વે બાઇઓને આનંદદાયક થઇ પડેલી જોઇ મને સંતોષ થયો છે, ને તે સર્વેને રોશન કરતાં મને બહુ હર્ષ થાય છે. "સ્વચ્છતા" વિષે સ્ત્રીશિક્ષક બાઇ માણેકલક્ષ્મીએ કરેલું વ્યાખ્યાન એટલું અસરકારક, ઉપયોગી અને સંપૂર્ણ છે કે તેની પુષ્ટિમાં મ્હારે વિશેષે કહેવાનું બાકી રહ્યું નથી; વળી એ વિષય ચોપાનિયાંઓમાં અને પુસ્તકોમાં પણ નિબંધરૂપે બહુ વાર ચર્ચાયો છે, ને કેટલીક બ્હેનોને હાલના પ્રસંગથી તે તાજો થયો હશે. સ્વચ્છતામાં લેશ પણ ખામી આવવાથી કેવાં મોટાં નુકશાનો થાય છે, તેનો એક દાખલો મને આ પ્રસંગે યાદ આવે છે, જે અતિ સામાન્ય હોવાથી સર્વેને બરાબર ધ્યાનમાં રહેશે. તે એ કે દૂધપાકનાં પાત્રમાં અથવા અથાણાંની બરણીઓમાં જો સહેજ પણ ખામી આવી જાય છે, એટલે કે દૂધમાં મીઠાંનો કે બીજાં કશાંનો લેશ પણ સ્પર્શ થાય છે તો તે બધું બરબાદ જાય છે. તેમજ અથાણામાં લોટવાળા હાથનો કે બીજાં કશાંનો પાશ બેસવાથી તે બધું રદ થઇ પડે છે. તેવીજ રીતે માનસિક શુદ્ધીના વિષયમાં પણ ધારો કે જો કદાચ કોઈ બાઈ સર્વ ગુણસંપન્ન હોય ને એકાદ પણ સાધારણ અવગુણ જો આંખે ચડવા યોગ્ય હોય તો તે બધા ગુણો ધૂળપર લીંપણની પેઠે પાણી ફેરવે છે; ને તેથી સાસરામાં કે પીયરમાં સમાસ તો શું પણ ઉભાને જગ્યા સુધાં રહેતી નથી. માટે શરીરની

શુદ્ધિ સાથે મનની શુદ્ધિ પણ પૂર્ણ વિધિપૂર્વક જાળવવી જોઇયે. કોઇ પણ ગુનાહ ભરેલું કૃત્ય કરવું નહિ અને સદા ઇશ્વરનો ડર રાખી નીતિમાર્ગે ચાલ્યાં જવું.

રાંધેલા પદાર્થો બગડી જવાથી અથવા શરીર પ્રકૃતિમાં વિકૃતિ થવાથી કેટલાંક બૈરાંઓ નજર લાગવાનો વહેમ બતાવે છે, પણ તેનાં પ્રથમ કારણરૂપ પોતાની કોઈ પણ તરેહની અસ્વચ્છતા કે ન્યૂનતા તરફ લક્ષ આપતાં નથી, એ ઘણું ખોટું છે. સર્વે બેહેનોને છેવટે વિનંતી પૂર્વક મ્હારી એટલી ભલામણ છે કે, આજના વિષય પર વારંવાર મનન કરી, ધ્યાન આપી, પોતાનું તન–મન, પોતાનું ઘર, પોતાનાં બાળકો, પોતાની વસ્તુઓ, પોતાનાં સ્નેહી–સંબંધીઓ અને ટુકાંમાં કહું તો પોતાને જેનો નિત્ય સંબંધ કે પરિચય હોય તે પ્રત્યેક પ્રાણિ–પદાર્થોમાં સ્વચ્છતા રાખવી ને સ્વચ્છતાથી ઇશ્વરભક્તિ કરી પોતાની ઉન્નતિ કરવી.

ત્યાર બાદ સભા વિસર્જન થઈ.



પ્રકરણ ૭ મું.

પીવાનાં પાણીની વિપત્તિ.

(દોહરા.)

અન્ન વિના જનને કદી, દિન ભર ચાલ્યું જાય;
પણ પાણીનું દુઃખ તે, પલ પણ ના સંખાય. ૧
ઉત્તમ જળને કારણે, ગ્રિષ્મ કાળનો તાપ;
વનિતા વેઠે છે સદા, તેહ વિચારો આપ. ૨
શ્રમ વણ નિર્મળ જળ મળે, એવા કરો ઉપાય;
અબળાની આશીષથી, જન સહુ સુખિયાં થાય. ૩

સુખમય વસંતઋતુ સમાપ્ત થયા પછી ગ્રીષ્મ ઋતુનો આરંભ થયો. ચોતરફ સખત તાપ-ઉકળાટનો ત્રાસ થવા લાગ્યો. સૂર્ય સરખા દયાળુ દેવે પણ જાણે નિર્દય થઈને નદી–નાળાંનાં જળ સૂકવી નાખ્યાં. ઘરમાં બેઠેલાં લોકોનાં હૃદય તાપથી તપી જવા લાગ્યાં, ત્યારે પ્રવાસીઓનાં તન–મનને ભારે સંતાપ થાય તેમાં શું આશ્ચર્ય ? ખારવાળી જમીન, અતિશય તાપથી તપીને ચળકવા લાગી અને ક્રૂર ખૂનીની પેઠે જળને માટે તલસતાં નિર્દોષ હરણોના પ્રાણ લેવા લાગી ! પ્રવાસી પતિ, નિર્દોષ નવયૌવના પ્રિયાને મૂકીને ચાલ્યો છે ને તેની યૌવનરૂપી લીલી વાડી જેમ વિરહતાપે બળવા લાગે છે, તેમ દવના અગ્નિએ આ ઋતુમાં સુંદર વન–લતાઓને બાળી રાનને સૂકું વેરાન બનાવી મૂક્યું છે. તાપથી રક્ષણ કરનારાં જોડા અને છત્રી તે પણ તપી જાય છે. સુકુમાર દેહવાળા શ્રીમાન્ લોકોથી થોડો પણ તાપ ન ખમાતાં ઘર–બંગલા ને વાડી–બગીચા છોડી કોઈ ખંડાળા તો કોઈ

માથેરાન, કોઈ પૂના તો કોઈ લાનોલી, કોઈ આબુ તો કોઈ ગોપિનાથ એમ અનુકૂળ પડતાં શીતલ સ્થળોમાં અને કોઈ તો આમ્રવૃક્ષની છાયામાં તંબુ મારી પડેલાં છે. અતિશય તાપ પડવાથી પ્રાણિઓની દૃષ્ટિ ટુંકી થઈ જાય છે. તે બાપડાં વખતે એક બિજાને જોઈ પણ શકતાં નથી. કોઈ પ્રાણીનો શબ્દ પણ સંભાળતો નથી. વખતે વંટોળિયો વા વાય છે, તે મ્હોટા સમુદ્રને પણ ડોળી નાખે છે ને મનુષ્યોનાં મન પણ અસ્થિર અને અવ્યવસ્થિત બને છે. વળી આ ઉન્હાળાના દિવસો પણ દૈવયોગે લાંબા હોય છે, તે દુઃખના દિવસોની પેઠે જલદી ખૂટતા નથી. આ ઋતુમાં પાણીનો ખપ વિશેષ પડે છે, પરંતુ નદી–નાળાં જળહીન થઈ જવાથી પનઘટપર ટોળે મળતી અબળાઓ દીનવત્ આક્રંદ કરે છે ! વખતે પરસ્પરમાં બોલચાલ પણ થાય છે.

આપણે પ્રથમ જણાવી ગયાં તે પ્રમાણે હેમંતકુમારીનો પતિ જદુરામભટ્ટ ચંદ્રાપુરનો રહેવાસી હતો, તથાપિ આ મ્હોટા શહેરમાં તેમના જેવા વિદ્યાવિહિન પુરુષનો કાંઈ બહોળો કે રૂડો ઉદ્યોગ–ધંધો ક્યાંથી ચાલી શકે ? એટલે તે વડીલોના વખતથી ચાલતો આવેલો યજમાનવૃત્તિનો ધંધો કરતો હતો; અને તેથી આખા વર્ષનો લગભગ પોણો ભાગ પોતાના યજમાનોની નજીક નરસિંપુરમાંજ વસવું થતું હતું. ગામડાંના પટેલોએ જૂનાં ગોરાણીને જોયાં હતાં. તે બહુ ભલાં હતાં. યજમાનોની પ્રીતિ સંપાદન કરવાના કામમાં તે કુશળ હતાં. જ્યારે જ્યારે ગામડાના પટેલો અનાજનાં ગાડાં લઇને અથવા સરકારી કામ માટે વસુલાતી અમલદારની કચેરીમાં આવવાના હોય, અથવા ચંદ્રાપુરના મહારાજાએ

કે કોઇ અમલદારે તેમને વેઠે કામ કરવા બોલાવ્યા હોય, ત્યારે તેઓ ગોરને ઘેર આવ્યા શિવાય રહેતા નહિ. જૂનાં ગોરાણી ઠંડું પાણી પાઇને તાપથી કાયર થયેલા ખેડુતોને શાન્તિ આપતાં હતાં. કેટલીકવાર ખેડુતોને ઘરકામે પણ આ શહેરની મુલાકાત લેવી પડતી હતી. કોઈ વેળા કોઈ ગુંચવણવાળી બાબતનો નિર્ણય કરવા આ ગોરનું ઘર એક સ્થાનકરૂપ થઈ પડતું હતું. જદુરામની પ્રથમ પત્ની જડાવવહુ ઘણીવાર આ યજમાનો અથવા મિજમાનોને ખાધાપીધાની ખબર પૂછતી હતી. આથી ગરીબ ગામડીઆઓ બહુ પ્રસન્ન રહેતા ને તેના સારા સ્વભાવની સ્તુતિ કરતા હતા.

હાલ ગ્રીષ્મઋતુ ચાલતી હોવાથી ગામડીઆઓનાં ટોળેટોળાં પાણી પીવા ગોર મહારાજનું ઘર પૂછતાં આવતાં હતાં. ચંદ્રાપુરમાં વસ્તી દિન પ્રતિ દિન વધતા જતી હતી, તેથી પાણીની પણ તાણ પડતી હતી. ચાર ભાગોળે માત્ર ચારજ કૂવા મીઠા પાણીના હતા, અને તે પણ શહેરથી લગભગ બે માઇલ દૂર હતા. ચંદ્રાપુરની જે સ્ત્રીઓ ભોગ જોગે મોડી ઉઠતી, તેમને આ ઋતુમાં જળના બહુ સાંસા પડતા હતા. કૂવાપર કલાકના કલાક સુધી ઉભી રહે ત્યારે તેને કાદવ-કચરાવાળું પાણી મળતું હતું. પાણી ભરીને ઘેર પહોંચતાં રસ્તામાં તાપનો ભારે ત્રાસ વેઠવો પડતો હતો. જદુરામે લગ્ન કર્યા પછી તેની વૃદ્ધ માતા મૃત્યુ શરણ થઈ હતી. ગરમીના દિવસમાં જ્યારે તે ઘેર આવતો ત્યારે પૈસા ખર્ચી પાણી મંગાવતો હતો. ખારા પાણીના કૂવા તો શહેરની અંદરજ હતા, એટલે તે તો હાથેજ તાણતો

હતો; પણ મીઠું પાણી પૈસા ખર્ચી મંગાવ્યા શિવાય ચાલે તેમ ન્હોતું; કેમકે યજમાનોની બરદાસમાં પાણીનો પહેલો ઉપયોગ કરવો પડતો હતો. જદુરામ જૂના વિચારનો અને બહુ ધર્મચુસ્ત હતો. તેને અન્ય જ્ઞાતિનું પાણી ખપે તેમ નહોતું. એમની જ્ઞાતિની સ્ત્રીઓ શુદ્રાદિક વરણ જોડે પૈસાને લોભે અધમ ધંધો આચરતાં શરમાતી નહિ પણ પોતાની જ્ઞાતિને ત્યાં પાણી ભરવામાં પોતાને અપમાન અથવા કલંક સમજતી ! આમ જદુરામને જડાવ ગોરાણી ગુજરી ગયા પછી ઉન્હાળામાં મીઠા પાણીની વેદના વેઠવી પડતી હતી. રાજનગર નિવાસી મરહુમ ઑનરેબલ રાવબહાદુર રણછોડલાલ છોટાલાલ સી. આઈ. ઈ.* જેવા પરોપકારી અને બુદ્ધિવાન્ નરો તે વેળા ચંદ્રાપુરમાં નહોતા, એટલે આ પુરાણા શહેરનું દુઃખ નિવારણ કરવાને કોઈ અગ્રેસર થાય એવો સંભવ બહુ થોડો હતો; તેમજ સ્વચ્છંદી રાજ્યકર્ત્તા તરફથી પણ આ સાર્વજનિક બાબતપર લક્ષ અપાતું નહોતું, તેથી પાણીને માટે પ્રજાપુકાર થયા કરતો હતો.

મ્હોટાં મળસકાંમાં ઉઠી જે સ્ત્રીઓ પાણી ભરવા જતી, તેમને ગામ બહારના બાગ-બગીચાંની ઈશ્વરી લીલા જોવાનો લ્હાવ મળતો; સંગાથની સ્ત્રીઓ સાથે વાતચિતથી વિનોદ થતો; સહિયરો સાથે પ્રસંગોપાત ગીતો ગાતાં વિપત્તિ વિસારે પડતી અને પ્રાતઃકાળના શીતળ પવનથી તન-મ-

* રાવબહાદુર રણછોડલાલ છોટાલાલે અમદાવાદમાં મીઠા પાણીની યોજના કરી તેથી હાલ સઘળી વર્ણનાં લોકો તેને આશીષ આપે છે ને મ્હોટો ઉપકાર માને છે. આ પુરૂષે અન્ય પણ લોક કલ્યાણનાં અનેક કાર્યો કર્યાં છે.

નને પણ સુખ ઉપજતું હતું. મધ્યમ સ્થિતિવાળાં બહોળાં કુટુંબોમાં, ગરીબ મનુષ્યોમાં અને જદુરામભટ્ટ જેવા "વૃત્તિવાળા"ઓને ત્યાં પાણીની આપદા પડે, એમાં નવાઈ નહિ જડાવ ગોરાણી ગુજરી ગયા છતાં જદુરામ ભટ્ટનો ગામડીઆ લોકો સાથનો જૂનો વહિવટ ચાલુ હતો. પાણીની તાણ હોવાથી બેહેન ચંડિકાબાઈ તથા પોતે ખારાં-મીઠાં પાણીનું મિશ્રણ કરી પરોણાઓને પાતાં, અને જેમ તેમ નિભાવ કરતાં હતાં. દુઃખી તૃષાતુરો જે મળતું તે સુખે દુઃખે પી જતા હતા. કેટલાક આ મિશ્રણની મોહકાણ જાણી જતા હતા, પણ ગંભીર થઈ જણાવતા નહોતા; અને જૂનાં ગોરાણીને સંભારતા હતા.

ગામડીઆ યજમાનોને જેમ પાણીનું તેમજ જમવાનું અને સૂવાનું પણ પરમ સંકટ હતું. જદુરામ અને તેનો બાપ ગમે તેવી પરોણાગત કરતા, પણ ગોરાણીના જેવો સંતોષ આપી શકતા નહિ. જેમ ઘરબાર સ્ત્રીઓથી શોભે છે, તેમ વિવેક પણ સ્ત્રીવર્ગના વિવેકના વગર ઝાંખો પડે છે. ચંડિકાબાઈ વિવેકી ગોરને ઘેર જન્મ્યા છતાં અવિવેકી કેમ હશે? એમ શંકા થાય એ સ્વભાવિક છે; પરંતુ તેનો દોષ તેમનાં માબાપપર મૂકવા કરતાં સહવાસ પર મૂકવો યોગ્ય ગણાશે. કેમકે તેઓ નહાનપણેથીજ એવી કુસંગતીમાં ફસાયાં હતાં કે માબાપના સારા સંસ્કારથી દુર્ભાગ્ય રહ્યાં હતાં. તેઓએ તો કેવળ મોળું પાણીજ પાવા માડયું. તેના સસરાને ત્યાં યજમાનવૃત્તિનો ઉદ્યોગ નહોતો અને પોતાના ભાઈ સાથે પણ ગામડામાં ઝાઝું જતાં નહિ એટલે પટેલોથી શો લાભ છે અને તેની શી રીતે સંભાળ રાખવી, તેથી તે બિલકુલ અજાણ હતાં. પટેલોનાં મન તેથી દુઃખાતાં અને નવી ગોરાણીની રાહ જોતા હતા.

એક દિવસ બે ચાર આબરૂદાર પટેલોએ કહ્યું,–' ભટ્ટજી, નવાં ગોરાણીને હવે ક્યારે તેડાવશો ? બૂઢ્ઢા મહારાજ જીવતા હતા ત્યાં સુધી તો તમે નિભાવતા હતા, પણ હવે તે ક્યાં સુધી દુઃખ વેઠશો ? ઉમ્મર તો પાણીના રેલાની પેઠે વહી ચાલી. લગભગ પીસ્તાલીશ–છેંતાલીશ વર્ષ તો પૂરાં થયાં હશે. નવાં ગોરાણી પણ હવે તો મ્હોટાં થયાં હશે, માટે બોલવો તો ઠીક. '

જદુરામભટ્ટ બોલ્યા—તમે સહુ કહો છો તે સત્ય છે. એકવાર નવી આવી હતી, પણ તે તો થોડાજ દિવસ રહી પલાયન કરી ગઈ. આપણે ઘેર એને ગોઠયું નહિ હોય. થોડા દિવસ એ આપણે ઘેરે રહી જાય તેને માટે વાંધો નથી, પણ ઈ કહેછે તેમ હું ચંદ્રાપુર રહીને શું કરૂં ? મને તમારા વગર શહેરમાં ગોઠે નહિ અને સાચું પુછાવો તો આપણને ત્યાં કાંઈ ધંધો પણ સૂઝે નહિ. મારે તો તમે સહુ ભાઇઓનો આશરો છે તેજ ઠીક છે. આ નરસંગપુર મારે મન તો સોનાની લંકા છે.

ડુંગરજી પટેલ—જુઓ જદુભટ્ટ ! તમારા બાપા અને તમે, ઘણા વરસથી અમારી પાસે રહો છો; એટલે તમે છતી બાઇડીએ દુઃખ વેઠો એ અમને ઠીક લાગતું નથી. શહેરમાં મેં નવાં ગોરાણીને જોયાં હતાં. અરે ! એ તો જાણે દેવી હોય નહિ એવાં રૂપાળાં લાગ્યાં. ગોર ! તમે તો ખરા નશીબવાન. હવે તમે શહેરમાં ઝટ્ટ જાઓ ને આપણે ઘેરે તેડી લાવો. પછી જીવ મળી જશે તો ઘરથી બહાર પગ મૂકશે નહિ. તમે અમને કાગળની ચીઠ્ઠી લખશો અથવા સમાચાર કહેવરાવશો તો ગાડું મોકલી દઇશું, તેમાં તમે

બે જણુ બેશીને અહીં આવજો ! બૂઠ્ઠા ગોર કાકાને મ્હારા બાપાએ એક પાડી ધરમમાં આપી હતી. તે અમારે ઘેરે હમણાં ભેંસ થઈ ગઈ છે. થોડા દિવસ પછી તે વીઆશે એટલે તમને આપશું. તમે બંને જણાં સુખે દૂધ ખાજો ને અહીંજ રહેજો. તમને સુખી ભાળી અમે પણ સુખ માનશું. કહો તમારો હવે શો વિચાર છે?

રામા પટેલે ડુંગરજીની વાતને મળતા થઈ જણાવ્યું કે, 'આવતી બારસ પછી ગોર દેવે ઘેરે જાવું ને નવી ગોરાણીને બોલાવવાં. તે પછી ચંદ્રાપુરમાં એક બે દિવસે મ્હોટી જમણવાર હતી તેની ખબર મળતાં બે દિવસ અગાઉથી જદુરામ ચંદ્રાપુર જવા તૈયાર થયો.

ઘેરે આવી સસરાને પ્રથમ મળ્યો. સાસુ સંગાથે જે વાતચીત કરવાની હતી તે કરી, ગુરુવારે હેમંત સહવર્તમાન અત્રેથી વિદાય થવા ઠરાવ કર્યો. આણામાં યથાશક્તિ ત્રિપુરાનંદ અને વીજળીબાઈએ હેમંત માટે કિમતી કપડાં કરાવ્યાં, અને જદુરામ જમાઈને સારી પેઠે કંસાર ઘી જમાડી તૃપ્ત કર્યા. સાસરે નિવાસ કરવો, એ આ સલૂણી સુકન્યાને કોઈ પણ પ્રકારે અસંતોષકારક નહોતું, પણ સાસરવાસો કેવો ને કેટલો તેના આચાર વિચારથી પ્રતિકૂલ છે, એ વિચારે મનમાં ને મનમાં તે બહુ મુંઝાતી હતી. વખતે વિચાર વમળમાં ઘુંચવાઈ નિરાશ થતી હતી, તેમ વખતે દૈવેચ્છા ઉપર આધાર રાખી નિશ્વાસ નાખી મનનું સમાધાન કરતી હતી. બાળબુદ્ધિ મેડીપર માતા પાસે જઈ કશું બોલ્યા ચાલ્યા વગર રડવા લાગી ને હૈયું ખાલી કર્યું. માએ ધીરજ આપી કહ્યું,–'બેહેન ! આમ અકળાયે કાંઈ

સિદ્ધિ નથી. તું વિદ્યાવતી ને સમજુ છું. ઘણીવાર માણુસનું ધાર્યું સુખ મળતું નથી. સુખની લલૂતા મૂકી સાચે ભાવે સ્વામીસેવા કરીશ તો જગતનો સ્વામી તને સહાય થશે ને સ્વપ્નમાં પણ દુર્લભ એવું ઉત્તમ સુખ તને પ્રાપ્ત કરશે. થોડા દિવસ પછી અમે તને પાછી બોલાવશું માટે દૃઢ થા.'

એ પ્રમાણે વીજળીબાઈએ ઉપદેશ આપી પોતાની પ્રાણથી પણ પ્રિય પુત્રીને સાસરે રવાના કરી. હેમંતકુમારી સર્વને સવિનય નમન કરી જુદી પડી. એક પખવાડિયું સાસરે રહી, તે દરમ્યાન પ્રત્યેક ઘરનાં કામકાજ કરવા ઉપરાંત દરરોજ પ્રાતઃકાળે ગામની ભાગોળે પાણી ભરવા જતી હતી હેમંતનું શરીર કાંઇક ઉંચું હતું ને જદુરામનાં ઘર માટિયર એટલે નીચાં હતાં.

ગ્રીષ્મ ઋતુમાં કેટલીક વાર પ્રભાતની ગુલાબી ઉંઘ આવે છે; કેમકે રાત્રિએ માંખડ-મચ્છરના ઉપદ્રવથી ઉજાગરો થાય છે. એક દિવસ હેમંતકુમારીની પણ તેવી સ્થિતિ થતાં વખતસર ઉઠાયું નહિ, તેથી જેવી ઉઠી કે તાબડતોબ પાણીની ચિંતા થઈને બેડું લઈ ગામની ભાગોળે નીકળી. કૂવામાં પાણી ખૂટી ગયું હતું, એટલે સરવણીમાંથી પાણી વહી આવીને કૂવાની અંદરનો ન્હાનો ખાડો ભરાય એટલી વાર તેને ત્યાં થોભવાની જરૂર પડી. સાથે રાખેલા લોટાવડે પાણી ઉલેચી એકઠું કર્યું અને પછી તાપ લાગવાના ભયથી ઉતાવળ કરી ઘેર આવવા નીકળી. ઘર નજીક આવતાં પસેવાથી પલળી ગઈ અને મનમાં વિચારવા લાગી કે મોડું ઉઠાયાથી આ દુઃખ થયું. હેમંત શાણી છતાં ઠપકાના ભયે વિચાર સાગરમાં ગોથાં ખાતી ઘર નજીક જઈ પહોંચી, અને સીધીને સીધી જેવી ઘરમાં પેસવા ગઈ, તેવોજ ઘડો

ઉપરથી પડી પગને વાગી નીચે પડ્યો. ગાગર ગોબાઈ, કેમકે તે યજમાનને ત્યાંથી આવેલી પાતળાં પતરાંની હતી. એક ઠેકાણે કાણું પણ પડ્યું ને સઘળું પાણી વહી ગયું. અવાજ સાંભળી એકદમ ઘરની અંદરથી નણંદ ચંડિકાબાઈ બહાર આવ્યાં ને ડાચું ચ્હડાવી પોતાની સત્તાનો અમલ ચલાવવા લાગ્યાં,–

'એતો તારા બાપને ઘેર નિભે. અહીં અમારે ત્યાં એવી બેદરકારી નહિ પાલવે સમજી! ઉન્હાળાનું મોંઘા મૂલનું પાણીએ ખોયું ને ગાગરે ફોડી?! બાપને ઘેરથી પુંજી લાવી છો તે મ્હારાથી અજાણ્યું નથી.'

હેમંતે આ શબ્દો સાંભળ્યા, પણ નિરુત્તર થઈ ગઈ. આંખે ઝળઝળિયાં આવી ગયાં, કેમકે આ પ્રસંગ તેને પહેલોજ મંગળાચરણનો હતો, તેથી ધીરજ રહી શકી નહિ. ચંડિકાના ઘોર શબ્દો સાંભળી આસપાસનાં બૈરાં–છોકરાં જોવા મળ્યાં. તે જોઈ ચંડિકા વધારે ચ્હડી ને પોતાનું વિકાળ રૂપ નવીવહુ સામે પ્રકાશવા માંડ્યું. દોઢડાહી પડોશણો બળતાંમાં ઘી હોમવાની પેઠે તેને ચ્હડાવવા લાગી ને ટંટો શાંત પાડવાને બદલે વહુને શીખામણો દેવા લાગી, એટલુંજ નહિ પણ આ નિર્જીવ વાતને ગંભીર રૂપ આપી દીધું.

દૈવયોગે જરા વેગળે વસનારી વિનોદગૌરીને કાને આ બનાવની ખબર આવતાં તુરત તે આવી પહોંચી ને કહ્યું,–'ચંડિકાબાઈ! તમે સમજુ થઈ આટલો બધો સંતાપ કેમ કરો છો? એતો નવી અને બાળક છે. શહેરમાં ઘરો ઉંચાં હોય ને ટેવ ન હોય તેથી ગાગર ફૂટી, તે કાંઈ તેણે જાણી જોઈ ફોડી નથી. ભલાં માણસોથી પણ એવી ભૂલો તો થાય છે.

કાલની આવેલી વહુને ગાડીને ગાળે આજે તમે પાણી ભરવા મોકલી. ગાગર વાગતાં તેના પગનાં આંગળાં છુંદાઈ ગયાં ને માંહીથી લોહી વહે છે, તેની તો ખબર સરખીએ પૂછતાં નથી ? ! નણંદનો ભાવ આવોજ કે ? તમોથી બને તે એને લાડ લડાવો, ખવરાવો, પીવરાવો, સુખ આપો. એ સઘળું તો એક તરફ રહ્યું પણ આવો કંકાસ ? !

વિનોદગૌરી શ્રીમાન્ કુટુંબની હતી ને તેના ઘરનો જદુરામભટ્ટને સારો આશ્રય હતો; એ વાત ચંડિકાબાઇને યાદ આવી, તેથી સમયસૂચકતા વાપરી શાંત થઈ. એટલુંજ નહિ પણ પોતાની ભૂલ કબૂલ કરી માફ માગી. વિનોદગૌરીએ દુઃખી હેમંતના પગપર પાણી રેડી, તેના પગની વ્યથા દૂર થાય તેવા ઉપાય કર્યા અને પોતાને ઘેર તેડી ગઈ. આંબાહળદર અને મેંદાલકડીનો વૈદ્યની સલાહ પ્રમાણે લેપ માર્યો તેમજ શેક કર્યો, તેથી થોડા દિવસમાં આરામ થયો.


શાંતિ થતાં હેમંતકુમારીએ કહ્યું—"પરમેશ્વરની પૂરણ કૃપા કે સમયસર મને તમારો મેલાપ થયો. વિનોદગૌરીબાઈ, તમે બહુ પરગજુ ને ભલાં છો. ઘરસંસાર દુઃખી છતાં, તમારા મેલાપથી મને બહુ સુખ અને સંતોષ મળ્યાં. તમે ન મળ્યાં હોત તો મારી કેવી માઠી ગતિ થાત તે હું કહી શકતી નથી. ઈશ્વર તમારૂં સારૂં કરે."

ચંડિકાનાં ચરિત્રનું આ તો એકજ પૃષ્ઠ થયું, પણ એવા બનાવો તો ત્યાં વાતવાતમાં એટલા બનવા લાગ્યા કે તેનું એક હૃદયદ્રાવક પુસ્તક ભરાય.

હેમંતના ભર્થાર જદુરામભટ્ટથી આ કાંઇ અજાણ્યું નહોતું, પણ કુત્સિત બેહેન પાસે તેનું કશું ચાલતું નહિ.

તે સ્વભાવે ભોળાભટાક અને ઉમરે જેમ વધતા જતા હતા. તેમ તેનામાં સારાસારની વિવેકબુદ્ધિ ઓછી થતી હતી. ઇશ્વરેચ્છાએ વળી થોડા દિવસ સઘળું સમાધાનીથી ચાલ્યું. જદુરામે નરસિંગપુર જવા નિર્ધાર કર્યો. સુકન્યા હેમંત તેના વિચારને તાબેજ હતી. સાસુ-સસરાની અનુમતિ માગતાં, તેમણે જણાવ્યું કે જેમ તમારી અનુકૂલતા હોય તેમ કરો.

બીજે દિવસે તેઓ નરસિંગપુર જવા નીકળ્યાં. રણસિયું ગાડું ધીરે ધીરે રસ્તો કાપતું હતું. જૂના વખતમાં રસ્તાઓની હાલત પણ હાલહવાલ હતી. આખી વાટ ધુળ ઉડ્યા કરતી હતી, તે આ દંપતીનાં આખાં શરીરને છવાઇ જતી હતી. ખાડા ખડબામાં ગાડું ગબડતું અને તેથી શરીર પછડાઈ પછડાઇને હાડમાર થતું હતું. તરસ લાગતાં ખાબોચિયાંનું ગંદું પાણી મળતું તે ગાળીને ઉપયોગમાં લેતાં હતાં. એક દિવસ તો એક વર્ષ જેવો લાંબો થઇ પડયો. જેમ તેમ મોડી રાત્રે ગાડું નરસિંગપુર પહોંચ્યું. સાથેનું ભાતું ખાઈ થાક્યાં પાક્યાં પહેલી રાતે ઘસઘસાટ ઉંઘી ગયાં.



પ્રકરણ આઠમું.

રૂપ, ગુણ, ઉમ્મર, સ્વભાવ અને જ્ઞાનનું કજોડું.

(વસંતતિલકા.)

જોડાં નહિં જગતમાં બહુ છે કજોડાં,
તે તો હવે પ્રિયજનો કરવાંજ થોડાં;
એ ચાલ હાલ જન જો ઝટ છેદિ નાખો,
તો ભાઇ આ ભવવિષે સુખસ્વાદ ચાખો. ૧

(પદ—'જીરે માણીગર બંદલો'—ઈ. રાહ.)

બાળાનાં દુઃખ સહુ બાળજો, કરી હૃદય વિચાર;
સુણી શીખામણ સ્નેહથી, હાંરે શાણાં નર તેમ નાર. બા. ૧
કજોડાં કેરા ત્રાસથી રે, સહે બાળકડાં દુઃખ;
વય–ગુણ–રૂપ જો વિરુદ્ધ તો, હાંરે લેશ પામે ન સુખ. બા. ૨
કોપ થશે કિરતારનો રે, એજ પાપ અપાર;
વેર બને અન્ન દાંતને, હાંરે રિબે દુખડાં મોઝાર. બા. ૩
રીત નહિ એ કુરીત છે રે, ભુંડી છે ભરપૂર;
ધરમ શરમ શોભા સામટી, હાંરે જાય જાણો જરૂર. બા. ૪

(કહાનકાવ્ય.)

નરસિંગપુર આવ્યા પછી, જદુરામભટ્ટ તો નિરાંતે ઉંઘ કહાડતા હતા, પણ ચંદ્રાપુર જેવું સુંદર સ્થાન છોડીને આવેલી તરુણ હેમંતકુમારીને ગામડાના આ અજાણ્યા સ્થાનમાં બરાબર ઉંઘ નહિ આવવાથી વિચારમાં ને વિચારમાં પથારીવશ પડી રહી હતી. તે વખતે બહાર રાતનો અમલ ઉતરીને, રાત તથા દહાડાની મર્યાદા વચ્ચેનો તકરારી વખત થયેલો હતો. આકાશ કેવળ સ્વચ્છ

હતું. અરુણદેવે સોનાની કુંચીવડે પૂર્વ દિશાનો વિશાળ દરવાજો ઉઘાડયો અને ઉંઘતી દુનિયાને ખબર આપી કે હવે બધાંને ઉદ્યમે વળગવાનો વખત થયો છે. અરુણસારથી આવ્યો એટલે તેની પાછળ સૂર્યનારાયણ રથમાં બેસીને જલદીથી આવશે, એવું જાણીને રસ્તામાં રમતા છોકરાઓ મહેતાજીને આવતા જોઈ જેમ ન્હાસી જાય છે, તેમ તારાઓ એક પછી એક પોતપોતાનું મ્હોડું સંતાડવા લાગ્યા. ચંદ્ર તો તે પહેલાંજ અસ્ત થયેલો હતો. શુક્રનો તારો, જેના સંબંધમાં ગામડીઆ લોકો કહે છે કે ચંદ્રમાના મરણ પછી એ તેની જગ્યા સાચવશે, તે થોડીવાર સુધી હિંમત રાખી ઉભો રહ્યો. પછી તે પણ તુરત સંતાઇ ગયો. સૂર્યદેવતાને આદરમાન આપવાને પૂર્વ તરફ વાદળામાં ઇંદ્રરાજાએ ઘણા ભપકાદાર રંગના સાથિયા પૂર્યા. તળાવમાં કમળનાં ફુલ ખીલી, તેઓએ પોતાના સૂર્ય પિતાને મળવાને પોતાનાં મ્હોડાં પૂર્વ તરફ ફેરવ્યાં. કુમુદિનીનાં ફુલની પાંદડી બીડાઈ જઈ નીચે નમી ગઈ. પોતાની પ્રિયાને ખીલેલી જોઇ ભમરાઓ કમળની આસપાસ ફરી ગુંઝાગુંઝ કરવા લાગ્યા. વનનાં નહાના પ્રકારનાં ફુલોમાંથી મંદ મંદ સુગંધે શીતળ વાયુની સાથે ઘસડાઇ આવીને નાસિકા ઇંદ્રિયને મગ્ન કરી દીધી. ઠેક ઠેકાણેથી દિવાકરના ચોબદાર કુકડાઓએ નેકી પોકારી. ચકલીઓ માળામાંથી નીકળી 'ચીં–ચીં' કરવા લાગી. કાગડાઓ 'કા–કા' કરવા લાગ્યા. પાંજરાંમાંનાં મેનાં–પોપટઆદિ પક્ષીઓએ મીઠા શબ્દોથી પોતાનાં પાલકોને જાગ્રત કર્યા; પક્ષીઓના શબ્દથી સુંદર નદી–નાળાં તથા વાડીઓ અને ઝાડીઓ, આનંદકારક થઈ રહ્યાં. ગરીબ ગામડી-

આઓના ઘરમાં ઘંટીના ઘોર તથા તેની સાથે દળનારીઓના શોર થઈ રહ્યો. કેટલાક પથારીમાં પડ્યા પડ્યા પ્રભાતિયાં તથા બીજાં ભજનો લલકારવા લાગ્યા. કોઈ કોઈ ઘરમાં મહી વલોવવાનો શબ્દ સંભળાતો હતો. ગાય-ભેંસ વગેરે પશુઓ ગળાના બંધ છૂટયાથી આનંદમાં ગોવાળિઆઓની પાછળ ચરવા જતાં હતાં. સુઘડ સુંદરીઓ પોતાનાં ઘર વાળી-ઝાડી, છોકરાં તથા ધણીને સુખ આપવાનાં સાધન કરવામાં પડેલી હતી; કઇક દુષ્ટ શંખણીઓ બબડતી ફફડતી બાળકોને ગાળો ભાંડતી તથા મારફાડ કરતી ઘરમાં ઘુમતી હતી. આળસુ લોકો બગાસાં ખાતા ઢોલીઆપર ગબડતા હતા; પણુ ઉદ્યોગી લોકો તો દાતણુ-પાણી કરી પોતપોતાને ધંધે-રોજગારે પ્રવૃત્ત થયા હતા.

આ પ્રમાણે ગામનો દેખાવ થઈ રહ્યો હતો. એ વેળા નરસંગપુરમાં નર-નારીઓને ખબર પડી કે જદુરામ ભટ્ટ નવાં ગોરાણીને તેડી લાવ્યા છે. ગામના પટેલો તથા તેમની સ્ત્રીઓ આ દંપતીને જોવા મળ્યાં. વિદ્યાવતી હેમંતનું સૌન્દર્ય અને સુભાષિત વાણી જોઈ આશ્ચર્ય થયાં અને કહેવા લાગ્યાં કે-'આ તે સાક્ષાત્ દેવીનો અવતાર છે કે શું ? વાહ ! પ્રભુએ શું રૂપ આપ્યું છે ? જેવું રૂપ તેવાજ ગુણુ પણુ જણાય છે. પ્રભુ એમને સુખી રાખો'. એમ કહી લોકો પોત પોતાને ઘેર ગયા. આસ્તે આસ્તે આ ધણી-ધણીઆણી એકમેકના સ્વભાવથી વાકેફ થયાં. થોડા દિવસ તો સઘળું સારી રીતે ચાલ્યું પણુ અંતે કુદરતી રીતે જે વિરુદ્ધતા હતી તે બહાર આવી ને તેણે સંપ, સ્નેહ તથા સૌજન્યને વિદાયગીરી આપી. હેમંતકુમારી પતિના ગુણુ તથા સ્વભાવથી અત્યાર સુધી તો

પૂરી વાકેફ થઈ નહોતી, પણ સઘળું પોત પ્રકાશતાં તે બાપડીને રુવે રુવે દાહ થવા લાગ્યો. આ દંપતીનું કેવું કજોડું હતું, તેનો આભાસ ઉપરની હકિકતથી વાંચનારાઓને કાંઇક જોવામાં આવ્યો હશે; તથાપિ તેનું વધારે સ્પષ્ટિકરણ કરીએ તો હેમંતનું રૂપ કોઈ રંભા અથવા અપ્સરાના જેવું હતું અને જદુરામ ભટ્ટના વેશથી તો બાળકો બ્હીને નાશી જાય એવો તે ભયાનક હતો. હેમંતની ત્વચા કુદરત દેવે ચળકતી કરી હતી ને તેમાં લોહીના લાલ રંગની એવી તો છાયા પડતી હતી કે તેને જોઈ ગુલાબનું ફુલ પણ પોતાનું મસ્તક નમાવે; પણ તેમના પતિ તો એટલા કદરૂપા હતા કે જેનું વર્ણન કરતાં પણ કંટાળો આવે. બાળિકાનું કદ ઉમરના પ્રમાણમાં કાંઇક મ્હોટું અને કાંઇ ઉચું હતું, ત્યારે ભટ્ટજીનો બાંધો વામનરૂપ ઠીંગણો હતો. સુકુમારીનું ઉદર પોયણી સરખું હતું, ત્યારે ભટ્ટ તો લંબોદરગજાનનરૂપે હતા. હેમંતનું મુખ મુખવાસથી સુવાસિત અને સુશોભિત લાગતું, ત્યારે તમાકુના ડુચ્ચા ગલોફાંઓમાં મારવાથી તથા ઠામઠામ થુંકવા–છીકવાથી ભટ્ટજી તો બહુ વિચિત્ર લાગતા હતા. હેમંત કપોત જેવી ગ્રીવાએ ચંદનહાર વગેરે અલંકાર ધારણ કરતી, ત્યારે જદુરામ પોતાની જાડી ડોકમાં પાશેર પાશેરના મણકાવાળી મ્હોટી માળા પહેરી, આનંદ માનતા હતા. હેમંતનું ભવ્ય કપાળ ટીલડીથી શોભિતું હતું, ત્યારે તેમના સ્વામીનાથના લલાટમાં રંગ–બેરંગી આડા–અવળા ચટાપટાઓ જાણે ધર્મિષ્ટપણાનો ડોળ દાખવતા હતા. હેમંતે સ્વભાષાના જ્ઞાન ઉપરાંત સંસ્કૃત અને અંગ્રેજી શિક્ષણનો લાભ મેળવ્યો હતો, ત્યારે તેમના પ્રાણનાથ ભાગું–તૂ

ટચું ગુજરાતી માત્ર માંડ માંડ જાણતા હતા; અને વાચનબળ તો એટલું બધું કે પોતાનું લખેલું પોતે કોઇક વારજ ભાગજોગે ઉકેલતા હતા ! હેમંત પોતાના પિતાપાસેથી ઇશ્વરપ્રાર્થનાના તથા ભક્તિ–વૈરાગ્યના કેટલાંક સ્તોત્ર–પાઠ શીખી હતી, ત્યારે જદુરામભટ્ટ ગમાર ગામડીઆઓને ખોટે ખોટી ધર્મક્રિયા કરાવી જેમ તેમ પોતાનો વ્યહાર ચલાવતા હતા. બોલ બોલતાં મોંમાંથી થુંક ઉડતું હતું. હેમંતની વાણી ધીરી અને મંજુળ લાગતી, ત્યારે ભટ્ટજીના શબ્દ કર્કશ અને કર્ણકટુ થઇ કંટાળો ઉપજાવતા હતા.

આ પ્રમાણે સ્ત્રી–પુરુષના રૂપમાં, ગુણમાં, જ્ઞાનમાં, ઉમ્મરમાં અને આચરણમાં જમીન આસમાન જેટલો તફાવત હતો. આથી પરસ્પરને અણબનાવ થાય એ દેખીતું છે. સહનશીલતાથી બનતાં સુધી હેમંત પોતાનાં દુઃખ કોઇ કને પ્રકાશતી નહિ; કેમકે તેને ભક્તકવિ તુળસીદાસજીનો દુહો વારંવાર યાદ આવતો કે.—

તુલસી આ સંસારમેં, વાત ન કરીએ રોઇ;
ભરમ ગુમાવે ગાંઠકા, દુઃખ ન ભાંગે કોઇ.

(साहित्यसंग्रह.)

હમણાં જેમ ઠેકાણે ઠેકાણે લોકોને દારુનું દુષ્ટ વ્યસન લાગેલું જોવામાં આવે છે, તેવો વખત ચંદ્રાપુરમાં આવ્યો નહોતો. ત્યાંના કેટલાક લોકોમાં દેખાદેખીથી એ દુર્વ્યસનની શરૂઆત માત્ર થતી હતી; પણ એ અસલના વખતથી અફિણ ખાવાને રજપૂતો ટેવાયલા હતા; ને તેનાજ કેફમાં મસ્ત રહેતા હતા. આ સમયે બ્રાહ્મણો તો વિશેષે ભાંગજ પીતા હતા.

ગામડીઆ પટેલોના પરિચયથી તથા ચંદ્રાપુરના કેટલાક વ્યસની મિત્રોના કુસંગથી જદુરામના મનમાં કોઇએ એવું ઠસાવ્યું હતું કે, અફીણનો જરા તરા મ્હાવરો રાખ્યાથી શરીરને ટેકો મળશે અને ફાયદો થશે. આવી સમજને લીધે પ્રથમ તો તેણે ગુપ્તપણે થોડા પ્રમાણમાં લેવા માંડયું, પણ પાછળથી તેમાં એટલો વધારો થયો કે તે વાત બહાર આવતાં વાર લાગી નહિ. જ્યારે અફીણ વખતસર ન મળે ત્યારે તેનાં હાથ–પગ તૂટે, આળસ આવે અને કાંઈ કામ-કાજ સૂજે નહિ. અફીણ ખાધા પછી ઉપર કાંઇ ખાવાનું જોઇયે તે થોડા દિવસ તો જ્યાં ત્યાંથી માગી તાગી ચલાવ્યું, પણ ઝાઝા દિવસ નિભી શક્યુ નહિ. હેમંતકુમારી પાસે તેણે એકવાર દીનતાથી આ વ્યસનની વાત કરી અને અફીણ ઉપર નાસ્તો ખાવા માગ્યો. દુર્વ્યસન નિષેધક કવિતાઓ અને લખાણો તેણે પુષ્કળ વાંચેલાં, તેથી હેમંતને કંથની કેફી સ્થિતિથી બહુ પરિતાપ થયો; અને કેફથી થતાં દુ:ખનાં ચિત્રો જાણે દૃષ્ટિ સમીપ ઉભાં થયાં; પણ સબુરી રાખી તેણે આ પ્રસંગે પતિનો કશો ધિ:કાર કે અનાદર કર્યો નહિ. એક કઠિણ શબ્દ સરખો પણ કહ્યો નહિ. તેણે નિશ્ચય કર્યો કે–'ખાનપાન માટે પતિને આપત્તિ પડશે ને તે દુ:ખે તે કહ્યું કરશે તો હું તેને વ્યસનથી મુક્ત કરીશ હમણાં તો માગ્યા પ્રમાણે મિષ્ટાન્ન તૈયાર કરી આપું, અને યોગ્ય સેવા કરૂં.'

જદુરામને અફીણની આદત હમણાં એટલી બધી વધેલી હતી કે ચંદ્રાપુર છોડવાનો વિચાર કરવો પડયો; કેમકે અહીં અફીણનો ભાવ ઘણો હતો. વળી અફીણપર દૂધ પીવાની આદત હતી, તે પણ ચંદ્રાપુરમાં બહુ મોંઘું મળતું

હતું. નરસિંગપુરમાં કેટલાક વણજારાઓ માળવાથી ચોરી કરી અફીણ લાવી વહેચતા હતા, તેથી તેનો ભાવ ઓછો પડતો હતો, અને દૂધ તો મફત મળે તેમ હતું. આવાં કેટલાંક કારણસર નરસિંગપુરમાં રહેવાને તેઓએ નક્કી કર્યું ને પતિ–પત્નીએ ત્યાંજ નિવાસ કર્યો. અફીણની ધુનમાં જદુરામ ઘણીવાર તેની નિર્દોષ સ્ત્રીને માર મારતો, ગાળો ભાંડતો હતો ને પીયરનું પલ્લું પણ વેચી ખાવા માગતો હતો. છિનભાગ્ય હેમંત ઇશ્વરેચ્છા ગણી મુંગે મોઢે સઘળું સહન કરતી હતી.

આવી સ્થિતિમાં કેટલોક કાળ નિર્ગમન કર્યા પછી, ત્રિપુરાશંકરનો પત્ર આવતાં પતિ–પત્નીએ ઘેર આવવા નક્કી કર્યું. એક યજમાન પટેલનું ગાડું ચંદ્રાપુર આવવાનું હતું તેમાં તેઓ વારાફરતી બેઠાં અને દુઃખે–પાપે ઘેર પહોંચ્યાં.

માબાપને જોતાં હેમંતકુમારીથી રડી પડાયું, હૃદયમાં દબાવેલો દુઃખનો ડુમો બહાર આવતાં વિતક વાતો કહી પોતાનું હૃદય ખાલી કર્યું. માબાપને સ્પષ્ટ ખાત્રી થઇ કે ‘હાથનાં કરેલાં હૈયે વાગે છે’ તે કહેવત પ્રમાણે હૃદય-તુલ્ય બાળિકાને પોતાના કૃપણ હાથે જે ક્રૂર કૃત્ય કરાવ્યું હતું, તેથી અત્યંત દુઃખ અને પશ્ચાતાપ થયો. પણ હવે તેનો કશો ઉપાય ન રહ્યો. કપાળે હાથ મૂકી તેમણે પોતાની ગંભીર ભૂલ કબૂલ કરી અને પુત્રીને આડી અવળી વાતો કહી ધૈર્ય આપ્યું. આથી હેમંતને હિંમત આવી ને પડેલી વિપત્તિપર પડદો નાખ્યો.

કુમારાવસ્થામાં જે પ્રમાણે હેમંત વિદ્યા–વિનોદમાં દિવસ નિર્ગમન કરતી હતી, તે પ્રમાણે હમણાં સારાં સારાં પુસ્તકો,

ચોપાનિયાંઓ અને વર્તમાનપત્રો વાંચીને તેમજ ભરવા-ગુંથવાનો ઉદ્યોગ કરીને દિવસો કહાડવા લાગી. વિદ્યોપાસન જોડે વિદ્યાદાન દેવા નિર્ધાર કર્યો. પોતે જે શિક્ષણ તથા સદ્ગુણો સંપાદન કર્યા હતા, તેનો પોતાની બહેનપણીઓને લાભ આપવા તૈયાર થઇ ને અગત્યના વિચારોપર ચર્ચા કરી સર્વના મનનું ગ્રંથાધારે સમાધાન કરવા લાગી. આથી તેના પ્રત્યે સર્વેની પ્રીતિ વધવા માંડી ને તેની કીર્તિમાં વધારો થયો; તથા જાહેર વ્યાખ્યાન માટે ઉત્કંઠાભરી માગણીઓ થવા લાગી. એવામાં એક દિવસ સ્કૂલમાં જતાં સ્ત્રીશિક્ષક માણેકલક્ષ્મીને જોતાં માનપૂર્વક બોલાવ્યાં. સ્ત્રીશિક્ષકના હાથમાં "હિતેચ્છુ" નો તાજો અંક હતો, તે જોઇ હેમંતે પુછ્યું કે, કેમ એમાં કાંઇ જાણવાજોગ છે કે ? માણેકલક્ષ્મીએ કહ્યું,–આજના અંકમાં કૉલેજમાં શીખનારી કોઇ સ્ત્રીસ્કૉલરે એક ઘણો સારો વિષય "આર્યસંસારના અનાચાર" ઉપર લખેલો છે ને તેમાં પોતાનો વિગતવાર અનુભવ દર્શાવ્યો છે. એ વિષય સ્ત્રી-પુરૂષોએ બહુ ધ્યાનથી વાંચીને અમલ કરવા જેવો છે. તમે હમણાં અત્રે આવેલાં છો, તો આવતા રવિવારે આપણે "સ્ત્રીસમાજ" મેળવીએ અને તેમાં એ વિષયનું વાંચન કરીએ.

હેમંતે કહ્યું,—ઘણી ખુશીની વાત; મને ઘરમાં બેસી રહેવું બિલકુલ ગમતું નથી. આપણે બધાં પાછો કાંઈ વિદ્યાવિનોદ કરીએ તો બહુ સારૂં.

પછી રવિવારે સમાજ મેળવવાનો ઠરાવ કરી, માણેકલક્ષ્મી શાળામાં ગયાં ને હેમંતે 'હિતેચ્છું' આપ્યું. જે તેણે બહુ ધ્યાનપૂર્વક વાંચી તેપર કેટલીક નોંધ કરી.

પ્રકરણ નવમું.

સંસારસુધારો અને સંયોગકાળની ખરી ઉમ્મર.

(પદ)

હાંરે કાયા કથળી જશે રે, કાયા કથળી જશે,
કુમળી વયમાં કાન્તા ઘેર તેડાવે;
હાંરે સુખ સઘળું જશે રે, સુખ સઘળું જશે,
બાળપણામાં બાળકને પરણાવે.

સુજાણ માણેકલક્ષ્મી અને સુશીલ હેમંત કુમારીના પ્રયત્નથી આજે કન્યાશાળામાં મ્હોટો મેલાવડો થયો છે. હિંદુ, પારસી, ખ્રિસ્તી અને મોહમેદન બાનુઓએ તેમાં ઉત્સાહથી ભાગ લીધો છે. શહેરના અગ્રેસર અને કેળવાયલા ગૃહસ્થોની ઘણી ખરી સ્ત્રીઓ દાખલ થઈ છે; તેમજ કન્યાશાળાનાં ચ્હડતાં ધોરણની મ્હોટી છોડીઓએ પણ પોતાની વિદ્યાપ્રીતિ બતાવી આપી છે. સભામંડળ ચિત્રપટની પેઠે બરાબર સ્થિર બેઠેલું જોઈ, શરુઆતમાં સ્ત્રીશિક્ષક માણેકલક્ષ્મીએ ઉભાં થઈ જણાવ્યું કે,–

માનવંત બહેનો ! આજે આપ સર્વેએ મ્હારા આમંત્રણને માન આપી અત્રે પધારવા તસ્દી લીધી, તેથી મને ઘણો આનંદ થયો છે ને તેમાટે હું આપ સર્વનો મ્હોટો ઉપકાર માનું છું. આજની સભાનાં પ્રમુખસ્થાન પર રાવબહાદુર ચીમનરાયભાઇનાં પત્ની અખંડ સૌ૦ શિવલક્ષ્મીબાઇ બિરાજશે, એવી મને ઉમેદ છે; કેમકે તેઓ સમાજનું કામ સારી રીતે ચલાવી શકે એવાં કુશળ છે. આ દરખા-

રતને રતનલક્ષ્મીએ અનુમોદન આપવાથી સૌ. શિવલક્ષ્મી પ્રમુખપદ પર બેસતાં બોલ્યાં કે—

સુશીલ ભગિનીઓ અને પવિત્ર પુત્રીઓ !

આજના મ્હોટા મેલાવડા મધ્યે પ્રમુખપદની જગ્યા મને આપવા સર્વે બ્હેનોએ સંમત્તિ આપી, પરંતુ મ્હારા કરતાં બીજાં લાયક બ્હેન જો તે સ્થળ લેત તો મને વધારે સંતોષ થાત; પરંતુ સર્વે સમાજના માનની ખાતર હું તેમની ઇચ્છા પ્રમાણે એ માન સ્વીકારૂં છું ને મ્હારા પ્રત્યે આપ સર્વેની મમતા તથા પ્રીતિ માટે ઉપકાર માનું છું. હવે જે નિબંધ આજે બાંચવાનો છે, તે બ્હેન હેમંતકુમારી વાંચી સંભળાવશે; જે ઉપર સર્વે પૂરતું લક્ષ આપશો એવી મને આશા છે.

પછી હેમંતકુમારી ઉભાં થઈ બોલ્યાં;—માનવંત માતાઓ તથા પ્રિય ભગિનીઓ ! આજે આપણે ઘણે દિવસે અહીં ભેગાં મળ્યાં છીએ. અને પ્રભુએ આપણુને એવો સારો સમય આપ્યો તે માટે આપણે એ જગન્નિયંતાનો અત્યંત ઉપકાર માનવો જોઇયે. કેટલીક મુદ્દતથી આપણે આવા સમાજ મેળવતાં આવ્યાં છીએ; અને યથામતિ ભાષણો તથા વાંચનોદ્વારા ભિન્ન ભિન્ન વિષયોપર ચર્ચાઓ કરી નવું નવું જ્ઞાન મેળવીએ છીએ. આજે અંહી બિરાજેલી બાઇઓમાંથી કેટલીક બાઇઓ પોતાનો અવકાશનો વખત પુસ્તકો ચોપાનિયાંઓ અને વર્તમાનપત્રો વાંચવામાં નિર્ગમન કરે છે, તેઓને તો સારી પેઠે ખબર છે કે આપણા ગૃહસંસારને ઉપયોગી થઈ પડે અને આપણે સુખી થઇએ તેવાં સરસ સરસ લખાણો હમેશાં પ્રસિદ્ધ થાય છે. જ્યારે જ્યારે એવાં વાંચન આપણુને પ્રાપ્ત થાય ત્યારે આપણે એકલાંએ તે વાં-

મીને બેસી રહેવા કરતાં, સર્વે બાઇઓને તેનો લાભ આપવો, એ એક મ્હોટો પરોપકાર અથવા વિદ્યાદાન કરવા બરાબર હું સમજું છું. કેટલીક બાબતો એવી છે કે જેમ ચર્ચા કરીએ તેમ વિશેષ સમજ પડે. આજે આપ સર્વની સમક્ષ, હું જે વિચારો નિવેદન કરવા ઇચ્છું છું, તે વિષય શ્રીરાજનગરના એક પ્રતિષ્ઠિત પત્રમાં પ્રગટ થયો છે. ઘણી બેહેનો તેથી અણવાકેફ હશે, માટે તે શ્રવણ કરી વાકેફ થાય, એવી મને આશા છે. પછી એ ઉપર આપણે ચર્ચા કરી સારા-સારનું માપ બાંધશું.

સંસારસુધારો અને સંયોગ સમયનું વય.*

ઈ. સ. ૧૮૯૦ ના વર્ષમાં કલકત્તા ખાતે જ્યારે નિર્દોષ ફુલમણિદાસીનું (પતિ તરફના શારીરિક જુલમથી) અકાળ મૃત્યુ થયું, ત્યારે સહુ સમજુ માણસોને અત્યંત સંતાપ થયો હતો. ઘણાં વર્તમાન પત્રોએ અને માસિક પુસ્તકોએ બાલ્યકાળમાં ગૃહ સંસારમાં પ્રવેશ કરવાની રુઢિને વખોડી કાઢી હતી અને તે અનુકૂલ પ્રસંગે કેટલાક વિદ્વાનોએ ઉમ્મરમાં યોગ્ય વધારો થયા પછીજ સાસરે જઈ શકાય એમ પોતાનો અભિપ્રાય જણાવ્યો હતો. આ પ્રયત્નમાં ભાગ લેનારનો અબળાજાતિ જેટલો આભાર માને તેટલો થોડો છે.

ગરીબ બિચારી ઉછરતી બાળિકાઓ તરફ હજુ ઘણા પુરુષો દયાની નજરે જોતા નથી તેનું કારણ એવું જણાય

---

* "હિતેચ્છુ" તા. ૨૨-૪-૯૭ ના અંકમાં આ વિષય મેં લખી મોકલવાથી પ્રસિદ્ધ થયો હતો. પાછળથી એમાં સુધારો વધારો કર્યો છે.

છે કે તેઓ પોતાના તુચ્છ સ્વાર્થને વશ થયેલા હોય છે. સ્વાર્થવશ માણસને યોગ્યાયોગ્યનું લક્ષ ક્યાંથી હોય ? કહ્યું છે કે.—

(દોહરો.)

લોભીને લજ્જા નહિં, અર્થીને નહિ દોષ;
કામીને કુળ–શીલ નહિ, સજ્જનતા સંતોષ ૧

સામાના પર્વત જેવડા દુઃખ તરફ યત્કિંચિત કાળજી પણ તેઓ રાખતા નથી. કુમળી બાળાઓને તેઓ ઘેર બોલાવવા અતિશય ઉતાવળ કરે છે, તેથી મ્હોટું નુકશાન પહેલે તો એજ થાય છે કે એ બિચારીનો બાંધો એવો તો બગડી જાય છે કે જીવતાં સુધી તેમાં સુધારો થઈ શકતો નથી. વિદ્યાભ્યાસની તો વાતજ શી કરવી ? તે તો લગ્ન થતાંજ બંધ પડે છે. આજે આપણે જોઇયે છીએ કે બાળવયમાં વિદ્યારૂપી સુવર્ણના ઢગલામાંથી જેને જેટલું જોઇતું હોય તેને તેટલું સહજ પ્રાપ્ત થાય છે; અને તેથી આપણે સારી પેઠે વાકેફ છીએ કે, ખ્રિસ્તીઓમાં, પારસીઓમાં તથા કેટલાક મુંબઈ વગેરે સુધરેલા શહેરોમાં વસતા વાણીઆ—બ્રાહ્મણોમાં પણ છૂટથી એ લ્હાવનો લાભ લેવાય છે. તેઓમાં બહુ ભાગે જેમ બાળલગ્ન નથી, તેમ બાળપણે સાસરે મોકલવાનો રિવાજ પણ નથી. આથી તેમની બાળાઓ કેળવણીમાં કેટલી બધી આગળ વધેલી છે, તે આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ. અભ્યાસથી મનનો સુધારો કરવાને તેઓ જેમ સમર્થ થઈ છે, તેમ તનદુરસ્તી જાળવી શરીરસંપત્તિ મેળવવાને પણ ભાગ્યશાળી થઈ છે. જે ભાગ્યહિણુ બાળાઓપર બાળપણથીજ સંસારનો બોજો

પડે છે, તે ખરેખર તેથી પાયમાલ થઈ ભવિષ્યમાં બહુ દુઃખ વેડે છે. કોઇએ બાળપણે થોડી કેળવણી લીધી હોય ને તેના પર સંસારનો ભાર આવી પડે છે, ત્યારે તે કાચી કેળવણીનાં ફળ બહુ કડવાં નીકળે છે, ને મહાન સરસ્વતી દેવીને તેથી અપયશ મળે છે ! !

બાળક અવસ્થામાં જે સ્ત્રીઓને સાસરે જવાની ફરજ પડે છે, તે બિચારીઓને મ્હોટી ઉમરના પુરુષ સાથે પરણાવવાથી તેની ન્હાની ઉમ્મર છતાં કોઈ 'કાકી' તો કોઈ 'દાદી' અને કોઈ 'માસી' તો કોઈ 'મા' કહી બોલાવે છે ! બાળપણમાં શરીર સંબંધ થવાનો જે જબરો જુલુમ ગુજરે છે, તેથી કોઈ લૂલી-લંગડી તો કોઈ કેવળ ફીકી અને રોગિષ્ટ થઈ જાય છે; અને ખરી યુવાવસ્થાની ખુબસુરતી ખોઈ બેસે છે. વીશ વર્ષની વયમાંજ તેઓ ત્રણ બાળકની માતા થઇ પડવાથી જલદીથી વૃદ્ધાવસ્થાનો ભોગ થઈ છેવટ કાળનો ભોગ થઈ પડે છે; એટલુંજ નહિ પણ તેની પ્રજા એટલે છૈયાં-છોકરાં પણ ઘણાંજ નબળાં, નિસ્તેજ અને નિર્માલ્યજ બને છે.

એવા ન્હાનપણે સંસાર માંડનારા મનુષ્યોને આત્મહત્યારા કહીએ તો કાંઈ હરકત નથી; કેમકે તે પોતાનો નાશ કરે છે એટલુંજ નહિ પણ પોતાની ભાવિ પ્રજાનો પણ ભોગ લે છે. તે પતિ પરમેશ્વર રૂપ નહિ પણ જીવતા જમ જેવા છે, કેમકે તેનાં અવિચારી કૃત્યો જીવલેણ થઈ પડે છે. આ વિષય એટલો તો અગત્યનો છે કે તે સંબંધે જેટલું કહીએ તેટલું થોડું છે; માટે ટુંકામાં સર્વ મ્હારી બ્હેનોને તેમજ ભાઇઓને એટલીજ ભલામણ કરૂં છું કે,

આ બાબત ડાક્ટર મી. પીચી ફીપસને ઘણુંજ અગસનું ભાષણ કર્યું છે, અને તેનું એક ચોપાનિયું અંગ્રેજી તથા ગુજરાતીમાં પણ પ્રકટ થયું છે, તેપર સહુએ નિષ્પક્ષપાતપણે વિચાર કરવો, એટલે વધારે ખ્યાલ આવશે.

આ સ્થળે મને જણાવતાં સંતોષ થાય છે કે દક્ષિણી વર્ગમાં, પારસી કોમમાં અને કુલીન કપોળ જ્ઞાતિમાં કેટલીક સંસાર સુધારાની શરુઆત થઈ ચુકી છે. તેઓ પોતાની કન્યાઓને પુત્રતુલ્ય બાળપણથીજ શિક્ષણ આપે છે. બાળ લગ્ન કરતા નથી અને રજોદર્શન થયા પછીજ પુત્રીઓને સાસરે મોકલે છે. આથી ઉપર જણાવ્યાં તેવાં માઠાં પરિણામ આવતાં નથી, પરંતુ તેઓ સત્યમાર્ગે ત્વરાથી સુખ ભોગવે છે ને તે સુખ તનનું, મનનું, વિદ્યાનું તથા સંસારનું બહુ કાળ ટકી રહે છે. આવી ગૃહિણીઓ વીર પુરુષ જેવાં પ્રસંગોપાત પરાક્રમો કરી શકે છે; અને વિવેક તથા ટેકથી શીયલ સાચવી, દારુણ યોદ્ધાઓને પણ ક્ષણભર કાયર કરે છે! તેમની પ્રજા પણ તેવીજ નિરોગી અને તેજસ્વી બને છે તથા તે પણ પોતાનાં માત-પિતાનું અનુકરણ કરી પોતાની પરંપરા સુધારે છે.

આપણો ગુજરાત દેશ! ગરવી ગુર્જર ભૂમિ! ઘણી વાતે કોમળ, રસીલી અને રઢિયાળી છે. તેનાં વખાણ વાંચતાં-સાંભળતાં, બોલતાં મારૂં હૃદય પ્રેમથી રસ બસ થાય છે, પણ તેનાં કોઈ પૂર્વનાં પાપે કે અર્વાચિન પાપી પુત્રોના પ્રતાપે, જે દયાજનક સ્થિતિ હાલ જોવામાં આવે છે, તેનું પહેલું કારણ તો સંસારનો સંતાપ છે. સંસારમાં જે સરો

દાખલ થયો છે, તે દૂર કરવાને લાંબી લાંબી વાતો તો ઘણી થાય છે પણ ઘટતા ઉપાયો થતા નથી એજ મોટું દુર્ભાગ્ય છે.

આપણા દેશમાં ઋતુ પ્રાપ્ત થયા પહેલાં સાસરે મોકલવાના ચાલથી, નિર્દોષ બાળાઓ કેવાં સંકટ વેઠે છે તેનો એક તાજો દાખલો હાલ મ્હારા જોવામાં આવ્યો છે, તે આ પ્રસંગે હું સર્વેને નિવેદન કરવાની રજા લઉં છું.

ગ્રિષ્મ ઋતુમાં હું બે મહિનાની રજા ઉપર કૉલેજ છોડી મ્હારે વતન ગઈ, ત્યાં મ્હારા પતિએ રહાવાટ અથવા સંયોગકાળની યોગ્ય ઉમ્મર વિષે મ્હારી સાથે એક વાર વાત કરી. તે વખતથી મ્હારૂં ધ્યાન તે તરફ ગયું હતું. ફરીથી જ્યારે કૉલેજ ઉઘડતાં હું પાછી રેલ્વે સ્ટેશન ઉપર ગઇ, ત્યારે સ્ત્રીઓના ડબામાં મેં એક દશ–બાર વર્ષની ગરીબ છોકરીને રડતી જોઈ. મેં તેની માતાને પૂછ્યું કે,–'બહેન ! તમે આ છોડીને કેમ રડાવો છો ?' ત્યારે તેની માએ કહ્યું કે,– 'બાઈ ! એનું લગન મહોટી ઉમ્મરના બીજ વર સાથે કર્યું છે. પ્રથમ એક વાર થોડા દિવસ તે સાસરે ગઈ હતી અને બે મહિના થયા અમારે ત્યાં આવી હતી. ફરીથી જમાઈ પંદર દિવસથી તેડવા આવ્યો. અમે કહ્યું કે છોડી હજુ ન્હાની છે ને કશું સમજતી નથી, માટે હમણા તેડવાની ઉતાવળ ન કરો. તો પણ તેણે માન્યું નહિ અને ઘણી હઠ કરી. છેવટે કબૂલ થઇને છોડીને ને તથા જમાઇને વળાવવા અમે અત્રે આવ્યાં. ટિકીટ કરાવતાં છોડીએ સ્ટેશનપર ઘણું કલ્પાન્ત કર્યું અને ભોંયે આળોટી સાસરે નહિ જવાનું કહ્યું, પણ જમાઇએ તે માન્યું નહિ ને તેથી પરાણે ગાડીમાં બેસાડી હું તો તેને વળાવવા આવી હતી ને મ્હારી સાથે પહેરવાનાં પૂરાં

લુગડાં સુદ્ધાં લાવી નથી. છોકરીને રડતી જોઈ મને ધીરજ ન રહી ને દયા આવવાથી ટિકીટ કરાવી હું પણ ઉતાવળથી જેમ તેમ ગાડીમાં બેસી ગઈ છું. ગાડીમાં બેઠાં ત્યારથી હજુ સુધી તે છાની રહી નથી.'

પ્રિય બેહેનોને આ સ્થળે મ્હારે જણાવવું જોઇયે કે ગરીબ બાળા અને તેની માતા વડોદરેથી ગાડીએ બેઠાં હતાં ને આણંદ સ્ટેશન સુધી મેં તેને રડતી જોઈ હતી. બન્યું તે રીતે સમજાવીને મેં તેને છાની રાખી. તે બિચારી મ્હારી પાસે આવી બેઠી. મેં તેને મારી એક ચોપડીમાંથી કેટલાંક ચિત્રો બતાવ્યાં. પછી મેં તેની માતાને તથા પાસે બેઠેલી સમજુ સ્ત્રીઓ જે મ્હારી તરફ ધ્યાનથી જોતી હતી, તે સર્વેને કહ્યું કે,—ન્હાની છોડી માટે આટલો મ્હોટો વર જોવો એ તેના ઉપર મ્હોટો જુલુમ થાય છે. વળી તેને યોગ્ય વય વગર (સ્ત્રીધર્મમાં આવ્યા વિના) સાસરે મોકલવી, એ પણ ત્રાસદાયક છે. છોડી ઉંમરે લાયક થયા પછી તેથી પાંચ સાત વરસ મ્હોટા વર સાથે પરણાવવી જોઇયે; તે વગર છોડીઓ દુઃખી થાય છે.

ઇત્યાદિ કેટલુંક મેં તેને ગળે ઉતરે તેમ સરળતાથી કહ્યું. એ ડબામાં ભરૂચની એક ભણેલી બાઇ બેઠેલી હતી. તેણે મ્હારા વિચારને ટેકો આપ્યો ને પોતાના તરફથી પણ કેટલોક અનુભવ કહી સંભળાવ્યો. આથી મને ઘણો સંતોષ થયો. પછી હું અમદાવાદ ઉતરી અને પેલી છોડી તથા તેની માતા વીરમગામ તરફ વિદાય થયાં. આતો એક સાદું દ્રષ્ટાંત છે, પણ આથી અધિક વિપરીત વાતો આપણે સાંભળીએ છીએ અને જાણીએ છીએ, છતાં કશું ધ્યાન અપાતું

નથી એથી બહુ દુખ થાય છે. દરેક જ્ઞાતિનાં પ્રત્યેક સુધ-રેલાં બાઇઓએ અને ભાઇઓએ, આ બાબત ત્વરાથી ધ્યાન આપવું જોઇયે અને એવો ધારો બાંધવો જોઇયે કે રજોદર્શન થયા શિવાય કોઇએ ગૃહસંસારનો આરંભ કરવો નહિ. આ નિયમ જે કોઇ તોડશે અથવા તે તોડવાનો પ્રયત્ન કરશે, તે જ્ઞાતિનો ગુનેહગાર થશે ને જ્ઞાતિને યોગ્ય લાગશે તેવી તેને શિક્ષા કરશે. પ્રભુ પ્રત્યે નિરંતર પ્રાર્થના છે કે એ દયાળુ પિતા સર્વેને સદ્દબુદ્ધિ પ્રેરે અને સહુ એકમેકને સુખદાયક તથા ઉપયોગી થઇ પડે **भवतुः**

આટલું વાંચી હેમંતકુમારીએ બેસી જતાં અગાઉ જણા-વ્યું કે, પ્રિય બેહેનો ! આ વાંચનનો વિષય બહુ મહત્વનો છે, જે એક ચિત્તે સાંભળવાની આપ સર્વેએ તસ્દી લીધી તેથી મને બહુ સંતોષ થયો ને તે માટે હું આપનો ઉપકાર માની બેસી જવાની રજા લઉંછું.

શિવલક્ષ્મી—વાહ ! આજે વંચાયેલો વિષય કેટલો બધો ઉપયોગી છે ? ! સહુને સારી પેઠે જાણીતું છે કે ન્હાની વયની દીકરીઓને મ્હોટી ઉમ્મરના વર સાથે પરણાવવી એ પણ એક કજોડું છે. કેટલીક અબળાઓ સગર્ભા થતાં મૃત્યુ શરણ થાય છે અને કેટલીકોનો બાંધો તૂટી જાય છે. સુવાવડમાં સ્ત્રીઓનું કેમ રક્ષણ કરવું, તેથી પણ ઘણી સ્ત્રીઓ અજ્ઞાન હોય છે ને તેથી સ્ત્રીઓની જીંદગી જોખમાતાં વાર લાગતી નથી. અંગ્રેજ અને પારસી કોમની સ્ત્રીઓ કેટ-લીક સુવાવડો આવ્યા છતાં પણ નવયૌવના જેવી તરુણજ જોવામાં આવે છે, તેનું શું કારણ હશે ? એ ઉપર આપણે ધ્યાન આપશું તો ઉપર કહ્યું તે યોગ્ય વયે સંસાર માંડ-વાનો રિવાજજ માલમ પડશે. આપણા લોકો દુઃખ ભોગવે

છે, ને રમારૂપી રત્ન ખોઈ બેસે છે ત્યારે મોં વાળી રડવા માંડે છે, પણ પ્રથમથી કશો પ્રયત્ન કરતા નથી એ દેખીતુંજ દુઃખદાયક છે. માટે ફરીથી અને આગ્રહથી હું એજ વિનંતી કરૂંછું કે આપણે આજે જે નિબંધ ન્યુસપેપરમાંથી સાંભળ્યો, તેપર લક્ષ આપી આપણાં બાળકોનાં કજોડાં ન થાય તે માટે સંભાળ રાખવી. બાળકોને પુખ્ત વયે પરણાવવાં ને ત્યારેજ સંસારવ્યવહારમાં પ્રવૃત્ત કરવાં.

ઇત્યાદિ વિચારો જણાવ્યા બાદ સમય થઇ જવાથી મળેલી સમાજનો અરસપરસ આભાર પ્રદર્શિત કરી સભા વિસર્જન થઈ.



પ્રકરણ ૧૦ મું.

દુઃખમાં દિલાસો—સુરેંદ્રનો સ્નેહ.

(વસન્તતિલકા.)

લોભી બની સુકુળનો વર તો જુએછે,
ડોસો મળે દિલથકી સુખ સૌ ખુએછે;
બાળા વયે વરતણું સુખ તો ન પામે,
રાંડ્યા પછી વિવિધનાં દુખ શીર જામે. ૧

હેમંતકુમારી **ચં**દ્રાપુર આવ્યા પછી પિયરમાં જેમ તેમ દહાડા પૂરા કરતી હતી. કેટલાક મહિના વિત્યાબાદ **વી**જળીબાઇ પાસે **જ**દુરામભટ્ટ જમાત્રનો ડોળ ઘાલી ડાહી ડાહી વાતો કરતા બેઠા અને **હે**મંતને ઘેર મોકલવા માગણી કરી.

વીજળીબાઇ બોલ્યાં—જુઓ **જ**દુરામ ભટ્ટ! તમારા સસરા હમેશ કંઇ અંહી રહેતા નથી; અને તેથી કરીને અમારે પણ ઘણીવાર **મું**બઇ, **ક**લકત્તા, **મ**દ્રાસ, **સુ**રત, વગેરે મ્હોટાં શહેરોમાં ઉદ્યમ અર્થે રહેવું પડે છે. મ્હોટા શહેરોના વૈભવ-વિલાસ અને તેનાં પ્રમાણમાં બીજા ન્હાના મ્હોટા કસ્બાઓમાં કે તાલુકાઓમાં જે સુખ સગવડ મળે છે તેમાં મ્હોટો તફાવત છે. તમોને તે બધું બરાબર માલમ નથી, કેમકે તમે પ્રવાસ મુદ્દલ કર્યો નથી. **મું**બઇમાં જે માળપર રહેતાં હોઇએ ત્યાં મીઠું પાણી નળદ્વારાએ ચાલ્યું આવે છે. અહીની પેઠે કે **ન**રસિંગપુરની પેઠે ઘણે દૂર

પાણી ભરવા જવાની પીડા પડતી નથી, તેમજ ત્યાં અમારો ઉદ્યોગ પણ સારી રીતે ચાલતો હોવાથી સર્વ પ્રકારની સુગમતા છે. દેવ–દેવતા કરતાં જે દીકરીનું દુર્લભ મોં દીઠેલું અને જેની દીકરાથી પણ વધારે સંભાળ રાખેલી, બહુ લાડકોડમાં ઉછરેલી છતાં સદ્ગુણી દીકરીને અમે તમોને સારા માણસ જોઇ પાનું પાડ્યું, તે તમારે ઘેર શું સુખી થઇ? વિનાકારણ તમે તેને વઢવઢ કરોછો. તમારી બ્હેન ચંડિકાબાઇ તો ક્લેશનીજ આબેહુબ મૂર્ત્તિ! વગર કારણે તેને પજવ્યા કરે તેને પણ તમોથી કાંઇ કહેવાય નહિ! આટલા થોડા દહાડા તમારે ત્યાં રહીને શરીરે અરધી થઇ ગઇ! હમણાં તમારા ઘરનું નામ લઉંછું કે રડવાજ માંડે છે; ત્યારે કહો હવે અમારે તે શું કરવું?

જદુરામ—ત્યારે હું હમણાં થોડા મહિના અંહિજ રહીશ, અને એને જોકે નરસિંગપુરમાં રહેવું ગમતું નથી; પણ મને તો અંહી ગોઠે છે. બીજું મ્હારી બ્હેન ચંડિકા વિષે કહ્યું તે વ્યાજબી છે, પણ તે તો ચાર દિવસ રહી તેને સાસરે જશે. એટલે વચ્ચે એનો સંતાપ જે છે તે ટળશે. પણ તમે એને પછી મ્હારે ત્યાં સમજાવી–પતાવી મોકલજો એટલે હું નિભાવી લઇશ. મને કાંઇ કહેવું પડે એમ હું નહિ કરૂં.

વીજળીબાઇ—ઠીક છે, ત્યારે હું સમજાવીશ. પણ જો જો જદુરામભટ્ટ! તમારે ઘેર આવ્યા પછી છોડીને કાંઇ બોલ્યા છો તો! પછી હું છું ને તમે છો.

એટલામાં જદુરામ ઉઠીને ચાલતા થયા. સાસુએ "આવજો" કહ્યું, એટલે તો મલકાતા મલકાતા ઘર તરફ વળ્યા.

હેમંતે પોતાની બેઠકના ઓરડામાં ઘણાં ઉપયુક્ત

પુસ્તકો ગોઠવી રાખ્યાં હતાં; તેમાં કેટલાંક ઇનામમાં મળેલાં તથા કેટલાંક ખાસ ખરીદ કરેલાં હતાં. દરરોજ તેમાંથી કાંઇ ને કાંઇ વાંચ્યા કરતી ને પાસે એક નોંધબુક રાખી, તેમાંથી અગત્યની અને ઉપયોગી બાબતો લખી લેતી હતી. એકવાર તેના દુઃખી અંતરમાંથી પોતાના વાંચવામાં આવેલી નીચેની કવિતા નીકળી ગઈઃ—

"સુખી હું તેથી કોને શું? દુખી હું તેથી કોને શું?"
"જગતમાં કંઇ પડ્યા જીવ, દુખી કંઇ ને સુખી કંઇક."

આટલું બોલતાં તેનું દીલ ભરાઇ આવ્યું અને આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. આ વખતે તેના દુઃખી દીલને દીલાસો દેનાર કોઇ પાસે નહોતું, પણ પાસેના ઘરમાં સુરેન્દ્ર નામે તરુણ સુધારક રહેતો હતો, તે નિર્દોષ બાળિકાના શબ્દો સાંભળી પ્રીતિપૂર્વક પાસે આવ્યો અને સ્નેહનાં નિર્મળ વચન કહી રોતી રાખી બોલ્યો,—

"હેમંતકુમારી! તમે શામાટે રડો છો? હું ધારું છું કે તમારા મનમાં કોઇ મ્હોટી મુઝવણ છે. શું છે તે મને કહેતાં અચકાતાં હો તો તમારી ભાભીને કહેશો?"

"હું તમને શું કહું? તમારાથી શું અજાણ્યું છે? જ્ઞાતિમાં ત્રણ તડ પડી કન્યા વ્યવહાર અટકી પડ્યો છે. અમારૂં તડ ન્હાનું હોવાથી લાયક વર-કન્યા મળી શકતાં નથી. પિતાજીએ નામના કુલીનને શોધી કહાડ્યાથી મ્હારો સંસાર અસાર થયો છે. શી રીતે સંતોષ પકડી મન વાળવું, તેની મને સુઝ પડતી નથી. વિદ્યા, રૂપ, ગુણ, ધન,—કશું પિતાજીએ જોયું નહિ. પિતાજી સારૂં ભણેલા, સુધરેલા શહેરમાં અને સુધરેલા લોકોમાં વસેલા, છતાં કાંઇ સુઝ્યું

નહિ. તે માટે હું મ્હારાં ભાગ્યવિના કોનો વાંક કાઢું ? ન્હાના તડમાં યોગ્ય મનુષ્ય ન મળ્યો તો ખેર, મ્હોટા તડમાં જ્યાં ભોજન વ્યવહાર છે, ત્યાં કન્યા વ્યવહાર કર્યો હોત તો વિદ્વાન્, તરુણ અને ગુણવંત બ્રાહ્મણ શું નહિ મળતે ! લેનાર તો તુરત મળી આવતે ને તેથી શાસ્ત્ર વિરુદ્ધ કાંઇજ નહોતું. આજ સુધી હું બાળક હતી તેથી કશું સમજતી નહોતી, પણ હવે—

એટલું કહી તે રડવા લાગી. સુરેન્દ્રે છાની રાખી ધૈર્ય ધરવા કહ્યું ને કેટલાંક દૃષ્ટાન્તો દઈ તેની હૃદયપીડા ઓછી કરી. ફરી કહ્યું કે,—

બેહેન ! સુખ–દુઃખ એ મનના માનવા ઉપર છે. સુખ-દુઃખ કાંઇ પદાર્થ નથી. તમે સંસાર સંબંધે દુઃખી છો એ દેખીતુંજ છે, પણ તે દુઃખ એવું દુર્ઘટ છે કે તે દૂર કરવાને આપણા હાથમાં હવે કશો ઉપાય નથી. તમને સરસ્વતી સહાય છે એજ વિચારો તો થોડો લાભ નથી. વિદ્યાના આનંદ આગળ હું અનુભવથી કહું છું કે સર્વ આનંદ તુચ્છ અને ક્ષણિક છે. આપણી ઘણી પ્રાચીન આર્યાઓ ‘આરજા’ રહી પોતાનો સંસાર એક મહાન પુરૂષ કરતાં પણ વધારે યશસ્વી કરી ગઇ છે, તેજ પ્રમાણે તમે પણ તમારા તન–મનને હવે વિદ્યાના વ્યસનમાંજ તલ્લિન કરી મૂકો. વિદ્યાના પ્રભાવે સર્વ વિપત્તિ વિસારે પડશે અને અચળ આનંદ પ્રાપ્ત થશે. ખરૂં છે કે આપણામાં જૂના વખતથી દાખલ થયેલી રુઢિની જડ અત્યંત દુ;ખદાયી છે, પણ તે એકાએક નીકળે તેમ નથી. કાળે કરી સર્વ સારૂં થશે, માટે જો સંસારસુધારા માટે પ્રયાસ કરવા ધારતાં હો તો તે કામ

ભાષણો અને લખાણોદ્વારા કરવા માંડો. તમોને આ કડવો અનુભવ ચખાડવાની કૃપાળુ ઇશ્વરની વખતે એવીજ ઇચ્છા હશે કે તમે તેથી તમારી ભગિની તુલ્ય અબળાઓનાં સંકટ દૂર કરવાના ઉપાય લો.

હેમંતને સુરેન્દ્રની સુભાષિત વાણીથી સંતોષ થયો ને દુઃખી દીલ શાન્ત થયું. પછી સુરેન્દ્ર રજા લઇ પોતાના ઓરડામાં ગયો અને હેમંતે તેની આશ્વાસના માટે આજીજી કરી ઉપકાર માન્યો.

સુરેન્દ્ર વિષે વાચકવર્ગને ઓળખાણ આપવાની એટલી કે તે ઉચ્ચ ગૃહસ્થ વર્ગનો અને હેમંતકુમારીના ગામનો રહેવાસી હતો. હાલમાં તે કૉલેજમાં વિદ્યાભ્યાસ કરતો હતો. બાળપણમાં હેમંત ને સુરેન્દ્ર એકજ મહોલામાં રહેતાં હતાં. જે બાલ્યકાળનો ભાઇ-બેહેન જેવો તેમનામાં નિર્મળ ભાવ આ અવસરે પ્રકટી નીકળ્યો.

વીજળીબાઇને સુરેન્દ્રનાં રૂપ-ગુણ બહુ રૂચતાં હતાં અને તેથી તે તેની જોડે હેમંતનો સંબંધ થાય તો જોડી કેવી શોભે ? એમ કોઈ કોઇ વાર મનમાં ને મનમાં કલ્પના કરતી હતી; પણ તે વાત કદી બહાર કાઢતી નહોતી, કારણ કે એ બન્ને બ્રાહ્મણ જ્ઞાતિ તો ખરાં, પરતુ જુદી જુદી જ્ઞાતિનાં* હતાં; અને તેથી ભોજનવ્યવહાર છતાં કન્યાવ્યહાર કરવાનો પ્રતિબંધ હતો. વાસ્તવિક રીતે શાસ્ત્રોથી તેવો કશો બાધ નહોતો અને નીતિને પણ હાનિ નહોતી, પરંતુ માત્ર ચાલતી આવેલી રુઢિનો અનાદર થતો હતો. અને

* બ્રાહ્મણની આશરે ૮૪ જ્ઞાતિ કહેવાય છે પણ તેનાં તડ તો ૮૪૦૦૦ હશે !

તેટલા માટે જરૂરના પ્રસંગે તેવા હિંમતવાન્ અને સ્પષ્ટવક્તા પુરુષો કોઇ નહિ નીકળવાથી હેમંતની દુઃખી દશા થઇ હતી. અસલના વારામાં સઘળા બ્રાહ્મણોની એકજ જ્ઞાતિ હતી, પરંતુ પાછળથી કુસંપ-ક્લેશ વધતાં વધતાં ચોરાશી બ્રાહ્મણોની નાત થઇ તેમાં પણ હાલ તો તડ પડયાં ને દિન પ્રતિ દિન તે તડો પણ તૂટવાને બદલે વધતાંજ ચાલ્યાં.

હમણાં જો દીર્ઘદર્શી વડીલો વિચાર કરીને, જ્યારે જરૂર પડે ત્યારે અથવા ન્હાની ન્હાની જ્ઞાતિઓને યોગ્ય લાગે ત્યારે સંપ કરીને ભોજનવ્યવહાર હોય ત્યાં કન્યાવ્યવહાર રાખે તો કજોડાં, કન્યાવિક્રય અને નામનાં કુલીનપણા અર્થે થતા કંકાસોનો નાશ થાય.*

હેમંતકુમારીનાં માતા-પિતા પોતાના મનમાં થોડું ઘણું સમજતાં હતાં, પણ તેવો સુધારો કરનારા ઘણા થોડા ગૃહસ્થો બહાર પડેલા હોવાથી તેમની હિંમત ચાલી નહિ; અને તેથી પ્રાણથી પણ અધિક પ્રિય પુત્રીને દુઃખ દરીઆરૂપી પોતાના ન્હાનકડા તડમાં પરણાવી કજોડાંનાં કષ્ટ તળે ચગદી નાંખી હતી!

---

* સુરત જિલ્લાના દક્ષિણ ભાગમાં કરાડા બ્રાહ્મણની એક ન્હાની જ્ઞાતિ, બીજા બ્રાહ્મણોની તેવીજ જ્ઞાતિ સાથે જોડાઈ ગઈ છે; તેમજ કડલાલમાં રોઢવાળ બ્રાહ્મણોનાં જે થોડાં ઘર છે, તેઓ તે તરફના ઔદિચ બ્રાહ્મણો સાથે જોડાઈ ગયાનું સાંભળ્યું છે. જેમ જેમ અડચણ પડતી જાય છે, તેમ તેમ કાળે કરીને સુધારાનો પ્રસાર 'વાર્યા નહિ પણ હાર્યા વળે' એ કહેવત પ્રમાણે થવા લાગ્યો છે. વારૂ તે પણ સંતોષજનક છે. ઉમેદ છે કે બીજી ન્હાની જ્ઞાતિઓ પણ ઉપરનાં દૃષ્ટાન્તોથી પોતાની જ્ઞાતિનું શ્રેય સાધવા તત્પર થશે.

કદાચ દીકરી કાંઇક મ્હોટી ઉમ્મરની થઇ હોય તો પણ તે બિચારીની સલ્લાહ લેતાં નથી, તેમ તેની ઇચ્છા પણ સમજતાં નથી. વંશપરંપરાથી કહેવાતા કુલીનોને વળગી રહે છે, પણ ખરા કુલીનો જેને ખાનદાન કહીએ તેની શોધ ખોળ કોણ કરે છે ? કુલીન કુળના વંશજોમાં તેમના વડીલો જેટલી વિદ્યા, વિવેક, લક્ષ્મી, સદાચાર, સત્કીર્તિ ન હોય, તો પણ શું તે કુલીન કહેવાય ? કદી નહિ. કાળે કરીને દરેક ચીજોમાં તેમ કુટુંબોમાં પણ ફેરફાર થયાં કરે છે. આગળનાં ઉચ્ચ કુળો હાલ અધમવસ્થાને પામી ગયાં છે, તો તેને ઉચ્ચ કેમ ગણવાં ?

હેમંતકુમારીના હેરત ઉપજાવનારા પ્રસંગથી આવા વિચારો દેશસુધારકોના દીલમાં આવવા લાગ્યા ને તેઓ મોગમપણે વર્તમાનપત્રોમાં ચર્ચા ચલાવવા લાગ્યા. અમદાવાદની સુપ્રસિદ્ધ ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ "ભોજનવ્યવહાર ત્યાં કન્યાવ્યવહાર" નામનું પુસ્તક પ્રગટ કર્યું ને તે લોકોમાં બહુ ફેલાયું, પણ એ સુધારાનો પ્રચાર બહુજ ઝાંખો ઝાંખો થયો; પરંતુ જે થયું તેનું મ્હોટું માન એ સોસાઇટીને આપવું જોઇયે, કેમકે સઘળા સુધારાની પહેલ એ સોસાઇટીએ અને તેના સ્થાપક ફાર્બ્સ સાહેબેજ કરી છે, એમ કહી શકાય.

પ્રકરણ ૧૧ મું.

સ્ત્રીવક્તૃત્વોત્તેજન અને વરનો વહેમ.

(દોહા)

વિજયતણા છે વિશ્વમાં, વિદિત વિવિધ પરકાર;
તેમાં વક્તાનો વિજય, સર્વે શિરોમણિ સાર. ૧
એવા વક્તા વિશ્વમાં, જીવો વર્ષ હજાર;
જેના યોગ થકી નકી, સુધરે સહુ નર નાર. ૨

હેમંતકુમારી જ્યારે છઠ્ઠા ધોરણમાં પાસ થઇ ત્યારે ઇનામના સમારંભમાં "સંસારસુધારક" પત્રના અધિપતિ પણ આવેલા હતા. તેણે પોતાના પત્રમાં "**વિક્ટોરીઆ** કન્યાશાળાનો વાર્ષિક મેલાવડો અને સ્ત્રીવક્તૃત્વોત્તેજનની આવશ્યકતા" એ મથાળા હેઠળ એક ઉમદા વિષય લખ્યો હતો. તેમના વિચાર ગંભીર, સ્વતંત્ર અને ઉત્સાહ ભરેલા હતા. આ ઉમંગી અધિપતિએ **ગુજરાત** વર્નાક્યુલર સોસાઇટીના ઑનરરી સેક્રેટરી સાહેબને તેમજ લાગતા વળગતા આગેવાનોને સૂચના કરી હતી કે, "હમણાં હમણાં ઘણે ઠેકાણે કન્યાશાળાઓમાં કેળવાયલી સ્ત્રીશિક્ષકો દાખલ થઇ ચૂકી છે. તેઓ પોતાની શક્તિ પ્રમાણે સંસારસુધારાના કામમાં ઉલટથી ભાગ લઇ 'સ્ત્રીસમાજ' મેળવી ભાષણો આપે છે. તેમને ગુ. વ. સોસાઇટી જેવાં સાર્વજનિક ખાતાંઓએ આશ્રય આપવાની અગત્ય છે. **વિક્ટોરીઆ** કન્યાશાળામાં અમારી રૂબરૂ **હેમંતકુમારી** નામે એક કુમારિકાએ કન્યાકેળવણીના સંબંધમાં ઘણું અસ-

રકારક વ્યાખ્યાન કર્યું હતું. તેની કદર સંસ્થાનના ઉદાર મહારાજા સાહેબે કરી હતી, પણ તેવી શીખેલી અને ઉત્સાહી કન્યાઓને પરોપકારી શ્રીમાનો અને સદ્ગૃહસ્થો તરફથી ઉત્તેજન મળે એવી અમો ઉમેદ રાખીએ છીએ."

વગેરે મતલબનું તેમણે લખાણ કર્યું હતું. તે ઉપરથી ઉપલી સોસાઇટીની વાર્ષિક સભા મળતાં એક સભાસદે દરખાસ્ત મૂકી કે.—"સંસારસુધારક" પત્રના આઠમા અંકમાં ભાષણ કરનારી સ્ત્રીઓને ઉત્તેજન આપવા વિષે જે વિષય છપાયો છે, તે મહેરબાન ઑનરરી સેક્રેટરી સાહેબે તથા અન્ય સભાસદોએ વાંચ્યો તો હશે. મારા વિચાર પ્રમાણે જે બહેનો ગુજરાતી ભાષામાં કોઇ પણ સાર્વજનિક વિષયપર મોઢેથી સરળ ભાષણ કરી સંભળાવે, તેમને આ સોસાઇટીએ યોગ્ય આશ્રય આપવો.

વર્નાક્યુલર સોસાઇટીએ સર્વાનુમતે આ દરખાસ્ત મંજુર રાખી એટલુંજ નહિ પણ ઉત્તમ ભાષણ આપનાર હેમંતકુમારીને નીચે જણાવેલાં પચાશ પુસ્તકો ઇનામ દાખલ મોકલી આપ્યાં;—

ઇશ્વરપ્રાર્થનામાળા.	વહુને શીખામણ.
ચંદ્રકાન્ત.	મા અને છોકરાં.
સરસ્વતીચંદ્ર.	રોશન—આરા—બેગમ.
આર્યાચરિત્રાવલી.	મેરાતુલ અરૂસ.
સ્ત્રીનીતિધર્મ.	પંડિતા રત્નલક્ષ્મી.
ભામિનીભૂષણ.	માણેકલક્ષ્મી.
વધૂબોધ.	બાળકોનો આનંદ.
સ્ત્રીહિતશિક્ષા.	પુત્રીશિક્ષા.

સુંદરીગુણમંદિર.	બાળગરબાવલી.
કહાનકાવ્ય.	લલિતાદુઃખદર્શક.
દલપતકાવ્ય.	અસ્તોદય.
છોટમકાવ્ય.	નીતિવચન.
સતીમંડળ.	સંસારસુખ.
સ્ત્રીમિત્ર.	પાર્વતીકુંવરઆખ્યાન.
ડાકટર આનંદીબાઈ જોશીનું ચરિત્ર.	જાતમહેનત.
કરણઘેલો.	બે બેહેનો.
મણિ-મોહન.	સાવિત્રીનાટક.
ટુંકી કહાણીઓ.	ઇંગ્લાંડનો પ્રવાસ.
સ્ત્રીસૌન્દર્યમંદિર	અભિજ્ઞાન શકુંતલા નાટક.
સ્નેહમંદિર.	સ્વચ્છતા.
બાળકોને ઉછેરવાવિષે.	સગર્ભાસંરક્ષણ.
ગૃહવ્યવસ્થા.	સુમનગુચ્છ.
વિદૂતકૃત્ય વિવેક	સદ્દગુણી વહુ
નિબંધમાળા.	સુરુચિ-સુખીસંસાર.
નારીપ્રતિષ્ઠા.	પાકશાસ્ત્ર.

પુસ્તકોની પેટીમાંથી હેમંતકુમારીના નામનું એક પાકીટ નીકળ્યું તે મધ્યે જણાવ્યું હતું કેઃ—

વિદ્યાનુરાગી સૌ. બાઈ હેમંતકુમારી,—

ચંદ્રાપુર.

સલામ સાથે લખવાનું કે—અમારી સોસાઇટીએ કરેલા ઠરાવને અનુસરી તમારા તરફ સાથેની યાદી પ્રમાણે પુસ્તકો ઇનામ તરીકે મોકલ્યાં છે, તે સ્વીકારી પહોંચનો ઉત્તર લખશો.

સદરહુ પુસ્તકો પૈકી ૩૦ પુસ્તકો પરમ પુરુષાર્થી દીવાન બહાદુર મણીભાઈ જશભાઈએ પોતાની પદરથી બક્ષીશ તરીકે મોકલ્યાં છે.

તમારી બીજી બેહેનપણીઓને પણ વિદ્યાના ફાયદા સમજાવશો ને તેઓ જાતે સુધરી પોતાનો સંસાર સુધારે તેવી ઘટતી કોશિશ કરતાં રહેશો, તો તેથી મ્હોટો દેશોપકાર થશે; ને તમારી તરફની અમોને તેવી ઉમેદ છે.

આસિ. સેક્રેટરી.

બધાં પુસ્તકો જોઇ હેમંતકુમારી અતિ હર્ષિત થઇને યાદી પ્રમાણે તપાસી લઈ સોસાઇટીપર આભારપત્ર લખ્યો.

કેટલાંક પુસ્તકોનાં પુંઠાં સોનેરી ગિલ્ટવાળાં હતાં, તે જોઇ જદુરામે એવી અટકળ કરી કે, એ પુસ્તકો ઉપર કોઇએ સોનાનાં ઝીણાં પતરાં જડેલાં છે ને કોઇ શ્રીમંતે તે મોકલ્યાં છે કે શું ? પણ આટલી બધી રકમ ખર્ચીને કોણે શી મતલબથી એ મોકલ્યાં હશે ? તે વિષે મનમાં ને મનમાં સંકલ્પ વિકલ્પ કરવા લાગ્યો. એવામાં એક ડાહીલક્ષ્મી નામે ઓળખીતી બાઈ આવતાં તેને પુછવા માંડયું, જેનો તેણે ખુલાસો કર્યો કે કન્યાશાળાની માસ્તરણને પુછવાથી એનો ભેદ સમજાશે.

લાગલો જદુરામ કન્યાશાળામાં માણેકલક્ષ્મી પાસે જઇ પુછપરછ કરવા લાગ્યો, ત્યારે તેણે સોસાઇટીના સાર્વજનીક કાર્યની પ્રસંશા કરી સઘળી હકીકત કહી સંભળાવી. પણ એ ભોળા ભટ્ટનો વહેમ દૂર થયો નહિ. તેના મનમાં તો નક્કી હતું કે, વગર કારણ કોઇ કાંઇ આપે નહિ. ભીખની મૂઠી પણ માગ્યાવિના કોઇ આપતું નથી ને આટલી મ્હોટી સોનેરી પુસ્તકોની પેટી એકાએક આપી ! જરૂર એમાં કાંઈ ભેદ હોવો જોઇએ.

આમ જદુરામના ચિત્તમાંથી એક ચટપટી મટી નથી, તેટલામાં વળી બીજો તેવોજ બનાવ બન્યો. "સંસાર સુધારક"ના અધિપતિએ સ્ત્રીઓએ જાહેરમાં ભાષણો આપવા વિશે બે ત્રણુવાર એવાં તો રસિક અને બોધક લખાણો કર્યાં કે તે વાંચી લોકોનું વલણ તે તરફ ખેંચાયું હતું; ને તે ઉપરથી સોસાઇટી તરફથી પુસ્તકોની પેટી આવ્યાને હજુ એક મહીનો પૂરો થયો નથી, તેટલામાં હેમંતકુમારીને પોસ્ટ માર્ફતે પાર્સલ મળ્યું. તેમાં એક સુંદર સાડી, ઉનનાં બંડલો, દાંતના સોયા, રોજર્સની કાતર, કેનવાસ તથા તે સાથે એક ચીઠ્ઠી હતી. તેને મથાળે "સ્ત્રી કેળવણીને ઉત્તેજન અર્થે" એટલા શબ્દો લખેલા હતા. સઘળી ચીજો સંભાળીને કબાટમાં મૂકી, પણ તેને વિચાર થયાં કરતો હતો કે એ બધું કોણે મોકલ્યું હશે?! અજ્ઞાન માણસો આ સાંભળી ઉલટી હાંસી કરશે, માટે પ્રથમ માણેકલક્ષ્મીબાઇને સઘળી હકિકત કહી તેની સલાહ પ્રમાણે કરવું,

તે પછી રવિવારની તક લઇ સાંઝના પાંચ વાગતે હેમંતકુમારીએ પોતાની વડીલ શિક્ષકને સર્વ બીના કહી પાર્સલ રજુ કર્યું. પોસ્ટની છાપ વાંચી માણેકલક્ષ્મીએ કહ્યું કે વીરસદથી કોઇ દાનવીર અમીન પુરુષે આ પાકીટ ભેટ દાખલ મોકલ્યું છે. પોતાનું નામ પ્રકાશ નહિ કરવાની ઇચ્છાથી પત્ર લખ્યો નથી, તેમ તે વિષે કશો ઇસારો પણ કર્યો નથી, એ ઉદારતાની એક ઉંચી ખુબી છે.

હેમંતકુમારી—ભલા માણસે એમ ગુપ્ત રહેવાની શી મતલબ હશે?

માણેકલક્ષ્મી—ઉપકારક મનુષ્ય એમ માને છે કે હું તે એવડું શું મ્હોટું આપું છું કે તેમાં 'અમુક મોકલ્યું છે તે સંભાળી લેજો ને તેની પહોંચ લખજો' ઇત્યાદિ જણાવવું.

વળી આજકાલ થોડું આપી ઘણું કરી બતાવનારાં માણસો તો બહુ હોય છે, એટલુંજ નહિ પણ વારંવાર કહી સંભળાવે છે ને તેનો બદલો લે છે! પણ આમ ગુપ્ત ઉપકાર કરનારની તો બલિહારી જ છે. ઘણા જૂના વિચારના લોકોની પણ દાનપદ્ધતિ એવીજ તરેહની હતી. મુંબઈ સુરતના કેટલાક શ્રીમાનો સેંકડો રૂપિયાની રકમો એ પ્રમાણે કાશી તથા નાથદ્વારા વગેરે ધર્મસ્થાનકોમાં નનામી ભેટ મોકલે છે. નામદાર મહારાણી શ્રી વિક્ટોરીઆની જ્યુબિલીને મંગળ પ્રસંગે, તેમના ઉપર પોતાનો પૂજ્યભાવ બતાવવાને જાહેર ફંડો થતાં એક માણસે હજાર પૌંડ (લગભગ પંદર હજાર રૂપિયા) ભેટ મોકલ્યા હતા, ને મોકલનારે પોતાનું કશું નામ-ઠામ જણાવ્યું નહોતું. એજ રીતે નિર્મળ ભાવથી કોઈ પરોપકારી પુરૂષે તમારી વિદ્યાથી પ્રસન્ન થઈ ઉત્તેજન દાખલ જે વસ્તુ મોકલી છે, તે સ્વીકારતાં શંકા કરવાને કશું કારણ નથી. તમારા જેવી ડાહી અને સુધરેલી બાળાઓને ઉત્તેજન આપવાનાં જોશબંધ લખાણો થોડાં અઠવાડિયાંપર કેટલાંક પત્રોમાં પ્રગટ થતાં હતાં, તેનું આ રૂડું પરિણામ હોવું જોઇએ.

આટલું કહી માણેકલક્ષ્મીએ એક વર્તમાનપત્રમાં પ્રગટ થયેલો સ્ત્રીકેળવણી સંબંધી વિષય હેમંતકુમારીને વંચાવ્યો. તેથી તે બહુ ખુશી થઇને કહેવા લાગી:—

એમાં તો આપણી કન્યાશાળાના સમારંભનો અહેવાલ પણ આપેલો છે. પણ વીરસદ ગામ તો ન્હાનું છે. ત્યાં એવા વિદ્યાની કદર કરનારા માણસો વસતા હશે શું?

માણેકલક્ષ્મી—ગામ ન્હાનુંછે એ વાત ખરી, પણ ત્યાં સારા

સારા અમીન પટેલો રહે છે. તે લોકો હમણાં હમણાં કેળવણીમાં આગળ વધતા ચાલ્યા છે. મારી યાદ મુજબ તે તરફ ફરતા કેટલાક ખ્રિસ્તી ધર્મગુરૂઓ પણ વિદ્યાનુરાગી અને પરોપકાર પરાયણ છે. તેમનું અનુકરણ કરી કોઇ દેશી ગૃહસ્થે આમ શુભ રીતે તમને ઉત્તેજન આપ્યું તેમાં તેમની લાયકી છે, ને તમારે સંતોષ લેવાનો છે.

મનનું સમાધાન થતાં હેમંત રજા લઇ ઘેર ગઈ. જદુરામના મકાન આગળ કુટિલા નામે એક કુત્સિત સ્વભાવની સ્ત્રી રહેતી હતી. તેણે જુવાનીનો કિંમતી વખત, નામ પ્રમાણે નઠારાં કામ કરવામાં ગુજાર્યો હતો અને હમણાં વૃદ્ધ થઇ તોપણ તેની મનોવૃત્તિ શુદ્ધ થઇ નહોતી; કેમકે બાળપણના સંસ્કારો વૃદ્ધાવસ્થામાં પણ છુટતા નથી. ચંદ્રાપુરમાં લાલમોહન નામે એક મહા ઠગ, વિષયાંધ અને પ્રપંચી પુરૂષ રહેતો હતો. તેણે હેમંતકુમારી તરફ પાપદૃષ્ટિથી કપટની જાળ પાથરવા માંડી, પણ તે ફાવતો નહોતો. છેવટ તેણે જુલુમ ગુજારવાનો ઇરાદો કર્યો ને તે કામમાં કુટિલાની મદદ લીધી. તે પોતાના કબજામાં લેવા ઘણી આતુર થઇને જદુરામના મનમાં સંદેહ ઉત્પન્ન કરવાનાં તર્કટ કર્યા કરતી હતી. આ સમયમાં જ પુસ્તકોની પેટી અને ભરતકામના સામાનનું પાકીટ મળવાથી ભટ્ટને વિશેષ વહેમ ઉપજે તેમાં નવાઈ શી ?

મ્હોટી ઉમ્મરે ન્હાની કન્યા સાથે સંસાર માંડનારા પુરૂષોને જેમ જેમ વૃદ્ધાવસ્થા પાસે આવતી જાય છે, તેમ તેમ તેના અંતઃકરણમાં વહેમી વિચારોની વૃદ્ધિ થઈ દુઃખ ઉપજે છે. એક તરફ સ્ત્રી જ્યાં નવયૌવન બનતી જાય છે ત્યાં પોતે નિર્માલ્ય અને અશક્ત થવા માંડે છે; અને વિવિધ

પ્રકારની શંકાઓ તેના મગજમાં વાસો કરે છે. વૃદ્ધ વર તરુણ સ્ત્રીપર સચોટ દેખરેખ રાખવા માંડે છે ને વખતે કાકતાલિ ન્યાય પ્રમાણે કદાચ કોઇ સાથે તેનું બોલવું–ચાલવું થાય, તો તેને મહા અનર્થનું રૂપ આપી, ક્લેશ કરવા માંડે છે! અધુરામાં પૂરૂં કુટિલાની ઉસ્કેરણી એટલે પછી બાકી શું રહે? જ્યારથી આ કુલટા, ભટ્ટના કાન ભરવા લાગી ત્યારથી તે શત્રુની પેઠે હેમંત સાથે ડોળા કાઢી ઘુરકતો, વાત વાતમાં મેણાં મારતો અને તેના નિર્દોષ દીલને દુઃખ ઉપજાવવામાં કચાશ રાખતો નહિ. એ પ્રમાણે કુસંગ અને કાચા કાનથી થવા માંડયું.

શાળામાં સંગાથે શીખનારી બાળાઓનાં કુશળ પત્રો પ્રસંગોપાત્ત હેમંતકુમારી પર આવતાં હતાં, તેમજ "સ્ત્રીજ્ઞાનવર્ધક" સભા તરફથી "સ્ત્રીસદ્‌બોધરત્ન" "સ્ત્રી-મિત્ર" "સ્ત્રીબોધ" "અબળામિત્ર" વગેરે પુસ્તકો પણ આવતાં હતાં. એમાં ઘણાંખરાં તો તેને લખાણના બદલામાં મફત મળતાં હતાં ને જુજનો લવાજમ ભરતી હતી. "જ્ઞાન-સુધા" નામે અઠવાડિક પત્રની તે લાંબી મુદતથી ગ્રાહક હતી, એટલે તે પણ વખતસર આવ્યા કરતું હતું. ફુરસદનો વખત વિદ્યાવિનોદમાં ગાળવાને તેના હાથમાં આ સારૂં સાધન હતું. હમેશ હેમંતકુમારીના નામની ટપાલો ચાલુ જોઇ ભટ્ટના પેટમાં ટાઢ ચ્હડતી હતી અને નિર્જીવ બ્હાનાં શોધી સુશીલ સ્ત્રીને પજવવાની તક લેતો હતો.

વિદ્યાનું આનંદદાયી વ્યસન સુખકર છતાં વ્હેમી વર સાથે પાનું પડ્યાથી કેવું દુઃખદ થઇ પડે છે અને સરસ્વતીનો સદા સુખદા પ્રસાદ ક્ષણવાર કેવો ધિઃક્કારપાત્ર થઇ પડે છે, તેનો ચિતાર આ પ્રકરણથી જોવામાં આવશે.

પ્રકરણ બારમું.

પાપીનો પ્રપંચ—સત્યનો જય—આર્યોપદેશ.

(ગીતિ.)

પવને તરુને ભય છે, સરોજને ભય શિશિરનો જેમ;
વજ્ર તણો પર્વતને, પતિવ્રતાને પતીત ભય તેમ. ૧

હમણાં હેમંતકુમારીને પૂર્ણ તરુણાવસ્થા પ્રાપ્ત થઈ હતી ને તેના કુદરતી સૌન્દર્યમાં વધારો થયેલો હતો. ચંદ્રાપુરમાં સહુ તેને સારી પેઠે પિછાનતાં હતાં. એક બે શ્રીમાનના ઉચ્છૃંખળ જુવાનીઆઓએ ઘરનાં ઘર છતાં જદુરામની પડોશમાં ભાડે જગ્યા રાખી હતી, અને સુગંધી પુષ્પ પાછળ ભમરાની પેઠે ભમતા હતા. પણ એ તેમની પાપવાસના ધુમાડાના બાચકા અથવા ઝાંઝવાંનાં જળ જેવી હતી. જદુરામ જેવા ભિક્ષુક અને દરિદ્રી બ્રાહ્મણને તે પાપી તરુણો ઉપરના મતલબી સ્નેહથી બોલાવવા લાગ્યા અને પાંચ પૈસા ઘસાઇને પણ તેના ઘરનો પિછો છોડતા નહોતા. ભોળા ભટ્ટ એનો ઉંડો ભેદ સમજી શકતા નહોતા અને તેથી મલિનવૃતિના મનુષ્યોની અવર જવર ઘણી વધી પડી. તેમના પ્રપંચોથી ચતુર હેમંતકુમારી ચેતી ગઈ ને વધારે સાવધ રહેવા લાગી. કુટિલા પણ તેને સપડાવવાના દાવ પેચ કરતી હેમંતનું શીયળ ભંગ કરવાનાં પુષ્કળ ફાંફાં મારતી હતી!

શરુઆતમાં કેટલોક સમય તો તે પીયરમાં રહેતી હતી, પણ હવે ઉમ્મરે આવવાથી સાસરવાસોજ કર્યો હતો. બે

વર્ષથી વૃદ્ધ સસરા ગુજરી ગયા હતા, એટલે પતિ-પત્ની શિવાય બીજું કોઈ ઘરમાં નહોતું. એવામાં કોઈ કાવત્રાં-બાજ તરફથી જદુરામને પોસ્ટ માર્ફતે એક પત્ર મળ્યો;—

રા. ભટ્ટ જદુરામ.

માત્ર તમારાજ હિતને ખાતર ચેતવણી આપવાની કે, તમારે તમારી સ્ત્રીનો હવે વધારે વિશ્વાસ ન કરવો; એણે તમારી અને તમારા કુળની આબરૂને કાળો ડાઘ લગાડ્યો છે ! ટપાલનો સિપાઈ તેના કાગળો તેનેજ આપે છે, એ તેની વિશેષ સાબિતી છે. પોસ્ટમેન ફૂટેલો છે જો તેનો સઘળો પત્ર વ્યવહાર તમે વાંચી શકો તો તમે વધારે સમજી શકો. એજ. ટુકામાં હજુ નહિ ચેતો તો સુંદર સ્ત્રી ખોઈ બેસશો ને પછીથી પસ્તાશો.

 લ. તમારૂં **ભલું ઈચ્છનારના**

નમસ્કાર.

ચીઠ્ઠી વાંચતાંજ હેમંતપર ભટ્ટ તો તૂટી પડયા ને લાલ-ચોળ થઇ હુકમ કર્યો કે,-'જો તું ખરી સાધ્વી હોય તો તારા નામ ઉપર આવતા એકે એક કાગળ ફોડયા વિના મને બતાવજે, પછી ખરૂં શું છે તે સમજાઈ જશે.' આ ઉપરથી દુષ્ટ પુરુષોના પ્રપંચોથી અણવાકેફ અબળા ચકિત થઇ ગઇ. નમ્રતાથી તેણે પતિની આજ્ઞા માથે ચ્હડાવી અને કબૂલ કર્યું કે,-'જેમ આપની ઇચ્છા હશે તેમજ થશે.'

તે બાપડીના દીલમાં ફાળ પડી કે કોણ જાણે હવે શું કાવતરૂં થશે ? જગતપતિ એવું ન કરે. સત્યનો બેલી અને સર્વનો સાક્ષિ ઇશ્વર છે. હું નીતિનો ચિલો ચૂકી નથી તો શામાટે

ચિંતા કરવી ? સર્વજ્ઞ ઇશ્વર ! નોંધારાનો આધાર તુંજ છે. તને ગમે તે ખરૂં, એમ ઇશ્વર સ્તવન કરતી મોડી રાતે નિદ્રાવશ થઇ.

ટપાલમાં હવેથી નીસ જે કાંઈ કાગળ, વર્તમાનપત્ર ચોપાનિયું કે પુસ્તક આવતું તે સર્વ પ્રથમ જદુરામની નજરે ફરી પછીથીજ હેમંત વાંચતી. દરરોજ ટપાલ તપાસતાં ભટ્ટ તો કંટાળ્યા ને ખાત્રી થઇ કે આમાં કાંઈ શંકા કરવા જેવું તો લાગતું નથી. પછી માત્ર બિડેલા કાગળોજ જોવાનો ઠરાવ રાખ્યો. એક દિવસ બંધ કાગળ જોય છે તો તેમાં "આવતી પુનેમ પર ડાકોરના મેળામાં જરૂર આવવું ત્યાં આપણે મળીશું" આવા પ્રકારનું લખાણ હતું. જદુરામે તે તેના હાથમાં આપી કહ્યું કે,—"બોલ ! આ શી ખટપટ છે ? " હેમંત હિમતથી વાંચીને બોલી—"નક્કી એ કાંઈ દગો થયેલો છે." કવર પરની છાપ જોઈ તો અંકલેશ્વરની માલમ પડી, અને અટકળ કરી કે ચંડાળ લાલમોહન ત્યાં થઇને આગળ જતાં રસ્તામાં આ પત્ર નાખતો ગયો હશે. જે તારીખની અંકલેશ્વરની છાપ હતી, તે તારીખે શહેરમાં તપાસ કરાવતાં લાલમોહન માલુમ પડયો નહિ ને જણાયું કે તે તો મુંબઈ તરફ સ્હેલ કરવા નીકળી પડયો હતો, એટલે માર્ગમાં તેણેજ આ કૃત્ય કરેલું છે. પાપી પુરુષ જે ન કરે તે થોડું. કહ્યું છે કે,—

ગમે તેમ દુષ્ટો બુરી જાળ નાખે,
ભલા રામ રાખે તહિં કોણ ચાખે ?

સર્વ શકિતમાન્ ઇશ્વરનો ખરે એમાં પણ કાંઈ ઉચ્ચ હેતુ હશે.

આ પ્રમાણે તે બિચારી વિચારો કર્યા કરે છે, ત્યાં જદુરામભટ્ટ બોલ્યો, "કેમ શા વિચારમાં પડી છું? હવે કેમ બોલતી નથી? તારૂં બધું પાપ પરખાઇ ગયું છે? કહે હવે તારો શો બચાવ છે?" નિર્દોષ હેમંત વિસ્મય થઇ ગઈ. થોડીવાર કાંઈ પણ તે બોલી શકી નહિ. પણ તુરત સાવધ થઈ બોલી,—"નક્કી કોઈ નઠારા મનુષ્યનું એ કપટકૃત્ય છે. જેણે પ્રથમ ચિઠ્ઠી મોકલી હતી, તેજ અધમ મનુષ્યનું આ કામ હોવું જોઇએ. જે દુષ્ટ કુલટા આપણી પોળમાં રહે છે, તે પણ આમાં ભેગી હોવી જોઇએ. પણ હરકત નથી. સત્ય શું છે, તે પોતાની મેળે થોડીવારમાં તરી આવશે. તમે ઉતાવળા ન થશો. ઇશ્વર સદા સત્યનો જય કરે છે. મારો બચાવ એજ છે. એકાએક સિદ્ધે માર્ગે જતાં છતાં આવું કાવતરૂં કેમ રચાયું તેનાજ વિચારમાં હું આપને તુરત ઉત્તર આપી શકી નથી તે માટે ક્ષમા કરશો".

સત્ય અને અસત્ય છુપાં રહેતાં નથી. હેમંતના મુખપર છવાયલું સત્ય અછતું રહ્યું નહિ. શંકાશીલ ભટ્ટના મનપર તેની તુરત અસર થઇને તેણે પણ કબૂલ કર્યું કે નક્કી કોઇ દુષ્ટ માણસે એતો પથરો ફેંક્યો!

આ બનાવને એક પખવાડીઉં ગયું નહિ, તેટલામાં એવી વાત ફેલાઈ કે વિષયાંધ લાલમોહન વિષ્ફોટકના દરદની દવા કરાવવા મુંબઈ ગયો હતો, ત્યાંજ તે ગત થયો છે. એ કુલાંગારે ઘણી કુલીન અબળાઓની આબરૂ લુટી હતી જાતે શ્રીમંત એટલે ધનના બળથી આ લોકમાં બચી ગયો હતો, પણ ન્યાયી ઇશ્વરે તેનો બરાબર બદલો આપવા અને જવાબ લેવા જાણે પરલોકમાં પોતાની પાસે તુરત તેડાવી લીધો. કહ્યું છે કે,—

(હરિગીત.)

લોભ ને લંપટપણાથી, કામ માઠાં થાય છે,
જે કામવશ નર નાર તે જમદ્વારમાં ઝટ જાયછે;
વિણ મોતથી મરતાં ન પામે, અલ્પ સુખ વિશ્રામને,
જન જુઓ એવાં કામ કેરાં, પાપમય પરિણામને. ૧

જદુરામે શેઠના પુત્રવિષે લોકવાણી સાંભળી ત્યારથી હેમંતકુમારીના વચનપર વધારે વિશ્વાસ બેઠો ને ત્યારથી લગાર સરલપણે વર્તતો થયો.

કેટલાક માસ વિત્યા પછી હેમંતને સીમંત આવ્યું ને પૂરે દિવસે પુત્ર પ્રસવ્યો. પણ ભાગ્યહિણ ભટના ઘરમાં પુત્રનાં પનોતાં પગલાં ક્યાંથી? છોકરો તો ઘણો સુંદર હતો, પણ હેમંતની ગર્ભસ્થિતિ વખતે સંસારિક અડચણો ખમવાથી તથા મૂર્ખ મિત્રોની શીખવણીથી પતિ પજવણી કરતો હતો, આથી તે બાળક હીજરાયલા જેવો ને નબળા બાંધાનો જન્મ્યો. એટલુંજ નહિ પણ ત્રણ દિવસમાં તે મૃત્યુશરણ થયો.

હેમંતકુમારી જેવી કોમળ બાંધાની સ્ત્રી માટે "પાસ" થયેલી મિડવાઇફ અથવા ડાહી અને અનુભવી દાઇની જરૂર હતી. પણ તેવી જરૂર વિચારવા જેટલી જદુરામમાં સમજ ક્યાંથી હોય? એકલી અબળા તે બિચારી શું કરે? આ વેળા જદુરામે કોઇ નવી તથા અજાણી દાઈ થોડા પૈસા પરઠી આણી હતી ને તેનાથી જેમ તેમ કામ નભી ગયું હતું. જે વખતે તેનું શરીર કથળ્યું અને ઉગરવાની આશા નહોતી, તે વેળા મુંબઇમાં ગાંઠિયાનો ગડબડાટ ચાલતો હતો.

હિંદના આ પાયતખ્ત શહેર જોડે દેશની અંદરના લોકોનો અનેક તરેહનો સંબંધ હોવાથી સત્તાધીશોની ધારણા મુજબ સઘળો વ્યવહાર અનુકૂળ કરી શકાયો નહિ, પણ ખાનગી વેપાર-રોજગારમાં મ્હોટો ફેરફાર થયો. તે એટલે સુધી કે આખું મુંબઈ શહેર જાણે ઉજડ વેરાન બની ગયું! જોત જોતામાં આ રોગ આખા હિંદુસ્થાનમાં ઠામ ઠામ પસરી ગયો ને પ્રજા સમસ્તમાં મહા હાહાકાર થઈ રહ્યો!! ચંદ્રાપુરમાં પણ આ ઉપદ્રવે પોતાનું રૂપ પ્રકાસ્યું. મહારાજાએ પ્રજાના રક્ષણ માટે ચાંપતા ઉપાયો લેવા માંડ્યા, પણ તેમાં ઘણે દરજ્જે નિરાશાજ પ્રાપ્ત થઈ. એક મહોલામાંથી બીજા મહોલામાં એમ રફતે રફતે આખા શહેરમાં રોગ ફેલાયો ને જદુરામના ઘર નજીક કેટલાક 'કેશ' થયા! મરકીના ઝીણા જંતુઓને પોષણ મળે તેવા પ્રકારની ગંદકી અંહી વિશેષ હતી. પોળના એક બે મનુષ્યો આ રોગને ભોગ થતાં જદુરામ ભટ્ટ ભયભીત થયા ને દૈવયોગે તેને પણ ગળે ગાંઠ નીકળી! આ વખતે હેમંતકુમારી જોકે સુવાવડમાંથી નાહી ઉઠી હતી, પણ હજી તેનું શરીર જોઈયે તેવું ઘરકામને લાયક નહોતું. તે છતાં તેણે શુદ્ધ મનથી પતિની ઘટતી સેવા-ચાકરી કરવા માંડી. પ્રથમ દેશી વૈદ્યની દવા કરી. તે લાગુ ન થતાં અંગ્રેજી ઉપચાર કર્યા ને છેવટ પ્લેગના ખાસ ડાકટરની સંમત્તિથી માવજત કરવામાં કશી કસુર રાખી નહિ. પરંતુ બનનાર વાત કદી મિથ્યા થાતી નથી, તે પ્રમાણે હેમંતકુમારીની પૂર્ણ સેવા-બરદાસ છતાં, એ ભલી બાઈનું સૌભાગ્યશોભન શિરછત્ર અચાનક આલોકનો ત્યાગ કરી ઉડી ગયું ને પંચ મહાભૂતનું ખાલી

ખોખું પાસે પડી રહ્યું ! બિચારી હેમંત સનાથ હતી તે અનાથ થઈ પડી ને વિધવાવસ્થામાં ઘરખૂણે બેઠી !!

સુવાવડ વખ્તે હેમંતકુમારીની જોઇએ તેવી સંભાળ ચંડિકા જેવી નણંદ ક્યાંથી રાખે ? ગુણકારી ખોરાક અને યોગ્ય ઔષધોપચારની ગેરહાજરીમાં તેનું શરીર માંદુ—સાજું ચાલ્યું જતું હતું. બરાબર કહીએ તો જ્યારે ચંદ્રાપુર છોડયું, ત્યારથી તેને યોગ્ય ખાન–પાન મળતું નહોતું; તેમજ ઘરકામનો પણ કશો નિયમ નહોતો, તેથી તબિયત બગડે એ બનવા જોગ હતું. દિવસે દિવસે મુખ ફીકું પડી ગયું, પેટે અજીર્ણ થવા લાગ્યું અને હાડમાં નાના પ્રકારનો ખરાબ તાવ લાગુ પડ્યો; તેથી શરીર દિન પ્રતિદિન ઘસાવા લાગ્યું. દેશી વૈદ્યોએ ઘણા ઔષધોપચાર કર્યા પણ તે ધૂળપર લિંપણની પેઠે નિરર્થક થયા.

આ પ્રસંગે સ્ત્રીશિક્ષક માણેકલક્ષ્મી, જે હેમંતકુમારીને પ્રાણથી પણ અધિક વ્હાલી હતી, તે તેના મંદવાડની ખબર સાંભળી ઘણી દલગીર થઈ ને તેની કાળજી કરવા લાગી. કોઈ પણ પ્રકારે પોતાની પુત્રી તુલ્ય આ વિદ્યાર્થીને સુખ–સંતોષ આપવા ચહાતી હતી, અને તેથી તેણે એકદમ તેની પાસે જઈ ધીરજ આપી. વિશેષે જણાવ્યું કે પિતાજીનું હાલનું નિવાસસ્થાન કલકત્તા બહુ દૂર છે. વળી રસ્તામાં મરકીને લીધે " ક્વારેન્ટાઇન" છે, એટલે તેઓ એકદમ તમારી સંભાળ લેવા આવી શકશે નહિ, માટે તેમને જલદી આવવા આગ્રહ કરવો નહિ, પણ એટલુંજ જણાવવું કે, તરદી લઈ તન–મન સંભાળી ધીરજથી અંહી આવી પહોચે અને તમારી તબિયતની સંભાળ માટે આપ-

ણી સ્ત્રીસમાજનાં સભાસદ બાઈ રુકિમણી, કે જેઓ વિદ્વાન્ ડૉકતર છે તથા જેમને સારી પેઠે તમે ઓળખોછો તેમની દેખરેખ નીચે અને તેમનાજ મકાનમાં રહેવાની સગવડ કરી છે. તમે જાણોછો કે એ બાઈ ઘણાંજ ભલાં અને માયાળુ છે. તેમણે ભાવ સહિત કહ્યું છે કે હેમંત-કુમારી મારી નજર આગળ રહેશે તો મ્હારાથી બનશે તેટલું કરીને તેમની તબિયતમાં સુધારો કરીશ. આજ સાંઝે હું તેમને અંહી બોલાવી લાવીશ. એમ કહી તેઓ આસનાવાસના કરી છૂટાં પડયાં.

સાંઝે સાડાચારે સ્કૂલ બંધ થતાં માણેકલક્ષ્મી રુકિમણી-બાઈ પાસે ગયાં અને સવારે બનેલી સર્વે વાતથી તેમને વાકેફ કર્યાં. રુકિમણીબાઈએ પ્રસન્ન મનથી ઉત્તર આપ્યો – “ ભલે આપણે હમણાંજ ગાડી જોડાવી જઈએ ” ચાહ તૈયાર હોવાથી માણેકલક્ષ્મીને આપી. પોતે પણ પીધી ને ગાડીમાં બેસી ઈશ્વરપ્રીતે દુખિયારી હેમંતકુમારીને ઘેર આવી પહોંચ્યાં.

રુકિમણીબાઇને જોતાંજ હેમંતનું હૈયું ભરાઈ આવ્યું, તથાપિ દુઃખનો આવેશ દબાવી, દીનતાથી કહ્યું–‘ મ્હારી આવી સ્થિતિમાં સંભાળ લેવાની તમે જે તસ્દી લીધી તેને માટે હું તમારી મ્હોટી આભારી છું કોઈ પણ પ્રકારે હું તમારા ઉપકારનો બદલો વાળી શકીશ નહિ. હવે મને બ-ચાવની બિલકુલ આશા નથી. આપ દયાળુ છો અને મા-ણેકલક્ષ્મીબાઈ તો પૂર્વે મ્હારાં સગાં માતાજ હશે, તે પ્રમાણે ભાવસહિત સંભાળ લે છે; અને આપ પણ મ્હારી મ્હાવજત કરવા માથે લ્યો છો તો જરૂર ઇશ્વર તમને જશ

આપશે. મને તો આશા નથી, પરંતુ જો જીવતી રહી તો મ્હારી બાકીની બધી જીંદગી આર્ય ભગિનીઓની સેવામાં ગુજારીશ, સંસારસુધારા માટે ઠામ ઠામ ફરી ઉપદેશ કરીશ અને ભોળા આર્ય બન્ધુઓના અંતરમાં ઉતારીશ કે તમારી ઘણી રુઢિઓ કઢંગી અને સુધારવા જોગ છે. લખાણદ્વારા પણ એ બાબતે બનતો પ્રયત્ન કરીશ ને મ્હારો પોતાનો કડવો અનુભવ તેઓની દયાદષ્ટિ પાસે મૂકીશ કે જેથી તેઓ જલદી પોતાના વિચાર—આચારમાં ફેરફાર કરવા ત્વરાથી તૈયાર થાય.

રુક્મિણીબાઈ—તમોને તનદુરસ્ત જોવા અમો ઘણાં ખુશી છીએ. તમારા માટે માણેકલક્ષ્મીને મેં સઘળું કહેલું છે, તેથી તમો વાકેફ થયાં હશો. અરસપરસને ઉપયોગી થવા ઇશ્વરે આપણે—મનુષ્યમાત્રને સરજ્યાં છે. તમારા જેવાં પરમાર્થીની સંભાળ લેવી, એ અમારી ફરજથી કાંઈ વિશેષ નથી. આવતી કાલ સ્હવારથીજ તમોને અમારે ઘેર તેડી જઇશું. મ્હારે ત્યાં ઉચ્ચ જ્ઞાતિનો બ્રાહ્મણ રસોઈ કરનાર છે એટલે તમને કોઇ રીતે અડચણ આવશે નહિ. તમારો રોગ જૂનો છે, તે રફતે રફતે નિર્મૂલ થશે, પણ હાલ થોડાજ દિવસમાં દવાની અસરથી તમોને ગુણ જણાશે માટે એ બાબતે નિર્ભય રહેવું.

એ પ્રમાણે વાતચિત કરી દિલાસો દઈ સ્ત્રી ડૉક્ટર ગયાં અને હેમંતને તેથી ધીરજ મળી. ઠરાવ પ્રમાણે વળતે દિવસ માણેકલક્ષ્મી સાથે ગાડીમાં બેસી હેમંતકુમારી ડૉક્ટરને ત્યાં રહેવા ગઈ. ત્યાં (ફિમેલ હૉસ્પિટલમાં) કામ કરનાર નોકરોની જગ્યા સ્ત્રીઓનેજ આપવામાં આવતી, એટલે કોઇ વાતે અડચણ જેવું નહોતું. સ્વચ્છ હવા—પાણી, ગુણ-

કારી ખોરાક અને અનુકૂલ દવાનાં સેવનથી હેમંતકુમારીની આરોગ્યતા દિન પ્રતિ દિન સુધરવા લાગી. લગભગ ત્રણ મહિના થતાં તો તે અસલ જેવી સ્થિતિયે આવી પહોંચી અને માણેકલક્ષ્મી પણ તે જોઇ રાજી થઇ.

ત્યાર પછી થોડા દિવસ ગયા કે એકવાર વાતચિત પ્રસંગે હેમંતકુમારી એક ભલી બાઇયોને વિનવી કહેવા લાગી કે—હવે જો આપણે "સ્રીસમાજ" પાછો મેળવીને સારાં સારાં વ્યાખ્યાનો કરીએ તો બહુ આનંદ થાય.

સ્રીશિક્ષક તથા સ્રીડૉક્ટર તેના વિચારને મળતાં થયાં અને નવી સ્થાપેલી "સ્રી જ્ઞાનવર્ધક" પુસ્તકાલયમાં સમાજ મેળવ્યો. તેમાં સ્વાનુભવયુક્ત અસકારક ભાષણ, હેમંતકુમારીએ આપ્યું. તે ભાષણને છેડે કેટલીક કવિતાઓ માઇ સંભળાવી, જેમાની એક આ પ્રમાણે હતી,—

(રાગ પરજ.)

" શેઠ સગાળશા સાધુને સેવે, વાણીઓ પાળે વ્રત "—એ રાહ.

સુણો સહુ દેશીઓ સારા રે, તજો તમે ચાલ નઠારા રે (ટેક.)
અધમ ચાલ જે હિંદુમાં ચાલે, તેનો કરો તમે નાશ;
ત્રાસ ટળી વિશવાશ વધે એવો, કેમ કરો ન પ્રયાસ?
સુણો० ૧

આમ જેવી દુહિતા દુઃખ પામે, તેમની વ્હારે ધાઓ;
કુધારાઓનો તોડ કાઢીને, સુખી સદા સહુ થાઓ.
સુણો० ૨

ન્હાની જ્ઞાતોની ઉત્તમ કન્યા, અન્ય તડે ન અપાય;
લાયક વર જ્ઞાતિમાં ન મળે, કન્યા દુઃખી દુઃખી થાય.
સુણો० ૩

એ માટે બ્રાહ્મણે બ્રાહ્મણમાં, વણિકે વણિક માંહ્ય;
કન્યાવ્યવહાર ચલાવવો જોઇએ, જેથી સુખી સહુ થાય.
સુણો૦ ૪

બાળ લગ્નની બૂરી રુઢિથી, બગડ્યો છે સંસાર;
ન્હાની ઉમ્મરનાં નારી ને નરથી, વધ્યો બહુ અનાચાર.
સુણો૦ ૫

કુમળી વયમાં કાયા કથળે ને, કાન્તિનો થાયે નાશ;
વિદ્યા વિવેકની તો કહો ક્યાં થકી, સ્વપ્ને પણ શુભ આશ.
સુણો૦ ૬

બાળક વિધવાઓની વિપત્તિ, આપે અતિશય ત્રાસ;
બાળલગ્નના ચાલ જો અટકે, તો થાય તેનો નાશ.
સુણો૦ ૭

ન્હાની ઉમ્મરમાં વર મરવાથી, નારી મૂકે નિશ્વાસ;
પોષણ રક્ષણ કોઈ કરે નહિ, પાપ નડે ચોપાસ.
સુણો૦ ૮

બાળા પ્રસૂતા બાલ્યવયે બને, મૃત્યુ તણો ભય હોય;
મૃત્યુ નહિ તો રોગના ભોગે, જાલમ દુઃખડાં જોય.
સુણો૦ ૯

ઘણી જ્ઞાતિમાં હાલ જુઓ તો, કન્યાની તાણ જણાય;
એવા પ્રસંગે નારી વિયોગે, નરની ગતિ કેવી થાય?
સુણો૦ ૧૦

પાકી ઉમ્મરમાં લગ્નજ કરવાં, કરીને દીર્ઘ વિચાર;
નારી ને નર તો રહે સંતોષે, બગડે નહિ અવતાર.
સુણો૦ ૧૧

બાળપણામાં સુધારવાં બાળક, આપીને વિદ્યાદાન;
માન વધે એવું આપવું ઉત્તમ, જ્ઞાન સહુ ગુણવાન.
સુણો૦ ૧૨

નીતિનાં ઉત્તમ પુસ્તક આપવાં, હુન્નરનાં પણ સાર;
જેથી બાળાનો જન્મ સુધરશે, સાધન એ સુખકાર.
સુણો૦ ૧૩

લાયક ને ગુણવાન જોઈ વર, આપજો કન્યાદાન;
દીકરીના જે દામ માગે તે, નર નહિ પણ હેવાન.
સુણો૦ ૧૪

પાત્ર જામાત્રને આપતાં પુત્રી, બેઉ બહુ સુખી થાય;
કોઈ દિને વઢવાડ ન એની, સ્વપ્ને પણ સંભળાય.
સુણો૦ ૧૫

આજથી આપણે કરી પ્રતિજ્ઞા, કરો સુધારા સાર;
ઉત્તમ પાળતાં નીતિના નિયમો, સાહ્ય થશે કિરતાર.
સુણો૦ ૧૬

વારંવાર હું વિનતિ કરૂં છું, દે સુમતિ જગદીશ;
દંપતિ સર્વે રહે સંતોષે, કરે ન રોશ કે રીશ.
સુણો૦ ૧૭

ભુંડી નીતિ રીતિ નાશ કરીને, સુખી રહો ચિરકાળ;
આશીષ આપે એ અંતરથી, રાવળ હીરાલાલ.
સુણો૦ ૧૮

(શિખરિણિવૃત્ત.)

ભગીની ને ભ્રાતા, સુખદ પિતુ માતા શ્રમ કરી,
બિચારી બાળાને, સરસ શિખ આપો હિત ધરી;
વહાલી બ્હેનોમાં, સપુત સુત સો સ્નેહ ધરજો,
વળી વિદ્યાવંતા, સુગુણિ નરથી લગ્ન કરજો. ૧

સુનીતી રીતીની, સરલ શુભ વાતો શિખવવી,
પછી બાળા પ્રીતે, ઉચિત વરને દાન કરવી;
રહે એવી રીતી, સકલ જનના શુદ્ધ મનની,
ટળે તાપો પાપો, ત્રિવિધ વિધના તુર્ત તનથી. ૨

રૂડાં જોડાં એવાં, યુવતિ વરનાં જો સહુ સજે,
પતીને સંતોષી, અચળ મનથી ઇશ્વિર ભજે;
પિતા માતા તેનાં, હૃદય પરમાનંદ ધરશે,
ગુણી લોકો તેના, ગુણગણતણાં ગાન કરશે. ૩
સહે જે પીડાઓ, ઉચિત વરકન્યા લગનમાં,
ખસેડીને તેને, ધિરજ ધરિ રે'વું મગનમાં;
કુમારિકાઓની, સુજન મન આશીષ ધરજો,
વિનંતી એ મ્હારી, ઉર ધરિ સુમાર્ગે વિચરજો. ૪

(વસન્તતિલકાવૃત્ત.)

જ્યાં **વક્તુસિંહ*** સમ ભૂપ પ્રભુ સ્વરૂપ,
જ્યાં **રામ–લક્ષ્મણ** સમા તનયો અનૂપ,÷
કૃષ્ણા ‡ સુતા નિપુણ દોલતરામ મંત્રી§,
કૃષ્ણા † લખી લલિત વાત સુબોધ પત્રી. ૧

(શાર્દુલવિક્રિડિત.)

જે રાણી જશવંતિ આ જગતમાં, આવે સમે એજ છે,
જેના શીતળ ચંદ્રકાન્તિ સરખા, સામ્રાજ્યનું તેજ છે;
જે સૌને સમભાવથી શિશુ ગણી, પાળે પુરા પ્રેમથી,
તે રાણી **विक्टोरिया** ક્ષિતિવિષે ખ્યાતા રહો ક્ષેમથી. ૧

સમાપ્ત.

---

* નામદાર મહારાજાસાહેબ સર. શ્રીવખતસિંહજી બહાદુર, કે. સી. આઈ. ઈ. લુણાવાડાના રાજ્યકર્ત્તા.

÷ કુમારસાહેબશ્રી રણજીતસિંહજી તથા રઘુનાથસિંહજી.

‡ બાઈસાહેબશ્રી કૃષ્ણાકુંવર.

§ વિદ્વાન્ મંત્રિ દોલતરામ કૃપારામ પંડયા.

† ગ્રંથકર્ત્તા.

સ્ત્રી વાચકોપ્રતિ વિજ્ઞપ્તિ.

(મંદાક્રાંતા.)

વ્હાલી બ્હેનો શ્રવણ કરજો વાત આ લક્ષ ધારી;
કેવાં પામે વિષમ દુખડાં રંક બાળા બિચારી;
દ્રષ્ટે દીઠું બહુ બહુ સ્થળે કષ્ટ વેઠે કુમારી;
તે તે સર્વે વિદિત કરવા વારતા આ ઉચ્ચારી. ૧

આર્યો કેરી હતીજ પૂર્વે નીતિ ને રીતિ રૂડી;
તે તૂટીને પસરી અવળી કૈં કંઈ રૂઢિ કૂડી;
એ રૂઢિથી શિરપર પડ્યા દુઃખના ઘાવ ભારી;
દર્શાવે તે દલિલ દઇ આ વારતા શ્રેયકારી. ૨

વાંચી પ્રીતે મનન કરીને ચિત્તમાં બોધ ધારી;
કાપી નાંખો ત્વરિત ગતિથી રીત જે જે નકારી;
જેથી વાધે સુખ જગતમાં કષ્ટ કોટિ નિવારી;
એ ઉદ્દેશે રચી રુચિર આ વારતા ક્ષેમ કારી. ૩

શાણી બ્હેનો ! ગ્રહણ કરજો બોધ કલ્યાણકારી;
કૂડી રૂઢિ તજીજ સજજો સર્વથા રીત સારી;
દેજો કોડે કુશળ વરને કેળવી પુત્રી પ્યારી;
વાધો કીર્તિ સકળ જગમાં, વાંછના એ અમારી. ૪

હિ૦ વિ૦ રાવળ.

સ્ત્રીઓના સદ્ગુણનું વર્ણન.

કર્ત્તા રા. રા. છોટાલાલ સેવકરામ.

(કચ્છરાજ્યના મંત્રિ સાહેબ.)

(દોહરા.)

સુંદરિથી શોભે સદન, નગરીનું એ નાક;
જુવતિ વિના આ જગતમાં, રૂડા પુરુષ પણ રાંક. ૧

પુરુષ અને પ્રમદા તણું, સરજ્યું જોડું શ્રેષ્ટ;
શોભા સચરાચર તણી, નારી જાતિ નેટ. ૨

ગુણ ગણ જે ગોરી વિષે, ગુણિ તે ગણિ હરખાય;
અવગુણ દેખે એકલા, નર ગુણિમાં ન ગણાય. ૩

છાની છપની કામની, કંથ કામની પાસ;
વાત કરે વિશ્વાસથી, ઉરમાં ધરિ ઉલ્લાસ. ૪

અર્ધ અંગ છે અંગના, સ્વામીનું સાક્ષાત;
સુલેખ છે એ શાસ્ત્રના, જુઓ વિચારી વાત. ૫

જે ઘરમાં જે કુળ વિષે, જે જ્ઞાતિ મોઝાર;
ફિટકારે જે ફુટડિને, તે સહુને ધિક્કાર. ૬

હોય ગૃહસ્થ હજાર વિધ, ભલપણનો ભંડાર;
સદ્ગુણી નહિ જે સદનમાં, ગણે ડાંડ નરનાર. ૭

કર્ત્તાએ કરુણા કરિ, જુવતિની ઘડિ જાત;
રૂપધામ રસધામ એ, વિશ્વ વિદિત છે વાત. ૮

ભામિનિ પાછળ નર ભમે, લાલચ આપે લાખ;
તુચ્છ ગણે છે તારુણી, સાચવવા શિલ સાખ. ૯

નારી નિર્લજ થાય પણ, નિર્લજ નરથી ન્યૂન;
દયિતાને દોષિત ગણે, પક્ષપાતિ મતિશૂન્ય. ૧૦

ભેદ ભલા ભુંડા તણો, નર નારીમાં હોય;
ભુંડિ કહો સહુ ભામની, કોવિદ માને કોય! ૧૧

ભ્રાતા કરતાં ભગિનિનું, હેત અધિક વખણાય;
એમ અવર સંબંધમાં, અનુમાને અંકાય. ૧૨
પ્રેમ જુઓ પત્ની તણો, માપ્યે તે ન મપાય;
સ્વામી સ્વર્ગ સિધાવતાં, ચિતા ઉપર ચઢિ જાય. ૧૩
રંડાપો વેઠે રડી, ક્લેશે પાડે કાય;
વાંક તોય વનિતા તણો, નરનો જે જે ન્યાય. ૧૪
ઘરરૂપી દરબારનો, પ્રમદા પ્રવિણ પ્રધાન;
વનિતા તણા વિવેકથી, નિર્મળ ક્ષેત્ર નિદાન. ૧૫
"પ્રમદા બુદ્ધિ પાનિએ," કહેવત એ કહેનાર;
ઓછી મતિનો કાં હશે, મળી મૂર્ખ કાં નાર! ૧૬
જુવતિ **રત્નગર્ભા** જુઓ, પૂર્વે થઈ પ્રમાણ,
જેના સુયશ તણાં હજી, વિશ્વે થાય વખાણ. ૧૭
મીરાંબાઈ મેવાડનાં, **ચાંદબીબિ** ચતુરાય,
અહો **અહલ્યાબાઈ** પણ, વિવિધપણે વખણાય. ૧૮
જહાંસીની રાણી જુઓ, પતિ માટે પ્રત્યક્ષ;
બતાવિ રણમાં બ્હાદુરિ, દિલ વિચારશે દક્ષ. ૧૯
ગ્રંથ રચે ગરુઆ ઘણા, બુદ્ધિની બલિહાર;
કર્ત્તા નર જાતે કવી, નિંદે નિર્બળ નાર. ૨૦
ખાણ ગણી અવગુણતણી, જ્યાં પ્રભુજુક્તિ અપાર;
કવિ શાના તે કપિ સમા, નિંદે છે જે નાર. ૨૧
રંભા સરખી રાણિને, તન મનથી કરિ ત્યાજ્ય;
દિલ જોડે દાસી થકી, રાજા અક્કલબાજ. ૨૨
બ્રહ્મા, શિવ સરખા ભુલ્યા, મદન દમનથી દેહ;
દેવ હતા નહિં દેવિતે, મૂકી ચાલ્યા જેહ. ૨૩
વડા વડા વિદ્વાનમાં, પાર વિના પંકાય;
ધર્મ ખ્રિસ્તિનો ધારિયો, ચિતમાં કેમ ચુકાય! ૨૪

સાધુ મધ્ય શિરોમણી, સિદ્ધ પુરૂષમાં સાખ;
ભરમાઈ તેવા ભમે, રમા બિચારી રાંક. ૨૫
ચતુરા ઘણી યુરોપની, કુશળા બની કરોડ;
વિધા બળમાં નર થકી, હાંકી જીતે હોડ. ૨૬
મરદ નથી **મહારાણિ** જે, રૂડું ચલાવે રાજ;
જો "પ્રમદા મતિ પાનિયે" ક્યમ કરિ સુધરે કાજ. ૨૭
દયિતા **દમયંતી** જુઓ, નાથે દુઃખિ નિદાન;
પણ પ્રિતમમાં પ્રેમનું, ધીરથિ ધરિ રહિ ધ્યાન. ૨૮
નિર્મળ નૈષધનાથ જે, વનિતામાં ધરિ વ્હેમ;
મત્સ કાજ માનનિ તજિ, ખોયું ઉભયનું ક્ષેમ. ૨૯
પ્રવિણ તથા **સાગર** તણો, પ્રેમ પૂર્ણ પ્રખ્યાત;
પ્રેમનિધિ પ્રમદા સદા, નથી નવિન એ વાત. ૩૦
નિર્મળ **ગોમતિ નર્મદા, જાન્હવિ** જુવતિ જાત;
પુનિતા લહિ પ્રેમે સરવ, સમરે છે સાક્ષાત. ૩૧
ભણતર હિન થઈ ભામની, કામનિ કળા રહીત;
નામનિ કામનિ આર્યની, ક્યમ કરિ થાશે હીત. ૩૨
ઉન્નતિ ઇચ્છો આર્યની, દેશનિ ધરિ દિલ દાઝ;
અબળાને સબળા કરો, યુરોપમાં જ્યમ આજ. ૩૩
તુચ્છ ગણો નહિ તારુણી, મૂછાળા થઇ મર્દ;
રજપુતાણિયોનું રૂડું, વડું વિચારો બર્દ. ૩૪
માનુનિ **મંડનમિશ્ર**ની, શંકરથી કરિ વાદ;
પંકાઈ પંડિત પંક્તિમાં, હેતે કરજો યાદ. ૩૫
યુદ્ધે ઘાયલ વીરની, સ્નેહે લે સંભાળ;
ઉત્તમ એવી યુવતિને, કેમ ચઢાવો આળ. ૩૬
રૂડી **રાણકદેવિની**, સુદૃઢ ધૈર્યતા ધન્ય;
જીવતિ બળી મુઇ જાૂવતિ, પતિ ન ધર્યો મન અન્ય. ૩૭

ભોપાલનિ બેગમ ભલી, રૂડું ચલાવે રાજ;
જે “ પ્રમદા મતિ પાનિયે ” ઠેકે ન શિરપર તાજ. ૩૮

રામા રાય પ્રવીણ જે, કરિ કવિવરથી વાદ;
કવિ અનેકથી જય કર્યો, પામી જ્ઞાનપ્રસાદ. ૩૯

એક ઉપર બીજી કરે, ત્રીજી પણ તૈયાર;
પ્રિયા ઉપર પ્રીતમ તણો, પરખી લેજો પ્યાર. ૪૦
ગોરીને ગવરી તણી, દશા એક દેખાય;
સ્થિતિ પરાધિન સર્વદા, દોરે ત્યમ દોરાય. ૪૧
રૂપ પ્રેમ રામા તણાં, હાવ ભાવના રંગ;
વિધ વિધ કાવ્યે વરણવ્યા, ઉત્તમ ધરિ ઉમંગ. ૪૨
બળ્યો ઝળ્યો પતિ બ્હારથી, આવે ઘરને ઠામ;
વનિતા શીતળ વેલડી, વાંચ્છિત દે વિશ્રામ. ૪૩
ભીડ પડે ભરથારને, ભામનિ લે છે ભાગ;
ઉતારિ ભૂષણ આપશે, રામા જાણવી રાગ. ૪૪
નિર્બળ નારી જાણીને, નિંદિ જેમ નિંદાય;
ભોગ દિયે બકરાતણો, વાઘતણો ન અપાય. ૪૫
ગુણ અવગુણ સહુમાં ભર્યા, કર્યું ન પૂરણ કોય;
કામનિ કેળવણી થકી, શોભે અનુપમ સોય. ૪૬
ગોરીના ગુણ ગણ ગણું, અવગુણ ના ગણું અંક;
પલ્લું નમશે પ્રથમનું, મત મુજ એજ નિશંક. ૪૭
નિર્બળ નથિ નારી તણો, સત્ય પક્ષ છે સાર;
વિનતિ **છોટાલાલ**ની, સુણો સુજન આવાર. ૪૮

મુંબાઈથી સુપ્રસિદ્ધ કવિશ્રી કહાનજીભાઈ ધર્મસિંહ લખેછે કે—

(ગરબી.)

"અલબેલિ રે અંબે માત, જોવાને જઈએ"–ઈ. રાહ.

સહુ ભામિનિ ને ભરતાર, ઉરમાં પ્યાર ધરી;
વાંચી આ ગ્રંથ વિચાર, લેજો શીખ ખરી. (ટેક)
વ્હેમ વિચારે આર્ય પ્રજાને, થાય મહા નુકશાન રે;
તેમજ કેળવણી વણ જગમાં, કથળે કેવાં કામ. લેજો. ૧
નર–નારીનાં વય–ગુણ જોઇ, કરવાં ઘટે લગન રે;
તેહ સંબંધે ઠીક કહ્યાં છે, અનુભવયુક્ત વચંન. લેજો. ૨
ક્રોધી કુલટા કામિનિઓ ને, કપટી પુરુષો ક્રૂર રે;
ગુપ્ત પ્રપંચો રચે નઠારા, તેથી રહેવું દૂર. લેજો. ૩
સુંદરિ ભરી સભાઓ ભાખે, સંભાષણ સુખકાર રે;
લે ઉપદેશ પરસ્પર તેથી, સુધરે છે સંસાર. લેજો. ૪
સ્ત્રીશિક્ષણ બાળકરક્ષણના, બોધક બેશ પ્રસંગ રે;
વાંચી સમજી સ્વધર્મ ધારો, મૂકી આળસ અંગ. લેજો. ૫
પુત્ર અને પુત્રીપર રાખો, સર્વે હેત સમાન રે;
વિદ્યા-બુદ્ધિ-બળ-સાધનથી, બનાવજો ગુણવાન. લેજો. ૬
સ્ત્રીસિક્ષક કૃષ્ણાગૌરી આ, વાત રસિક રચનાર રે;
એ જાણી અભિનંદન આપો, કાન સહુ નરનાર. લેજો. ૭

☛ પ્રોફેસર દવેનો અભિપ્રાય.

I have read the Manuscript of the Sadguni Hemant Kumari given to me by Mr. Hiralal Vidyaram Raval, First Assistant Master Lunawada, Taluka School and am of opinion that it will support the cause of Female Education and Social Reform, by its discourses on the various current topics. The story is written in a readable style, and is likely to be instructive to the average general reader. As a first attempt by a female, it deserves encouragement.

LUNAWADA, *3rd October 1898.* } Sd./ K. S. DAVE, M. A. LL.B., Professor, Gujarat College, *Ahmedabad.*

'સદ્‌ગુણી હેમંતકુમારી' નું પુસ્તક મિ. હિરાલાલ વિદ્યારામ રાવળે મ્હને વાંચવા આપેલું તે મ્હેં જોયું છે. મ્હારો અભિપ્રાય એવો છે કે તે પુસ્તકમાં સંસારસુધારાના ચાલતા વિષયો ઉપર જે ચર્ચાઓ લખેલી છે તેથી સ્ત્રી-કેળવણીને તથા સંસારસુધારાના પક્ષને ટેકો મળશે. તે વાર્તા વાંચી શકાય તેવી સરલ ભાષામાં લખાએલી છે ને સામાન્ય વાંચકવર્ગને બોધકારક થઇ પડવાનો સંભવ છે. એક સ્ત્રીના પ્રથમ પ્રયત્ન તરીકે તે ઉત્તેજનને પાત્ર છે.

(સહી) કાશીરામ સેવકરામ દવે.

એમ. એ. એલ. એલ. બી.

પ્રોફેસર, ગુજરાત કૉલેજ, અમદાવાદ.

આશ્રય આપનારનાં મુબારક નામ.

૨૫ નેક નામદાર મહારાણાશ્રી વખતસિંહજી કે. સી. આઈ. ઈ. લુણાવાડા.
૨૦ નેક નામદાર શ્રી કચ્છના દરબાર સાહેબ મિરઝા મહારાઓ શ્રી ખેંગારજી સાહેબ, સવાઇ બહાદુર. જી. સી. એસ. આઇ.(હસ્તે મે.સાહેબ છોટાલાલભાઈ.) કચ્છ ભુજ.
૧૫ મહેરબાન રાવબહાદુર કૃપાશંકર ભગવાનજી એડમિનિસ્ટ્રેટર સાહેબ. સુંથ-રામપુર.
૧૦ નેક નામદાર મહારાજા સાહેબ બહાદુર. સંસ્થાન ભાવનગર.
૧૦ નામદાર મહારાણાશ્રી મોહનદેવજી સાહેબ, ધર્મપુર.
૧૦ નામદાર પાટવી કુમારશ્રી રણજીતસિંહજી. લુણાવાડા.
૧૦ મહેરબાન રાવબહાદુર માધવરામભાઇ હરિનારાયણ. બી. એ. દિવાન સાહેબ. ખંભાત.
૧૦ મહેરબાન શંકરપ્રસાદ હરિપ્રસાદ દેશાઇ. ભાવનગર.
૮ શેઠ સાહેબ એદલજી રતનજી લીકર કંટ્રાકટર. સુંથ-રામપુર.
૫ ઠાકોર સાહેબ શ્રી કેશરખાનજી. (હસ્તે રા. રા. ગણપતરામ જયભાઈ.) વજીરીયા.
૫ ઠાકોર સાહેબ શ્રી ભૂપતસિંહજી. ખારડી તાબે જોધપુર.
૫ દરબાર સાહેબ રાવળશ્રી તખતસિંહજી માણસા.
૫ ખાનબહાદુર કરમઅલી રહિમ નાનજીઆણી બી. એ. ડે. એ. ઇ. સાહેબ. નડિયાદ.
૫ રા. રા. કેશવલાલ રણછોડલાલ દેશાઈ. અમદાવાદ.
૫ રાવબહાદુર દોલતરામ કૃપાશંકર દિવાન સાહેબ. લુણાવાડા.
૫ ઠાકોર સાહેબશ્રી લક્ષ્મણસિંહજી જાલમસિંહજી. ”
૫ મે. વૈદ્યરાજ બાવાભાઇ અચળજી (જામનગરનિવાસી.) ”
૫ રા. રા. છોટાલાલ વિઠ્ઠલદાસ ન્યાયાધીશ સાહેબ. લુણાવાડા.
૫ શેઠ સાહેબ ગુલાબચંદ બ્રીજલાલ મ્યુ. ચેરમેન. ”
૫ શેઠ સાહેબ છગનલાલ રણછોડભાઈ ભૂદરજી રાવળ. ”
૫ રા. રા. ગોપાલરાય વૈકુંઠરાય વકીલ. ”

૪ રા. રા. મનમોહનદાસ દયાળદાસ શરાફ. મુંબઇ.
૪ રાવસાહેબ કેશવલાલભાઈ હર્ષદરાય ધ્રુવ. બી. એ. ભુજ.
૪ મહેરબાન શેઠ સાહેબ આર. બી ગોનાવાળા બેરિસ્ટર. અમદાવાદ.
૪ પ્રોફેસર બળદેવરામ નાથજી દવે. લુણાવાડા.
૩ ઠાકોર સાહેબ શ્રી કીશોરસિંહજી લક્ષ્મણસિંહજી. લુણાવાડા.
૩ શેઠ સાહેબ હોરમસજી જમશેદજી નસરવાનજી
જીનવાળા. (લીકર કંટ્રાકટર.) ”
૩ રા. રાં. વકીલ બાપુજીભાઈ દુર્લભરામ ”
૨ રા. રા. મગનલાલભાઈ માધુભાઇ ઠક્કુર આસિસ્ટંટ. પેટલાદ.
૨ ઠાકોર શ્રી સ્વરૂપસિંહજી સુરજમલજી. લુણાવાડા.
૨ ઠાકોર શ્રી મોતીસિંહજી કુબેરસિંહજી. ”
૨ કુમાર શ્રી હાથીસિંહજી કનકસિંહજી. ”
૨ કુમાર શ્રી કીશોરસિંહજી મોતીસિંહજી. ”
૨ રા. રા. બાપુજીભાઈ હરિભાઇ ઓવરસીયર. ”
૨ રા. રા. માર્તંડરાવ દોલતરાવ સાહેબ ઇન્સ્પેકટર. ”
૨ પરીખ શેઠ રૂપચંદ ગુલાબભાઈ (હ. રાજેશ્રી મોતીલાલ.) ”
૨ રા. રા. કવિ જગન્નાથ ઝવેરભાઈ રાવળ. ”
૨ શેઠ ઓચ્છવલાલ ગુલાબચંદ પરીખ. ”
૨ રા. રા. જયરામ બત્તાંન મીસ્ત્રી. ”
૨ રા. રા. ગબલરામ જેઠારામ દવે. ”
૨ રા. રા. પુરૂષોત્તમ હરિભાઇ મહેતા ખાસગી કામદાર. ”
૧ રા. રા. હીરાલાલ જેઠાલાલ મજમુદાર. પેટલાદ.
૧ પ્રાણલાલ બુલાખીરામ યાજ્ઞિક. નડીઆદ.
૧ દાણી ભુલેશ્વર રણછોડ દવે. લુણાવાડા.

સન્નારી ગ્રાહકો.

૨ બ્હેન મહાલક્ષ્મી (મિસિસ કૃપાશંકર.) સુંથ–રામપુર.
૨ બ્હેન જરબાઈ એદલજી. પટેલ. ”
૨ બ્હેન મિસિસ સદ્‌ગુણી બેન્જામીન. રાણપુર.
૨ બ્હેન ઇચ્છા વિ. હરનારાયણ. હેડમિસ્ટ્રેસ હાલોલ.
૧ બ્હેન ગુલાબાઈ બાબર મિડવાઇફ. એન્ડ નર્સ. વડોદરા.
૧ બ્હેન કુસુમગવરી ઠાકોરલાલ. બી. એ. કેમ્પ. ”
૧ બ્હેન સુલોચના જાદવરાય. ”

૧ બ્હેન અનુસૂયા સારાભાઇ મગનભાઇ. અમદાવાદ.
૧ બ્હેન તારાગૌરી (ઊર્ફે નર્મદાબાઇ) દયાશંકર. ”
૧ બ્હેન રૂક્‌મણિ (રણછોડલાલભાઇનાં પત્ની.) મોરબી.
૧ બ્હેન રતનબાઇ મહેરવાનજી. અંકલેશરીઆ મુંબઇ.
૧ બ્હેન ચંચલગૌરી નેમચંદ. વિ. ડાયર. ફોર્ટગ્લોસ્ટર. કલકત્તા.
૧ બ્હેન દિવાળી મોતીરામ. સુંથ-રામપુર.
૧ બ્હેન લક્ષ્મીબાઈ (હ. કારભારી દેશાઇ ભીખાલાલ.) દોડકા.
૧ બ્હેન જમનાબાઇ મોતીલાલ શાહ. ચીખોદરા-આણંદ.
૧ બ્હેન અંબાજી જીવરામ. હેડમિસ્ટ્રેસ. ધીણોજ.
૧ બ્હેન ન્હાનીબાઇ બાધરસિંગ. ” જલાલપોર.
૧ બ્હેન જ્યોતી કુબેરદાસ. ” ખંભાત.
૧ બ્હેન મહાલક્ષ્મીબાઈ રણછોડલાલ. અમદાવાદ.
૧ બ્હેન મેરી અજ્જુભાઇ. ફી. ટ્રે. કૉલેજ. ”
૧ બ્હેન દીનબાઇ એદલજી. ” ”
૧ બ્હેન વીજકોર નરસિંહદાસ. ” ”
૧ બ્હેન નાથી હરિવલ્લભદાસ. ” ”
૧ બ્હેન સીમાબાઇ ઇબ્રાહિમ. ” ”
૧ બ્હેન ઢાકુ બાલકૃષ્ણ. ” ”

રાજકોટ.
(મહેરબાન માણેકલાલ નાગરદાસ શાહ મારફતે)

૧ બાઇ લક્ષ્મી રામચંદ્ર. લેડી મિસ્ટ્રેસ. ટ્રે. કૉ.
૧ બાઇ મોંઘી બ્હેચર. પ્રાકટીસિંગ સ્કૂલનાં હેડ મિસ્ટ્રેસ.
૧ બાઈ પાર્વતી વીરજી. પે. આ. મિસ્ટ્રેસ.
૧ બાઈ કાશી મહાશંકર. આ. મિસ્ટ્રેસ.
૧ બાઈ દિવાળી રતનદાસ. બી. આ. મિસ્ટ્રેસ.
૧ બ્હેન મોંઘી ત્રીભુવનદાસ. ત્રી. વ. સ્કૉ. ફી. ટ્રે. કૉ.
૧ બ્હેન લાડુ અમરશી. ”
૧ બ્હેન સંતોક કુબેરજી. ”
૧ બ્હેન સંતોક હરજીવન. ”
૧ બ્હેન ગંગા પુરૂષોત્તમ. ”
૧ બ્હેન ગોદાવરી વિશ્વનાથ. બી. વર્ષનાં સ્કૉલર.
૧ બ્હેન તારાલક્ષ્મિ અમૃતલાલ. ”
૧ બ્હેન કાનુ જેઠાભાઈ. ”

૧ બ્હેન દિવાળી પ્રાગજી. બીજા વર્ષના સ્કૉલર.
૧ બ્હેન ઉજમ અંબારામ. ,,
૧ બ્હેન વેનુ ત્રીકમજી. ,,
૧ બ્હેન મયાકુંવર કલ્યાણજી. ,,
૧ બ્હેન નર્મદા વિદ્યારામ. ,,
૧ બ્હેન ઉજમ જટાશંકર. પહેલા વ. ના સ્કૉલર.
૧ બ્હેન મંગળાગૌરી ભાઈશંકર. ,,
૧ બ્હેન મોંઘી રાજારામ. ,,
૧ બ્હેન ગોદાવરી મયાશંકર. ,,
૧ બ્હેન નર્મદા ત્રીકમજી. ,,
૧ બ્હેન સામકુંવરબાઈ વીરચંદ. ,,
૧ બ્હેન પુંજીબાઈ વીરચંદ. ,,

લુણાવાડા.

૨ રાવસાહેબ ગણેશ વિષ્ણુ. ખેર એલ. એમ. એન્ડ. એસ.
૨ રા. રા. કાળીદાસભાઇ નાથજી. રાવળ સે. ક. મેજીસ્ટ્રેટ સાહેબ
૧ રા. રા. રામચંદ્રભાઈ નરભેરામ. તા. સ્કૂલ માસ્તર સાહેબ.
૧ રા. રા. સૂર્યરામ સોમેશ્વર દેવાશ્રયી. ઈ. સ્કૂલના હેડ માસ્તર.
૧ રા. રા. સોમેશ્વર બાપુજી દેવાશ્રયી. ડૉક્ટર.
૧ રા. રા. સબુરભાઇ દલસુખભાઇ મહેતા. ટ્રેઝરર.
૧ રા. રા. મથુરભાઈ કાશીરામ વકીલ.
૧ રા. રા. જેઠાલાલભાઇ ઉત્તમરામ વકીલ.
૧ રા. રા. શેઠ ભોળાનાથ ઝવેરભાઈ રાવળ.
૧ રા. રા. શેઠ સાંકળચંદ છગનલાલ પારેખ.
૧ રા. રા. શેઠ ઓચ્છવલાલ છગનલાલ પારેખ.
૧ રા. રા. પરીખ દામોદરદાસ મહાસુખ.
૧ શેઠ સાહેબ દીનશાહજી બરજોરજી.
૧ રા. રા. દલસુખ મહાશંકર ભટ્ટ.
૧ રા. રા. મોતીલાલ ચુનીલાલ માસ્તર.

(રા. રા. મુળજીભાઇ નાથજી રાવળ મારફતે.)

૨ રા. રા. મૂળજીભાઈ નાથજી રાવળ.
૧ મિ૦ મોહનલાલ મૂળજીભાઇ રાવળ.
૧ શેઠ હિરાલાલભાઇ દેવચંદભાઇ.
૧ શેઠ છગનલાલ ભૂરાભાઈ.

૧ મિ. રણછોડલાલ જયશંકર રાવળ.
૧ મિ. છગનલાલ મયારામ. (વાડાસીનોર.)
૧ રા. રા. મગનલાલ કાળીદાસ. એ. હેડ કાન્સ્ટેબલ.
૧ રા. રા. નાથજી મુળજી રાવળ.
૧ રા. રા. મહાશંકર ભાઇશંકર દવે.

(મિ૦ ત્રીભુવનદાસ લજ્યારામ જાની મારફતે.)

૧ મિ. ત્રીભુવનદાસ લજ્યારામ. પોષ્ટમાસ્ટર.
૧ મિ. સોમેશ્વર નાનકેશ્વર ભટ્ટ.
૧ મિ. કેશવલાલ ગીરધરલાલ. (હાલ મુંબઇ).
૧ મિ. મુલેશ્વર રૂપરામ જાની બી. આ. માસ્તર.
૧ શાહ ભાઇચંદ ગીરધર આ. માસ્તર.
૧ મિ. ચુનીલાલ ગણપતરામ દવે. કમ્પાઉંડર.
૧ રા. ઓચ્છવલાલ દલસુખરામ. આસિ. માસ્તર.
૧ રા. મુળજી જેઠારામ ત્રવાડી. ,,
૧ મિ. ગોકળદાસ હરજીવનદાસ.
૧ ઠાકોરશ્રી ખુમાનસિંહજી માનસિંહજી.
૧ ઠાકોરશ્રી કીશોરસિંહજી જુવાનસિંહજી.
૧ ઠાકોરશ્રી ભવાનસિંહજી રાયસિંહજી.
૧ મિ. ભોગીલાલ દલસુખરામ દવે. આ. માસ્તર.
૧ મિ. હિરાલાલ નારણજી દવે.
૧ મિ. સાંકળેશ્વર હરિશંકર ત્રવાડી.
૧ મિ. વીરચંદ બીજલાલ દોશી.
૧ મિ. ચેનશંકર વલ્લભરામ ભટ્ટ.
૧ મિ. દલસુખરામ અંબારામ દવે.
૧ મિ. સબુર નારણજી દવે.
૧ મિ. છબીલ દલસુખરામ.
૧ રા. ગોપાલ રણછોડ દવે.
૧ રા. કાશીનાથ દલપત્તરામ. સાહેર કારકુન.
૧ રા. ચુનીલાલ શીવરામ. ,,
૧ રા. બળવંતરાવ નાનકેશ્વર. ,,
૧ રા. શંકરલાલ કાશીરામ. ,,
૧ રા. જગન્નાથ નાનકેશ્વર. ,,

૧ રા. નર્મદાશંકર ઝવેરભાઈ. કારકુન.
૧ રા. માણેકલાલ મોતીલાલ. ,,
૧ મિ. ખીમચંદભાઈ જમનાદાસ નાણાવટી.
હેડ માસ્ટર ઇ. સ્કૂલ. (વાડાસીનોર).

સુંથરામપુર—રેવાકાંઠા.

૫ રા. રા. પિતામ્બરદાસ દાજીભાઇ. પો. ઇન્સ્પેક્ટર સાહેબ.
૨ શેઠ સાહેબ એદલજી હોરમસજી પટેલ. આ. ,,
૧ રાવસાહેબ કેશવરાવ બાબાજીરાવ. પ્રધાનન્યાયાધીશ.
૧ રા. રા. મગનલાલભાઇ વનમાળીદાસ.
૧ રા. રા. કેશવલાલભાઈ હરજીવનદાસ પારેખ.
૧ રા. રા. શેઠ કર્મચંદભાઇ નરસિંહદાસ.
૧ શેઠ સાહેબ હોરમસજી મહેરવાનજી ગીયારા.
૧ મહેરબાન ડૉકટેટ લાઇબ્રેરીના સેક્રેટરી.
૧ રા. રા. રણછોડભાઈ જીવરામ રાવળ.
૧ રા. રા. હરિલાલભાઈ બાપુજી.
૧ રા. રા. ઝરીફખાન સાહેદીખાન.
૧ મિ. જેમ્સ વાલેન્સન.
૧ રા. રા. ગણપતરામ નાથજી રાવળ.
૧ રા. રા. ચુનીલાલ ત્રીભૂવનદાસ પારેખ.
૧ રા. રા. વકીલ દલપતરામ નંદરામ.
૧ રા. રા. કવિ મોતીરામ શિવરામ શાસ્ત્રી.
૧ મિ. ચુનીલાલ શોભારામ કમ્પાઉન્ડર.
૧ મિ. છગનલાલ રણછોડદાસ મોદી.
૧ મિ. મણિલાલ ઇશ્વરદાસ.
૧ રા. ભોગીલાલ રણછોડદાસ કારકુન.
૧ મિ. અબ્દુલ રહેમાન સ્વીદીક ગાઝી માસ્તર. (પ્રતાપગઢ)
૧ મિ. દીનાનાથ દલસુખરામ માસ્તર. (સરસણ).
૧ રા. તલાટી દેવજી મૂળજી પટેલ.
૧ રા. તલાટી ગેંદાલજી ભેરજી.
૧ મિ. મોહનલાલ મોતીરામ રાવળ.
૧ શેઠ મહાસુખભાઇ રૂપચંદ.
૧ આસિ. માસ્તર ગૌતમ દેવચંદ.
૧ સાહેર કારકુન ઘેમલ ઝવેર.

કડાણા.

૫ રા. રા. ભોળાનાથભાઇ કેશવરામ કાર્યભારી.
૧ મિ. મગનલાલ રણછોડદાસ મોદી.

સંજેલી.

૨ દરબારશ્રી પ્રતાપસિંહજી હસ્તે રા. રા. સેવકરામ બાઇશંકર.
૧ રા. નાથજી આત્મારામ માસ્તર.

હિરાપુર તાલુકે સુંથરામપુર.

૨ ઠાકોર સાહેબશ્રી નહારસિંહજી હમીરસિંહજી.
૧ રા. રા. લક્ષ્મીરામભાઇ હરજીવનદાસ.
૧ રા. રા. માસ્તર કર્મચંદભાઇ કીશોરદાસ.
૧ રા. રા. શાસ્ત્રી રામશંકરભાઇ પાઠક.
૧ ઠાકોરશ્રી ગજેસિંહજી પ્રથીસિંહજી.
૧ ઠાકોરશ્રી જગતસિંહજી સરદારસિંહજી.
૧ રા. રા. કોઠારી ભોગીલાલ જાલમચંદ.
૧ રા. રા. કોઠારી કપુરચંદ મોતીચંદ.
૧ રા. રા. શાહ નાનાલાલ ક્ષેમરાજ.
૧ રા. રા. વરોઠીઆ કપુરચંદ મગાચંદજી.

મુંબઈ.

૨ મહેરબાન પોપટભાઇ પ્રભુરામ. એલ. એમ. એન્ડ એસ.
૨ મિ. જાફર પીરમહમદ, કોટ, મેડો સ્ટ્રીટ
૨ રા. રા. ઠા. વલ્લભજી રામજી ઠબજી. અંજારના
૧ રા. શેઠ. ભગવાનદાસ વિશ્રામ મંગળદાસમાર્કેટ.
૧ રા. રા. પ્રેમાનંદ દુર્ગાશંકર વ્યાસ.
૧ મહેરબાન આર્યપુસ્તકાલયના સેક્રેટરી. સાહેબ(સુરત).

ભાવનગર.

૨ મહેરબાન વિજયશંકર ગૌરીશંકર ઓઝા હસ્તે
રા. રા. મોતીભાઇ વિ. હરિભાઇ. ભાવનગર.
૨ રા. રા. દેશાઇ ઇચ્છાશંકર વિ. કાળીદાસ. ,,
૧ મે. રાજકુમાર કૉલેજના પ્રિન્સિપાલ સાહેબ. રાજકોટ.
૧ મહેરબાન એડમિનિસ્ટ્રેટર સાહેબ બહાદુર, પોરબંદર.

રા. સા. રણછોડલાલ સેવકરામ દવે મારફતે.

મોરબી. ૧૫

૧ રાવસાહેબ રણછોડલાલ સેવકરામ ફ. ક. મેજીસ્ટ્રેટ.

૧ રા. રા. અમરચંદ શિવદાસ વકીલ.
૧ રા. રા. વકીલ ધનજીભાઈ.
૧ રા. રા. વકીલ મયાશંકર જીવરામ.
૧ રા. રા. વકીલ રેવાશંકર અંબારામ દવે.
૧ રા. રા. વકીલ હિરાચંદ કપુરચંદ મહેતા.
૨ રા. રા. વકીલ હિરાલાલ શંકરભાઈ.
૧ રા. રા. મગનલાલ લલ્લુભાઈ વકીલ. વીસનગર.
૧ રા. રા. વકીલ શંકરભાઈ હાજીભાઈ. ,,
૨ રા. રા. પારેખ ગોવિન્દજી ન્હાનજી બુકસેલર. જૂનાગઢ.
૧ મિ. લાલજી દેવજી કાચા, કલાર્ક ડે. એ. ઈ. ,,
૨ મિ. કેશવજી વિશ્વનાથ ત્રીવેદી. સતીમંડળીના કર્ત્તા ધ્રોળ.
૨ રા. રા. નારણજી અમરશી શાહ. વઢવાણ.
૧ રા. એલીમ રાજુ મહમદ સ્કુલ માસ્તર ખડીર. ગઢડા.
૧ મિ. ત્રીકમજી લાલજી સિહોરા, મોટા ગુંદા, ભાણવડ.
૧ રા. રા. ડાહ્યાભાઈ હિરજી મહેતા. ,,
૧ રા. રા. જશરાજ સુન્દરજી મહેતા. ,,
૧ રા. રા. કરસનજી દેવરાજ ઠુંતલા. ,,
૧ રા. બહેચર શીવરામ. તાલુકા સ્કુલ, બીલખા.
૧ આર્યસુબોધક નાટક મંડળીના મેનેજર ઉમીયાશંકરભાઈ. વાંકાનેર
૧ રા. રા. શિવશંકરભાઈ. આર્ય સુબોધ નાટક મંડળી. ,,
૧ રાવસાહેબ કૃષ્ણરાવ વિશ્વનાથ. નાયબ દિવાન વાંસદા.
૧ મિ. ગીરિજાશંકર નથુરામ શુકલ. પોષ્ટમાસ્તર બારડોલી.
૧ રા. રા. વ્રીજવલ્લભદાસ દામોદરદાસ માસ્તર. માંડવી.
૧ રા. ખુશાલભાઈ ભગવાનજી રાજપરા. ગોથાણ.
૧ રા. ઠાકોરશ્રી છત્રસિંહજી પ્રથીસિંહજી. ,,
૧ રા. નાથાભાઈ ધનલાલચંદ શાહ. ભગવા.
૧ મિ. પર્વતસિંહજી આ માસ્તર. ઝણોર.
૧ રા. લલ્લુભાઈ ખંડુભાઈ. સાદડવેલ
૧ રા. ઝવેરી નાનાલાલ ફતેભાઈ વડોદરા.
૧ રા. ઝવેરી નગીનદાસ ઈશ્વરદાસ. ,,
૧ રા. અમીન દાદાભાઈ ઊમેદભાઈ. ,,
૧ રા. શંકરરાવ દામોદર પંથ કાલેલકર. ,,
૧ રા. આત્મારામ નાગરદાસ આ. માસ્તર. ધીણોજ.

૧ રા. ચુનીલાલ ખેડીદાસ આ. મા. ધીણોજ.
૧ રાવબહાદુર બ્રીજલાલ પુરૂષોત્તમરાય. વીસનગર.
૧ રા. રા. મૂળશંકર પ્રભુરામ કાર્યભારી. લીંબોદરા.
૧ રા. ડૉક્ટર સાહેબ મંછારામ આશારામ. રાધનપુર.
૧ રા. શામળદાસ હરજીવનદાસ શા. હે. મા. "
૧ શેઠ સાહેબ દીનશાહજી જીવણજી પટેલ. ખારાઘોડા.
૧ ખાનશ્રી બાલેખાનજી વિ. અલીખાનજી. ઝીંઝુવાડા.
૧ મિ. અલારખાં સેબાજખાં આસિ. માસ્તર પાલણપુર.
૧ રા. નાથાલાલ જમનાદાસ શર્મા. સાદરા.

મહેરબાન જી. આર. ગુપ્તે સાહેબ મારફતે. ૨૦

૧ રાવસાહેબ જી. આર. ગુપ્તે. હેડમાસ્ટર તાલુકદારી સ્કૂલ વજીરીયા
૩ સં. ખરેડાના ઠાકોર શ્રી જેઠાસિંહજી અમીરસંહજી.
૨ સં. સણોરના કુમારશ્રી નૃપતસિંહજી ખુશાલસિંહજી.
૨ સં. પલાસણીના ઠાકોરશ્રી ફતેસિંહજી જીતસિંહજી.
૧ સં. સણોદના કુમારશ્રી ગંભીરસિંહજી વખતસિંહજી.
૧ સં. વડીઆના કુમારશ્રી અહમદખાનજી નાથખાનજી.
૧ સં. નસવાડીના કુમારશ્રી ઉદેસિંહજી નૃપતસિંહજી.
૧ સં. બીહોરાના ઠાકોરશ્રી હેમતખાનજી સરદારખાનજી.
૧ સં. શીવરાજપુરના ઠાકોરશ્રી ફતેસિંહજી અંદરસિંહજી.
૧ સં. જીરાલના કુમારશ્રી બાપુ સાહેબ મોટા બાવા.
૧ સં. ગડ (બોરીયાદ) ના કુમારશ્રી મોતીસિંહજી ચંદસિંહજી
૧ સં. ભીલોડીઆના કુમારશ્રી મોતીસિંહજી હરિબાવા.
૧ સં. વાસણ (સીવાડા)ના કુમારશ્રી લતીફખાનજી સરદારખાનજી.
૧ સં. ચોરાંગલાના કુમાર શ્રીછત્રસિંહજી રામસિંહજી.
૧ રા. રાઠોડ અમીરખાનજી નારખાનજી. બી. આ. માસ્તર.
૧ રા. કુબેરભાઈ દલપતરામ દવે. ફ. આ. માસ્તર.

ગોધરા—પંચમહાલ.

૧ રા. રા. કેશવલાલભાઇ ઈશ્વરદાસ પરીખ. હે. કલાર્ક.
ડે. એ. ઈ. સાહેબ. ગોધરા.
૧ રા. રા. રઘુનાથજી દીનાનાથ વકીલ. "
૧ રા. મથુરભાઈ દ્વારકાંદાસ મોદી પ્રેસના મેનેજર. "
૧ રા. રા. ચંદુલાલ પિતામ્બરદાસ રાવળ. આસિ. માસ્તર દાહોદ.
૧ રા. આદિત્યરામ રાજારામ જાની. માસ્તર દગિઆર.

૧ રા. જયશંકર મોતીરામ દવે માસ્તર ગાંગરડી.
૧ રા. ભટ્ટ રવિશંકર મહાશંકર. મોતમીન શાયર—ઝાબુઆ
૧ રા. દીક્ષીત પ્રાણશંકર મયાશંકર. શાયર.
૧ રા. રા. જેઠાલાલ મહાસુખભાઇ સે. ક. ડે.
એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબ. નડિયાદ.
૧ રા. પટેલ નરસિંહભાઈ જેઠાભાઈ. કરમસદ.
૧ રા. પટેલ કસ્યાભાઈ જેઠાભાઈ. સેનીકૂવા.
૨ મહેરબાન નારાયણરાવ મોરેશ્વર દેવસ્કર નાંદોદ.
૨ રા. રા. ઇશ્વરભાઈ નરસિંહભાઇ પટેલ. ઝઘડીઆ.
૧ રા. રા. મૂળજીભાઇ રઘુનાથજી ત્રિવેદી. ભાલોદ.
૧ રા. મોતીલાલ દલસુખરામ ભટ્ટ. પારડી.
૧ રા. ચુનીલાલ રણછોડ દવે. આ. માસ્તર. ”
૧ રા. નરસિંહ જગન્નાથ. અવિધા.
૧ રા. રણછોડલાલ દોલતરામ. ”
૧ રા. વસંભાઈ નાગજી. પે. આ. માસ્તર ”
૧ રા. કાળીદાસ શાલીગ્રામ. ”
૧ રા. ત્રીભુવનદાસ શિવરામ. ”
૧ રા. મગનલાલ દેવરામ જાની. પોષ્ટવાળા. ”
૧ રા. શાહ દ્વારકાંદાસ ઇશ્વરદાસ પે. આ. કપલશાઠી.
૧ રા. પ્રાણશંકર ગીરિજાશંકર ભટ્ટ. ભિટીઆ.
૨ મહેરબાન નગીનદાસ ડાહ્યાભાઈ. દવે, મેડીકલ.
ઓફીસર. છોટાઉદેપુર.

ઉમેટા.

૧ રા. રા. સરૂપચંદ છગાભાઇ કાર્યભારી.
૧ રા. રા. ઇશ્વરભાઈ શીવાભાઈ. ચી. કા.
૧ રા. રા. પુંજીલાલ અમેરામ. અવલ કારકુન.
૧ રા. ધીરજરામ હરજીવન કારકુન.
૧ રા. છોટાલાલ લલ્લુભાઇ કારકુન.
૧ રા. હરિવલ્લભ ગુણવંતરાય.
૧ રા. ગોરધન સુરજરામ કારકુન.
૧ રા. મૂળજી ભવાનીશંકર તલાટી.
૧ રા. રાવજી મોહનલાલ મૂળજીભાઈ.

દેહડકા.

૧ રા. રા. લાલભાઈ ઈશ્વરદાસ થ. ક. મેજીસ્ટ્રેટ સાહેબ.
૧ રા. ગોસાંઈ શિવલાલગર થોભણગર.
૧ રા. ગોસાંઈ સુરજગર રામેશ્વરગર.
૧ રા. શાહ જીવાભાઈ ગરબડદાસ.
૧ રા. ચોકસી શેવકલાલ છગનલાલ. ભાદરવા.

ઈટવાડ.

૧ મહેરબાન ઠાકોર સાહેબ.
૧ રા. રા. મગનલાલ ઈશ્વરદાસ કાર્યભારી.

અમદાવાદ.

૨ રા. છોટાલાલ નાથજી ગુજરાત કૉલેજ.
૧ રાવસાહેબ ડાહ્યાભાઈ ઈજતરામ વકીલ.
૧ વૈદ્ય શાસ્ત્રી જટાશંકર લીલાધર.
૧ રા. રા. ચુનીલાલ બાપુજી મોદી.
૧ રા. રા. જેઠાલાલ ભોળાનાથ મજમુદાર. વીશનગર.
૧ રા. ડાહ્યાભાઈ સુરજરામ ભટ્ટ. સાંથળ.
૧ રા. બાબરભાઈ બાવાજી.
૧ રા. જીવાભાઈ દેશાઈભાઈ પટેલ.
૧ રા. હરિવલ્લભ જયશંકર રાવળ. ટ્રે. કૉલેજ

માણસા.

૨ રાવસાહેબ જયશંકરભાઈ નરસિંહરામ.
૨ રા. રા. ફૂલચંદ જીવરાજ વકીલ.
૧ રા. રા. ફતેહચંદ રાયચંદ વકીલ.
૧ રા. રા. હાકમચંદ ઈશ્વરદાસ શાહ.
૧ રા. રા. માધવદાસ ગોપાલદાસ શાહ.
૧ રા. રા. ફુલચંદ જીવરાજ વકીલ.
૧ રા. રા. મનસુખલાલ મૂળચંદ વકીલ.
૧ રા. રા. ઉમેદરામ મયાચંદ શાહ.
૧ રા. રા. વિઠ્ઠલદાસ ગુલાબચંદ શાહ.
૨ રા. રા. પંડિત મોતીલાલજી ગીરધરલાલજી. પ્રતાપગઢ.
૧ રા. રા. ઠક્કર ગાંડાભાઈ લાલજી. ઉમરગામ.
૧ રા. રા. ભૂધરભાઈ હરિદત્ત ઠાકર. તારાપુર.
૧ રા. રા. પુરૂષોત્તમ ગાંડાભાઈ દેશાઈ. સરોડા.

પુસ્તકાદિની જાહેરખબર.

સ્વચ્છતા.

કિમ્મત ત્રણ આના.

લખનાર.

માસ્તર છગનલાલ વિદ્યારામ રાવળ.

શ્રીમંત ગાયકવાડ સરકારને ત્યાં શાળાઓમાં ઇનામ માટે મંજુર થએલું આ પુસ્તક પ્રથમ ચોખવટને નામે પ્રગટ કરેલું હતું. તેની તમામ પ્રત ખપી ગએલી હોવાથી કેળવણી ખાતાના વિદ્વાન અધિકારીઓએ કરેલી ભલામણને અનુસરી, તેમાં ઘટતો ફેરફાર અને સુધારો કરી પ્રથમના કરતાં કિમ્મત ઘટાડી હમણાં બીજી આવૃતિ તૈયાર કરવામાં આવી છે.

આ પુસ્તકને માટે ગુજરાત કૉલેજના પ્રોફેસર કે. એસ. દવે, એમ. એ. એલ. એલ. બી. એ તથા છોટાઉદેપુરના પ્રથમના મેડીકલ ઑફીસર મી. એચ. પી. કામાકાકા એલ. એમ. એન્ડ. એસ., રા. સા. ગણુપતરામ અનુપરામ ત્રવાડી, પ્રિન્સિપાલ સાહેબ ટ્રેનિંગકૉલેજ રાજકોટ, ખાન સાહેબ કે. આર. નાનજીઆણી બી. એ. ડે. એ. ઇન્સ્પેકટર સાહેબ જીલ્લે ખેડા, શેઠ લક્ષ્મીદાસ ખીમજી જસ્ટીસ ઑફ ધી. પીસ, રા. બા. ખુશાલરાય સારાભાઈ ઇત્યાદિ વિદ્વાન ગૃહસ્થોએ તથા બુદ્ધિપ્રકાશ, સુદર્શન, આર્યધર્મપ્રકાશ, ઉદીચ્ય-હિતેચ્છુ વગેરે માસિક અને 'હિતેચ્છુ' વગેરે વર્તમાન પત્રોએ ઉત્તમ અભિપ્રાયો આપેલા છે.

ઋતુવર્ણન.

મુલ્ય ત્રણ આના.

કર્ત્તા. શિવશંકર તુળજાશંકર દવે. બી. એ.

અને

છગનલાલ વિદ્યારામ રાવળ.

"સુદર્શન"—આ લઘુ ગ્રંથના બે કર્તામાંના એક ગ્રાજ્યુએટ સારો અભ્યાસ કરી સારી નોકરી મેળવી તરુણ વએજ સ્વર્ગવાસ કરી ગયા તે માટે હમો દિલગીર છીએ. અને અમારા એ સહાધ્યાયીના શોકજનક પરિણામ માટે આ પ્રસંગે શોક દર્શાવવાની તક લહએ છીએ. શૃંગાર રસને ભૂમિકા કરી એ ઋતુનું વર્ણન જૂદા જૂદા છંદોથી આ ગ્રંથમાં સમાવેલું છે. ચાર ઋતુ રા. શિવશંકરે અને બીજી બે રા. છગનલાલે રચેલ છે. એકંદરે બધી કવિતા સારી કાવ્યપ્રતિભાના અંકુર દર્શાવે છે ને તેમાં રા. શિવશંકરની કવિતા આગળ જતાં બહુ સારી થાત એમ પ્રત્યક્ષ સાક્ષી આપી શકે છે.

(પુસ્તક ૧૨ અંક. ૫)

પંચઈંદ્રિય ચરિત્ર.

સંશોધન કર્ત્તા.

છગનલાલ વિદ્યારામ રાવળ.

મુલ્ય આઠ આના.

બાળબોધ લીપિમાં છાપેલું, હિન્દુસ્તાની ભાષાનું આ પુસ્તક ધાર્મીક જનોએ વાંચી મનન કરવા જેવું છે. એમાં હિન્દુસ્તાનના જૂના ભકત કવિઓએ કરેલી નીતિ, વૈરાગ્ય અને સદ્ધર્મ સંબંધી કવિતાઓ દાખલ કરેલી છે. મોક્ષનો માર્ગ શોધનારા જીજ્ઞાસુ જનોએ અવશ્ય વાંચવાજેવું છે.

બ્લયુ બ્લેક શાહી.

આ શાહીથી લખતાં કલમ બંધાઈ જઇ અટકતી નથી. લખેલ લખાણ હવા, પાણી, ગરમી કે ઠંડીથી બગડતું નથી પણ હમેશને માટે કાયમ રહેછે. આ શાહી ગુણમાં ઇંગ્રેજી શાહી સાથે હરીફાઈ કરેછે તે છતાં કિમ્મતમાં ઘણીજ સસ્તી છે. દશ શેર શાહી થાય એવા આઠ પડીકાંના એક બંડલનો રૂપિઓ એક. પેકીંગ પોષ્ટેજ વધુ.

કાળી શાહી.

આ શાહીનો રંગ પાકો કાળો છે. લખવામાં સરળતા વધારે છે અને બ્લ્યુ બ્લેક શાહીના તમામ ગુણ ધરાવેછે. એટલુંજ નહિ પણ ચોપડામાં નામું લખવાને તથા કોપી લખવાને ઘણી ઉપયોગી છે. દશ શેર શાહી થાય એવાં આઠ પડીકાંનો રૂપિઓ એક. પેકીંગ તથા પોષ્ટેજ વધારે.

લાલ શાહી.

આ લાલશાહીનો રંગ ખુલ્લો લાલ છે જેથી આંકવા તથા લખવાના કામમાં બહુ શોભીતો લાગે છે તથા ગુણમાં ઇંગ્રેજી એવી શાહીઓ સાથે હરીફાઈ કરેછે, તે છતાં તેની કીંમત ઘણીજ સસ્તી છે. આઠ શેર શાહી થાય એવાં આઠ પડીકાંનો રૂપિઓ એક, પેકીંગ તથા પોષ્ટેજ વધારે.

એકજ જાતની શાહીનાં પડીકાં ન લેવાં હોય પણ ઉપરની ત્રણે જાતનાં લેવાં હોય તો તેમ પણ આપવામાં આવશે. દેશાવરવાળાને એક રૂપિઆથી ઓછી કીમ્મતનાં મોકલવામાં આવશે નહિ.

રબર સ્ટેમ્પ.

જૂદી જૂદી જાતના શોભીતા જોઇએ તેવા ઇંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત રબરના શીક્કા બનાવી આપવામાં આવેછે તથા તેને લગતો તમામ સામાન જેવો કે ડેટર, પેન હોલ્ડર, શાહી, પીંછીઓ, પેટીઓ વગેરે અમારી પાસેથી મળશે. એજન્ટો જોઇએ છીએ.

બનાવનાર તથા વેચનાર.

શાહ નારણજી અમરશી.

મુકામ વઢવાણ શેહેર.

આ પુસ્તક મળવાનાં ઠેકાણાં.

અમદાવાદ—ગુજરાત વર્નાક્યુલર સોસૈટીની ઑફીસ.

" યુનાઇટેડ પ્રિન્ટીંગ પ્રેસ.

" શાસ્ત્રી ગોવર્ધનરામ રણછોડજી ત્રિવેદી. રાયપુર વાઘેશ્વરની પોળ.

દાહોદ—રા. ભાઈ પિતાંબર વિદ્યારામ રાવળ, કેમ્પ.

લાછરસ—તાલુકે નાંદોદ. રા. છગનલાલ વિદ્યારામ રાવળ પાસેથી.

લુણાવાડા—મિ. હિરાલાલ વિદ્યારામ રાવળ પાસેથી.

ઠે. નાગરવાડા નજીક. **શ્રીશિક્ષકોએ** સૌ. કૃષ્ણાગૌરી રાવળને લખવું. **પ્રથમથી કિમ્મત નહિં મોકલનાર ગ્રાહકો તરફ વેલ્યુ૦ થી પુસ્તક મોકલવામાં આવશે. શ્રી-ગ્રહાકોનું પોસ્ટેજ માફ. ૧૦ પ્રતે એક નકલ ભેટ.**